***Current Affairs April-2019***
***1 April 2019***

**આરબીઆઈ સ્થાપના દિન**

- રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આર.બી.આઈ.)ની સ્થાપના 1 એપ્રિલ, 1935ના **રોજ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એક્ટ, 1934** અંતર્ગત થઈ હતી.
- આરબીઆઈની સ્થાપનામાં **બાબા સાહેબ આંબેડકરની મુખ્ય ભૂમિકા** હતી.
- તેમણે **હિલ્ટન યંગ કમિશન સમક્ષ બેંક કઈ રીતે કાર્ય કરશે તેની રૂપરેખા રજૂ કરી હતી.**
- શરૂઆતના વર્ષોમાં આરબીઆઈ ખાનગી બેંક તરીકે કાર્યરત હતી. બાદમાં **1 જાન્યુઆરી 1949ના રોજ તેનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હતું.**
- આરબીઆઈ ભારતની મધ્યસ્થ બેંક છે તે દેશની તમામ બેન્કોનું સંચાલન કરે છે.
- આરબીઆઈ **દેશભરમાં કુલ 22 ક્ષેત્રિય કાર્યાલય** ધરાવે છે.
- આરબીઆઈનું **મુખ્યમથક મુબંઈ** ખાતે આવેલ છે, શરૂઆતના સમયમાં **તેનું મુખ્યમથક કોલકત્તા** હતું.
- આરબીઆઈના **પ્રથમ ગવર્નર – સર ઓસ્બ્રોન સ્મિથ** હતા.
- આરબીઆઈના વર્તમાન ગવર્નર શક્તિકાંત દાસ છે. તેઓ **આરબીઆઈના 25માં ગવર્નર** તરીકે 12 ડિસેમ્બર 2018થી આ પદ પર છે.

**અર્થ અવર 2019**

- આ વર્ષે **"અર્થ અવર" 30 માર્ચના રોજ રાત્રે 8-30 થી 9-30 વાગ્યે** મનાવવામાં આવ્યું.
- 'અર્થ અવર'ના અવસરે વિશ્વભરમાં લોકો **એક કલાક માટે બિન જરૂરી ઉપકરણોનો ઉપયોગ બંધ કરી વીજળી બચાવે** છે.
- 'અર્થ અવર'ને **વર્ષ 2007માં વર્લ્ડ વાઈલ્ડ ફંડ્સ ફોર નેચર દ્વારા લોન્ચ કરવામાં** આવ્યું હતું.
- આ અભિયાનનો હેતુ પર્યાવરણ પ્રત્યે જાગરુકતા લાવવા અને જળવાયુ પરીવર્તન પ્રત્યે લોકોનું ધ્યાન આકર્ષિત કરવાનો છે.
- સામાન્યરીતે **અર્થ અવરનું આયોજન માર્ચના અંતિમ શનિવારે** કરવામાં આવે છે.
- આ વર્ષે અર્થ અવરમાં 187 દેશના 7 હજારથી વધુ શહેરો જોડાયા હતા.
- દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન, ઈન્ડિયા ગેટ, અક્ષરધામ મંદિર, મુંબઈમાં ગેટવે ઓફ ઈન્ડિયા, સીએસટી રેલવે સ્ટેશન સહિતની ઈમારતોની લાઈટ બંધ રહી હતી.
- પેરિસનો એફિલ ટાવર, ન્યૂયોર્કની એમ્પાયર સ્ટેટ બિલ્ડીંગ, દુબઈની બુર્જ ખલીફા, એથેન્સમાં એક્રોપોલિસ, ઓસ્ટ્રેલિયાનુ સિડની ઓપેરા હાઉસ તથા હાર્બર બ્રિજ સહિત 24 વૈશ્વિક સ્થળ પણ અર્થ અવરમાં જોડાયા.

**અમર્ત્ય સેન – બોડલે મેડલ 2019**

- નોબલ પુરસ્કાર વિજેતા **અર્થશાસ્ત્રી અમર્ત્ય સેનને પ્રતિષ્ઠિત ઓકસફોર્ડ વિશ્વવિદ્યાલયના બોડલે મેડલ 2019થી સન્માનીત** કરવામાં આવ્યા.
- આ પુરસ્કાર **ઓકસફોર્ડ વિશ્વવિદ્યાલયની બોડલેયન લાઈબ્રેરીઝ દ્વારા આપવામાં આવે છે.**
- અમર્ત્ય સેનને આ પુરસ્કાર ઓકસફોર્ડ વિશ્વવિદ્યાલયના ચાંસેલર ક્રિસ પેટન અને લાઈબ્રેરીયન રિચર્ડ ઓવનડેનના હસ્તે આપવામાં આવ્યો.
- આ પુરસ્કાર સાહિત્ય, સંસ્કૃતિ, વિજ્ઞાન અને સંચાર ક્ષેત્રે યોગદાન બદલ આપવામાં આવે છે.
- પુરસ્કારની શરૂઆત **લાઈબ્રેરીના સંસ્થાપક થોમસ બોડલે દ્વારા વર્ષ 1646માં કરવામાં** આવી હતી.
- **અમર્ત્ય સેનનો જન્મ 3 નવેમ્બર, 1933ના રોજ બંગાળમાં** થયો હતો.
- વર્ષ 1998માં તેમને અર્થશાસ્ત્ર ક્ષેત્રમાં યોગદાન બદલ નોબલ પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- **વર્ષ 1999માં તેમને ભારત રત્નથી** સન્માનીત કરવામાં આવ્યા હતા.

**સુલતાન અઝલાન કપ**

- **દક્ષિણ કોરિયાની હોકી ટીમે સુલ્તાન અઝલાન કપ** જીત્યો.
- તેણે ફાઈનલમાં ભારતને પરાજિત કરી આ ટાઈટલ જીત્યું.
- ભારત અત્યારસુધી કુલ 5 વખત સુલ્તાન અઝલાન કપ જીતી ચૂક્યું છે.
- **સુલ્તાન અઝલાન કપ હોકીની વાર્ષિક ટુર્નામેન્ટ છે.**
- તેનું **આયોજન મલેશિયા ખાતે** કરવામાં આવે છે.
- આ ટુર્નામેન્ટની શરૂઆત **વર્ષ 1983માં દ્વિવર્ષીય ટુર્નામેન્ટ** તરીકે થઈ હતી.
- વર્ષ **1998થી આ ટુર્નામેન્ટનું આયોજન દર વર્ષે** કરવામાં આવે છે.
- આ ટુર્નામેન્ટનું નામ મલેશિયાના નવમા **શાસક સુલ્તાન અઝલાન શાહના નામ પર** રાખવામાં આવ્યું છે.
- આ ટુર્નામેન્ટના સૌથી વધુ ટાઈટલ ઓસ્ટ્રેલીયાના નામે છે તેણે 10 વખત આ ટાઈટલ જીત્યું છે.

1. આરબીઆઈ સ્થાપના દિન ક્યારે મનાવાઈ છે? - 1 એપ્રિલ

Vivekanand Academy Gandhinagar

2. આરબીઆઈ ગુજરાત શાખાનું કાર્યાલય ક્યાં આવેલું છે.
 - અમદાવાદ
3. આરબીઆઈના પ્રથમ ગવર્નરનું નામ જણાવો?
 - સર ઓસ્બ્રોન સ્મિથ
4. આરબીઆઈના વર્તમાન ગવર્નર જણાવો?
 - શક્તિકાંત દાસ
5. સામાન્યરીતે અર્થ અવર્સનું આયોજન ક્યારે કરવામાં આવે છે?
 - માર્ચના અંતિમ શનિવારે
6. અર્થ અવર્સ 2019 ક્યારે થયું? - 30 માર્ચ 8-30 થી 9-30
7. ઓકસફર્ડ વિશ્વવિદ્યાલયના બોડલે મેડલ-2019થી કોને સન્માનિત કરાયા? - અમર્ત્ય સેન
8. સુલ્તાન અઝલાન કપ 2019 વિજેતા જણાવો? - દક્ષિણ કોરિયા
9. સુલ્તાન અઝલાન કપનું આયોજન ક્યા થાય છે? - મલેશિયા

***2 April 2019***

**ઈસરોએ 29 ઉપગ્રહ લોન્ચ કર્યા**

- **ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠન (ઈસરો)એ એક સાથે 29 ઉપગ્રહો લોન્ચ કર્યા.**
- **આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા સ્પેસ સેન્ટર ખાતેથી** PSLV-C45 **રોકેટની મદદથી ભારતના ડિફેન્સ સેટેલાઈટ** EMISAT **સહિત 29 ઉપગ્રહો** લોન્ચ કરવામાં આવ્યા.
- PSLV-C45 રોકેટ દ્વારા **પ્રથમ વખત જુદી જુદી કક્ષામાં કુલ 29 ઉપગ્રહોને મોકલી ઈસરોએ નવો ઈતિહાસ રચ્યો છે.**
- 29 ઉપગ્રહમાં **ભારતના ડિફેન્સ સેટેલાઈટ** EMISAT, **અમેરિકાના 24, લિથુઆનિયાના 2, સ્પેન અને સ્વિત્ઝરલેન્ડના એક-એક ઉપગ્રહનો સમાવેશ** થાય છે.
- આ મિશન દ્વારા **ઈસરોએ પ્રથમ વખત ઈલેકટ્રોનિક ઈન્ટેલિજન્સ સેટેલાઈટને લોન્ચ કર્યો.**
- PSLV-C45 **રોકેટ દ્વારા પ્રથમ વખત 749 કિમી.ની ભ્રમણકક્ષામાં** EMISAT**ને સ્થાપિત** કરવામાં આવ્યો છે.
- ઈસરોનું આ પ્રથમ મિશન હતું જેને 5000 લોકોની ક્ષમતા ધરાવતી ગેલેરીમાં બેસી લોકોએ નિહાળ્યું હતું.
- ઈસરો – **ઈંડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન.**
- ઈસરોની **સ્થાપના વર્ષ 1969**માં કરવામાં આવી હતી.
- સ્થાપક – વિક્રમ સારાભાઈ
- મુખ્યાલય - બેંગ્લોર
- વર્તમાન ડાયરેકટર – કે. સીવાન

**EMISAT**

- EMISAT ભારતનો ડિફેન્સ ઉપગ્રહ છે જેને **ઈસરો તેમજ ડીઆરડીઓ દ્વારા તૈયાર** કરવામાં આવ્યો છે.
- આ ઉપગ્રહ દેશની સુરક્ષા માટે ઘણો મહત્વનો છે, આ ઉપગ્રહ દેશની સીમાઓ પર ઈલેકટ્રોનિકસ કે માનવીય હિલચાલ પર નજર રાખવાનું કાર્ય કરશે.
- EMISATનો અર્થ **ઈલેક્ટ્રોનિકસ ઈન્ટેલિજન્સ સેટેલાઈટ** થાય છે.
- EMISATનું વજન 436 કિમી. છે.

**BOBમાં દેના બેન્ક અને વિજયા બેન્કનું મર્જર**

- કેન્દ્રીય કેબિનેટ દ્વારા મંજૂરી બાદ **બેન્ક ઓફ બરોડામાં દેના બેન્ક અને વિજ્યા બેન્કનું મર્જર 1 એપ્રિલ 2019થી** લાગુ થયું.
- આ સાથે જ **બેન્ક ઓફ બરોડા દેશની ત્રીજા નંબરની સૌથી મોટી બેન્ક બની.**
- ટોચની બે બેન્કોમાં **સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા અને એચડીએફસી બેન્કનો સમાવેશ** થાય છે.
- બેન્ક ઓફ બરોડા, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા બાદ જાહેર ક્ષેત્રની બીજા ક્રમની સૌથી મોટી બેન્ક બની છે.
- HDFC ખાનગી ક્ષેત્રની પ્રથમ ક્રમની બેન્ક છે.
- દેના બેન્ક અને વિજયા બેન્કની તમામ શાખાઓ બેન્ક ઓફ બરોડાની શાખા તરીકે કાર્યરત બની.
- મર્જર બાદ દેના બેન્ક અને વિજયા બેન્કના કર્મચારીઓ બેન્ક ઓફ બરોડાના કર્મચારી તરીકે કાર્યમાં જોડાયા
- મર્જર બાદ **દેશમાં સરકારી બેન્કોની સંખ્યા 18 થઈ.**

| બેંક | સ્થાપના | મુખ્ય મથક |
|---|---|---|
| બેંક ઓફ બરોડા | 1908 | વડોદરા |
| વિજયા બેંક | 1931 | બેંગલોર |
| દેના બેંક | 1938 | મુંબઈ |

**ઝૂઝાના કૈપુતોવા – સ્લોવાકિયાના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ**

- ઝૂઝાના કૈપુતોવાએ સ્લોવાકિયામાં યોજાયેલ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં જીત મેળવી.
- **ઝૂઝાના કૈપુતોવા સ્લોવાકિયાના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બન્યા.**
- સ્લોવાકિયા મધ્ય યુરોપમાં આવેલ દેશ છે, તે બધી જ બાજુથી જમીની સરહદ ધરાવે છે.

**ગુગલની ઈમેલ સર્વિસ GMAILના 15 વર્ષ પૂર્ણ**

- 1 એપ્રિલ, 2004માં શરૂ થયેલ **ગૂગલની મેઈલ સર્વિસ જીમેઈલના 15 વર્ષ** પૂર્ણ થયા.
- જીમેઈલ શરૂઆત સમયે 1 ગિગા બાઈટ સંગ્રહ સુવિધા આપતું હતું, જે હાલમાં 10 ગિગા બાઈટ સંગ્રહ સુવિધા આપે છે.

- જીમેઈલ હાલ 105 ભાષામાં પોતાની સેવા આપે છે.
- જીમેઈલની **શરૂઆતમાં પૌલ બુચીથે મહત્વપૂર્ણ ભૂમિકા** ભજવી હતી.
- એપ્રિલ, **2018ની સ્થિતિએ જીમેઈલ પાસે, 1.4 યુઝર્સ** હતા.

ગુગલ

- અમેરિકાના કેલીફોર્નિયા ખાતે આવેલ ઈન્ટરનેટ સર્ચ એન્જિન, ઈમેલ જેવી સેવા આપતી ઈન્ટરનેશનલ કંપની **ગૂગલની સ્થાપના 4 સપ્ટેમ્બર, 1998**ના રોજ થઈ હતી.
- ગૂગલની સ્થાપના **લેરી પેજ અને સર્જી બ્રિન દ્વારા** કરવામાં આવી હતી.
- ગૂગલ દુનિયાભરમાં ફેલાયેલ ડેટા સેન્ટરમાં 10 લાખથી વધુ સર્વર દ્વારા ચલાવવામાં આવે છે.
- કંપનીની મૂળભૂત સેવા વેબ સર્ચ એન્જિન છે તથા કમ્પ્યુટર સોફ્ટવેર ગૂગલ ક્રોમ. પિકાસા તેમજ ઈન્સ્ટન્ટ મેસેજ માટે ગૂગલ ટોકની સુવિધા પણ આપે છે.

રક્ષા મંત્રાલયનાં PRO તરીકે વિંગ કમાન્ડર પુનિત ચઢ્ઢા

- ગુજરાતના રક્ષા મંત્રાલયના જનસંપર્ક અધિકારી તરીકે વિંગ કમાન્ડર પુનિત ચઢ્ઢાની નિમણૂક કરવામાં આવી.
- તેમની નિમણૂક રક્ષા મંત્રાલય દ્વારા કરવામાં આવી છે.
- તેઓ ભારતીય વાયુ સેનાદળમાં વર્ષ 1995માં ફલાઈંગ પાયલોટ તરીકે જોડાયા હતા.
- તેઓ જમ્મુ કશ્મીરના વતની છે.

મનુ સાહની – આઈસીસીના નવા સીઈઓ

- તાજેતરમાં **મનુ સાહનીની નિમણૂક આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદના મુખ્ય કાર્યકારી અધિકારી (સીઈઓ)** તરીકે કરવામાં આવી.
- તેઓએ ડેવિડ રિચર્ડસનું સ્થાન લીધું.
- અગાઉ તેઓ સિંગાપુર સ્પોર્ટસ હબ અને ઈએસપીએન સ્ટાર સ્પોર્ટસના મેનેજિંગ ડાયરેક્ટર તરીકે રહી ચૂક્યા છે.
- ICC – International Cricket Council
- **આઈસીસીની સ્થાપના વર્ષ 1909માં થઈ હતી.** તેની સ્થાપના ઓસ્ટ્રેલીયા, ઈંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રીકાના પ્રતિનિધિઓ દ્વારા ઇમ્પિરીયલ ક્રિકેટ કોન્ફરન્સ તરીકે કરવામાં આવી હતી.
- બાદમાં વર્ષ 1965માં તેનું નામ ઈન્ટરનેશનલ ક્રિકેટ કોન્ફરન્સ અને વર્ષ **1989માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ)** કરવામાં આવ્યું.
- આઈસીસી વૈશ્વિક ક્રિકેટનું સંચાલન કરે છે. હાલ 105 દેશો આઈસીસીના સભ્યો છે.
- આઈસીસીના **ચેરમેન શશાંક મનોહર** છે.
- મુખ્ય મથક – દુબઈ

બોલીવિયા – આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન

- **બોલીવિયાએ તાજેતરમાં આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન માટેની રૂપરેખા પર કરાર હસ્તાક્ષર કર્યા.**
- બોલીવિયા કરાર પર હસ્તાક્ષર કરનારો અને **આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનનો 73મો સભ્ય દેશ બન્યો.**
- **બોલીવિયાના રાષ્ટ્રપતિ ઈવો મોરેલ્સે** પોતાના ભારત પ્રવાસ દરમ્યાન આ હસ્તાક્ષર કર્યા.

આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન

- આ **ગઠબંધનની શરૂઆત ભારત દ્વારા ભવિષ્યમાં ઉર્જાની જરૂરિયાતો પૂરા કરવાના ઉદ્દેશથી** કરવામાં આવી હતી.
- તેની **શરૂઆત સંયુક્ત રીતે 30 નવેમ્બર, 2015ના રોજ પેરિસમાં યુએન કલાયમેન્ટ કોન્ફરન્સ દરમિયાન ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના તત્કાલિન રાષ્ટ્રપતિ** દ્વારા કરવામાં આવી હતી.
- **આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન વિશ્વનું પ્રથમ આંતરરાષ્ટ્રીય સંગઠન છે જેનું મુખ્યાલય ભારતમાં આવેલ છે.**

1. તાજેતરમાં ઈસરોએ ક્યા રોકેટથી 29 ઉપગ્રહ લોન્ચ કર્યા?
 - PSLV-C45
2. ઈસરોનું પુરૂ નામ જણાવો?
 - ઈંડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન
3. EMISAT નું વજન કેટલું છે? - 436 Kg.
4. દેશમાં કુલ કેટલી સરકારી બેંકો છે? - 18
5. સ્લોવાકિયાના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિનું નામ જણાવો?
 - ઝુઝાના કૈપુતોવા
6. ગુજરાત રક્ષા મંત્રાલયના PRO તરીકે કોની નિમણૂક કરવામાં આવી? - વિંગ કમાન્ડર પુનિત ચઢ્ઢા
4. ICCના નવા CEO જણાવો? - મનુ સાહની
5. EVMનું પુરૂ નામ જણાવો? - Electronic Voting Machines

***3 April 2019***

વિશ્વ ઓટિઝમ જાગરૂકતા દિવસ –02 એપ્રિલ

- **દર વર્ષે 2 એપ્રિલના રોજ આંતરરાષ્ટ્રીય ઓટિઝમ જાગરૂકતા દિવસ મનાવવામાં આવે છે.**
- આ દિવસ સંયુક્ત રાષ્ટ્રના સભ્ય દેશો દ્વારા ઓટિઝમ સ્પેક્સટ્રમ વિશે જાગરૂકતા અને તેના નિદાનને પ્રોત્સાહન આપવાના હેતુથી મનાવવામાં આવે છે.
- **વર્ષ-2019 થીમ –** Assistive technologies, Active

Participation (સહાયક તકનિક, સક્રિય ભાગીદારી)

- ઓટિઝમ એક માનસિક બીમારી છે.

**રાકેશ શર્મા – પ્રથમ ભારતીય અંતરિક્ષ યાત્રી**

- 35 વર્ષ અગાઉ ભારતીય વાયુસેનાના સ્કવોડ્રન લીડર રાકેશ શર્મા અંતરિક્ષ યાત્રા કરનાર પ્રથમ ભારતીય બન્યા હતા.
- તેમનો **જન્મ 13 જાન્યુઆરી 1949ના રોજ પંજાબના પટિયાલા** ખાતે થયો હતો.
- તેઓ **1970માં ભારતીય વાયુસેનામાં પાઈલટ તરીકે જોડાયા** હતા.
- **ઈસરો અને સોવિયત સંઘના ઈન્ટરકોસ્મોસ અવકાશ કાર્યક્રમ-1981માં તેઓ સ્કવોડ્રન લીડર તરીકે પસંદ થયા હતા.**
- તેઓ ભારત તરફથી 3 એપ્રિલ 1984ના રોજ **સોયુઝ ટી-11 અવકાશયાન** દ્વારા અવકાશ પર જનાર પ્રથમ અવકાશ યાત્રી હતા.
- **તેઓએ કઝાકિસ્તાનથી યાત્રાનો પ્રારંભ કર્યો હતો.**
- તેમણે **સેલ્યુટ-7 અંતરિક્ષ ક્ષેત્રમાં 7 દિવસ 21 કલાક** વિતાવ્યા હતા.
- તેમને અવકાશયાત્રા માટે **હીરો ઓફ ધ સોવિયત યુનિયન** સન્માન આપવામાં આવ્યું હતું.
- **ભારત સરકાર દ્વારા તેમને અશોક ચક્રથી** સન્માનીત કરવામાં આવ્યા હતા.

**AUSINDEX 2019**

- **ભારત અને ઓસ્ટ્રેલીયા વચ્ચે સંયુક્ત નૌસેના અભ્યાસની ત્રીજી આવૃત્તિની શરૂઆત** થઈ.
- આ યુધ્ધ **અભ્યાસને AUSINDEX 2019 નામ** આપવામાં આવ્યું છે.
- આ યુધ્ધ **અભ્યાસનું આયોજન વિશાખાપટ્ટનમ ખાતે** થઈ રહ્યું છે.
- આ સંયુક્ત અભ્યાસમાં એન્ટિ-સબમરીન યુધ્ધ પર ફોકસ કરવામાં આવી રહ્યું છે.
- આ અભ્યાસનું આયોજન હિન્દ મહાસાગર ક્ષેત્રમાં દ્વિપક્ષીય નૌસેનાના સહયોગ હેતુથી કરવામાં આવ્યું છે.
- **AUSINDEX 2019**નું આયોજન 2 એપ્રિલથી 16 એપ્રિલ દરમ્યાન કરવામાં આવ્યું છે.
- **AUSINDEX અભ્યાસક્રમનું પ્રથમ આયોજન વિશાખાપટ્ટનમ ખાતે સપ્ટેમ્બર 2015માં થયું હતું.**
- તેનું બીજું આયોજન ઓસ્ટ્રેલીયાના ફ્રીમેંડલ ખાતે જૂન 2017માં થયું હતું.

**ફેક ન્યુઝ માટે વોટ્સએપ દ્વારા ટીપલાઈન**

- દેશમાં ચૂંટણી અગાઉ **ફેક ન્યૂઝના ઉકેલ માટે વોટ્સએપ દ્વારા ચેક પોઈન્ટ ટીપ લાઈન જાહેર** કરાઈ છે.
- તેના દ્વારા લોકો તેમને મળતી માહિતીની સત્યતા ચકાસી શકશે.
- આ સેવા **ભારતના એક સ્ટાર્ટઅપ પ્રોટો દ્વારા શરૂ કરાઈ** છે.
- યુઝર તેમને મળતી ખોટી માહિતી કે અફવાની વિગત વોટ્સએપ નંબર **+9643000888** પર મોકલી શકશે.
- યુઝર દ્વારા મોકલાયેલી માહિતી ખોટી છે કે સાચી તેની સત્યતા ચકાસીને યુઝરને તેની માહિતી આપશે.
- યુઝર દ્વારા મોકલવામાં આવેલ માહિતીને "સત્ય", "અસત્ય", "વિવાદિત" અને "ક્ષેત્રથી બહાર" શ્રેણીમાં ફાળવવામાં આવશે.
- વિડિયો, ફોટો, સંદેશા વગેરે સાચા છે કે ખોટા તે ચકાસી શકાશે.

**ભારત – આઈસીસી ટેસ્ટ ચેમ્પિયન**

- **ભારતીય ટીમે સતત ત્રીજા વર્ષે આઈસીસી દ્વારા ટેસ્ટ ચેમ્પિયનને** અપાતી ગદા પોતાની પાસે રાખી છે.
- ભારતીય **ટીમને ઈનામના રૂપમાં 10 લાખ ડોલર રૂપિયા** પણ મળ્યા છે.
- **ICC દ્વારા આ ગદા તે ટીમને આપવામાં આવે છે જે એપ્રિલની કટઓફ તારીખ સુધી ટેસ્ટ રેન્કિંગમાં પ્રથમ સ્થાને રહે છે.**
- આઈસીસી ટેસ્ટ રેન્કિંગમાં **ભારતીય ટીમ હાલમાં 116 પોઈન્ટ સાથે નંબર વન છે. ન્યૂઝિલેન્ડની ટીમ બીજા સ્થાને છે.**
- ભારતે 1 એપ્રિલ 2018 અને 31 માર્ચ 2019 વચ્ચે ત્રણ દેશો સાથે 11 ટેસ્ટ મેચો રમી છે.

| આઈસીસી ટેસ્ટ રેંકિંગ્સ | | |
|---|---|---|
| **ક્રમ** | **ટીમ** | **રેટિંગ** |
| 1 | ભારત | 116 |
| 2 | ન્યૂઝીલેન્ડ | 108 |
| 3 | દક્ષિણ આફ્રિકા | 105 |
| 4 | ઓસ્ટ્રેલિયા | 104 |
| 5 | ઈંગ્લેંડ | 104 |

1. વિશ્વ ઓટિઝમ જાગરૂકતા દિવસ ક્યારે મનાવાય છે?
 - 2 એપ્રિલ
2. પ્રથમ ભારતીય અંતરિક્ષ યાત્રી જણાવો? - રાકેશ શર્મા
3. AUSTNDEX યુધ્ધ અભ્યાસ ક્યા બે દેશો વચ્ચે યોજાયો હતો?

- ઓસ્ટ્રેલિયા-ઈન્ડિયા

4. ICC ટેસ્ટ ચેમ્પિયન ગદા કોને મળી? - ભારત

5. ભારતીય ટેસ્ટ ટીમના કેપ્ટન જણાવો? - વિરાટ કોહલી

***4 April 2019***

**ભારતને સીહોક હેલિકોપ્ટર માટે મંજૂરી**

- **અમેરિકાએ એમએચ-60 આર રોમિયો સી-હોક હેલિકોપ્ટર ભારતને વેંચવા મંજૂરી** આપી.
- **અમેરિકી ડિફેન્સ કંપની લોકહીટ માર્ટિને આ હેલિકોપ્ટર બનાવ્યા છે.**
- આ હેલિકોપ્ટર દરિયામાં શોધખોળ તથા બચાવકાર્યમાં ઉપોયોગી છે.
- હેલિકોપ્ટરથી દરિયામાં ભારતની યુદ્ધશક્તિ ઘણી મજબૂત થશે.
- આ હેલિકોપ્ટર ભારતીય સુરક્ષાદળોને જમીન પરના તેમજ સબમરીન વિરોધી યુદ્ધ મિશનોને સફળતાથી અંજામ આપવામાં સક્ષમ બનાવશે.
- આ હેલિકોપ્ટર બ્રિટનના સી કિંગ હેલિકોપ્ટર્સનું સ્થાન લેશે.
- આ **હેલિકોપ્ટરનો પ્રથમ ઉપયોગ વર્ષ 2005માં અમેરિકા દ્વારા** કરવામાં આવ્યો હતો.

**સિંગાપોર મેડમ તુસાદ વેકસ મ્યુઝિયમ – કરણ જોહર**

- બોલીવુડના જાણીતા નિર્માતા **કરણ જોહરનું મીણનું પૂતળું સિંગાપોરના મેડમ તુસાદ વેકસ મ્યુઝિયમ ખાતે** મૂકવામાં આવ્યું છે.
- **કરણ જોહરે પોતાના મીણના પૂતળાનું અનાવરણ કર્યું**
- આ ઉપરાંત તે **"અલ્ટિમેટ ફિલ્મ સ્ટાર" એકસાયરિયન્સ ઝોન**ને પણ લોન્ચ કર્યું.
- મેડમ તુસાદ વેકસ મ્યુઝિયમ **વિશ્વની મીણ સંગ્રહાલયની** અગ્રણી ચેન છે.
- મેડમ તુસાદ મ્યુઝિયમ વર્ષ 2017માં **નવી દિલ્હીના કોનોટ પેલેસમાં બનેલું વિશ્વનું 23મું** વેક્સ મ્યુઝિયમ છે.
- **ભારતનું આ પહેલું વેકસ મ્યુઝિયમ છે.**
- તુસાદ મ્યુઝિયમમાં મહાત્મા ગાંધી, અમિતાભ બચ્ચન, સચિન તેંડુલકર અને શાહરૂખખાન જેવા પર સેલિબ્રિટીઝની મીણની મૂર્તિઓ છે.

**વિશ્વનું પ્રથમ 5જી રાષ્ટ્રીય નેટવર્ક –દક્ષિણ કોરીયા**

- **દક્ષિણ કોરીયાએ વિશ્વનું પ્રથમ રાષ્ટ્રીય 5જી નેટવર્ક લોન્ચ કર્યું.**
- 5જી નેટવર્કની સ્પીડ 4G નેટવર્ક કરતાં 20 ગણી વધારે છે.
- **5G વાયરલેસ સંચાર ટેકનોલોજી થર્ડ જનરેશ પાર્ટનરશીપ પ્રોજેકટ પર આધારીત છે.**
- તે **4G LTE** બાદની મોબાઈલ નેટવર્ક ટેકનોલોજી છે.
- વિશ્વમાં પ્રથમ 5જી સ્માર્ટફોન સેમસંગ દ્વારા લોન્ચ કરવામાં આવ્યો છે.
- ચીનનું શાંઘાઈ શહેર વિશ્વનું પ્રથમ 5જી નેટવર્ક ધરાવતુ શહેર છે.
- **દક્ષિણ કોરીયાની રાજધાની સિઓલ છે.**

**દિવ્યા દેશમુખ - ચેસ**

- ભારતની 13 વર્ષની **દિવ્યા દેશમુખ અન્ડર-14 કેટેગરીમાં દુનિયાની નંબર-1 ચેસ ખેલાડી** બની.
- **કોનેરુ હમ્પી પછી આ સિદ્ધિ મેળવનારી તે બીજી ખેલાડી ભારતીય છે.**
- **દિવ્યાનું ઈએલઓ રેટિંગ 2432 છે.**
- તે આ રેટિંગ સાથે જુનિયર કેટેગરી (અન્ડર-20)માં પાંચમાં નંબરે છે.
- **તે ટોપ-10માં સામેલ એક માત્ર ભારતીય છે.**
- તે ઈએલઓ રેટિંગમાં ભારતીય મહિલા ખેલાડીઓમાં ત્રીજા નંબરે છે.
- 31 વર્ષની હમ્પી 2549 રેટિંગ સાથે પહેલા અને 28 વર્ષની હરિકા દ્રોણાવલી 2492 રેટિંગ સાથે બીજા ક્રમે છે.

**આર્મ્ડ ફોર્સિઝ સ્પેશિયલ પાવર્સ એકટ – અરૂણાચલ પ્રદેશ**

- **અરૂણાચલ પ્રદેશના ત્રણ જિલ્લામાંથી AFSPA કાયદો હટાવવામાં આવ્યો.**
- **આ સાથે જ સમગ્ર અરૂણાચલ પ્રદેશમાંથી આ કાયદો આંશિક રીતે હટાવવામાં આવ્યો.**
- **વર્ષ 1987માં અરુણાચલ પ્રદેશની રચના સાથે જ આ કાયદો રાજ્યમા લાગુ** કરવામાં આવ્યો હતો.
- હાલ **દેશના 5 રાજ્યોમાં આ કાયદો લાગુ છે**, જેમાં આસામ, નાગાલેંડ, મણિપુર, મેઘાલય અને જમ્મુ કશ્મીરનો સમાવેશ થાય છે.

**AFSPA – આર્મ્ડ ફોર્સિઝ સ્પેશિયલ પાવર્સ એકટ**

- આ કાયદો **ભારતીય સુરક્ષા દળોને ડિસ્ટર્બ એરિયામાં વિશેષ અધિકારો** આપે છે.
- આ કાયદો **ભારતીય સંસદ દ્વારા 1 સપ્ટેમ્બર 1958ના** રોજ પસાર કરવામાં આવ્યો હતો.
- ભારતમાં સૌ પ્રથમ વખત **આફસ્પાનો ઉપયોગ આસામના નાગા હિલ્સ ક્ષેત્રમાં** લાગુ થયો હતો.
- ત્યારબાદ આ કાયદો પૂર્વોત્તરના સેવન સિસ્ટર્સમાં લાગુ કરવામાં આવ્યો હતો.

- વર્ષ 1990માં **જમ્મુ કશ્મીર માટે ખાસ આર્મ્ડ ફોર્સિઝ જમ્મુ કશ્મીર સ્પેશિયલ પાવર્સ એક્ટ** ઘડવામાં આવ્યો હતો અને લાગુ કરવામાં આવ્યો હતો.
- કાયદા અંતર્ગત સુરક્ષા દળોને કોઈપણ જગ્યાની તપાસ અને વોરંટ વગર કોઈની ધરપકડ કરવાની સત્તા મળે છે.
- સુરક્ષાદળ શંકાના આધારે કોઈપણ વાહનની તપાસ કે તેને જપ્ત કરી શકે છે.
- કાયદો વ્યવસ્થાનો ભંગ કરનાર વ્યક્તિ પર સુરક્ષાદળો ચેતવણી બાદ ગોળી ચલાવી શકે છે.

**અરૂણાચલ પ્રદેશ**

- **અરૂણાચલ પ્રદેશની સ્થાપના 20 ફેબ્રુઆરી 1987ના રોજ** થઈ હતી.
- અરૂણાચલ પ્રદેશ **દેશનું 24મું રાજ્ય છે.**
- તે **વિસ્તારની દ્રષ્ટિએ દેશનું 15મું રાજ્ય** છે, જ્યારે **વસ્તીની દ્રષ્ટિએ દેશનું 27મું રાજ્ય** છે.
- અરૂણાચલ પ્રદેશના **રાજ્યપાલ બ્રિગેડીયર બી.ડી. મિશ્રા** છે.
- અરૂણાચલ પ્રદેશના **મુખ્યમંત્રી પેમા ખાંડુ** છે.

**સિંધુ નદી પર સૌથી લાંબો સસ્પેંશન પુલ – ભારતીય સેના દ્વારા**

- તાજેતરમાં **ભારતીય સેનાએ જમ્મુ કશ્મીરના લેહમાં સિંધુ નદી પર સૌથી લાંબો સસ્પેંશન પુલ બનાવ્યો.**
- તેનું નિર્માણ કાર્ય સેના દ્વારા માત્ર 40 દિવસમાં પૂર્ણ કરવામાં આવ્યું.
- પુલનું **નિર્માણ કાર્ય "ફાયર એન્ડ ફ્યુરી કોર્પ્સ" અને " સાહસ અને યોગ્યતા" રેજિમેન્ટના કોમ્બેટ ઈજનેરો દ્વારા** કરવામાં આવ્યું છે.
- પુલનું નામ **મૈત્રી બ્રિજ** રાખવામાં આવ્યું છે. **જેની લંબાઈ 260 ફૂટ** છે.

1. ભારત સીહોક હેલિકોપ્ટર ક્યા દેશ પાસેથી ખરીદશે? - અમેરિકા

2. ભારતનું પ્રથમ વેક્સ મ્યુઝિયમ જણાવો?- મેડમ તુષાદ મ્યુઝિયમ

3. ક્યા દેશે વિશ્વનું પ્રથમ રાષ્ટ્રીય 5G નેટવર્ક લોન્ચ કર્યું?
 - દક્ષિણ કોરિયા

4. દક્ષિણ કોરિયાની રાજધાની જણાવો? - સિઓલ

5. દિવ્યા દેશમુખનું કાર્યક્ષેત્ર જણાવો? - ચેસ

6. AFSPAનુ પુરૂ નામ જણાવો?
 - આર્મ્ડ ફોર્સિસ સ્પેશિયલ પાવર્સ એક્ટ

7. હાલભારતના કેટલા રાજ્યમાં AFSPA લાગુ છે? - 5 (પાંચ)

8. તાજેતરમાં બનેલ સૌથી લાંબો સસ્પેશન પુલ 'મૈત્ર બ્રિજ' કઈ નદી પર બનાવવામાં આવેલ છે? - સિંધુ

***5 April 2019***

**નેશનલ મેરીટાઈમ ડે**

- દર વર્ષે **5 એપ્રિલના રોજ ભારતભરમાં નેશનલ મેરીટાઈમ દિવસ**ની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસની **પ્રથમ ઉજવણી વર્ષ 1964માં** કરવામાં આવી હતી.
- વર્ષ **1919માં એસ.એસ.લોયલ્ટી જહાજે પ્રથમ વખત મુંબઈથી યુનાઈટેડ કિંગડમ** દરિયાઈ સફર કરી હતી.
- આ **જહાજ સિંધિયા સ્ટીમ નેવીગેશન કંપનીનું** હતું.
- વર્ષ 2019 થીમ – **"Indian Ocean – An Ocean of Opportunity"**

**ઝાયૈદ મેડલ – નરેન્દ્ર મોદી**

- પ્રધાનમંત્રીશ્રી **નરેન્દ્ર મોદીને સંયુક્ત અરબ અમીરાતના ઝાયૈદ મેડલ**થી સન્માનીત કરવામાં આવશે.
- તાજેતરમાં **સંયુક્ત અરબ અમીરાતના ક્રાઉન પ્રિંસ મોહમ્મદ બિન ઝાયૈદ અલ નાહયાન દ્વારા** આ જાહેરાત કરવામાં આવી હતી.
- આ સન્માન તેમને ભારત અને સંયુક્ત અરબ અમીરાતના **સંબંધો મજબૂત કરવાના યોગદાન બદલ** આપવામાં આવશે.
- **ઝાયૈદ મેડલ સંયુક્ત અરબ અમીરાત દ્વારા રાજાઓ, રાષ્ટ્રપતિઓ અને રાષ્ટ્રપ્રમુખો (વડાપ્રધાન)ને આપવામાં આવતું સર્વોચ્ચ સન્માન છે.**
- અગાઉ આ સન્માન રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદીમિર પુતીન, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ, મહારાણી એલિઝાબેથ દ્વિતીય પ્રદાન કરવામાં આવી ચૂક્યું છે.

**ભારતીય રિઝર્વ બેન્ક - રેપોરેટ**

- ભારતીય રિઝર્વ બેન્કની **નાણાંનીતિ સમિતિએ રેપો રેટમાં ઘટાડો કર્યો.**
- **આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસની અધ્યક્ષતામાં 6 સભ્યોની સમિતિએ રેપોરેટને 6% રાખવાનું નક્કી કર્યું.** જે અગાઉ 6.25% હતો.

રેપોરેટ

- **દેશની અન્ય વેપારી બેન્કોને ટૂંકા ગાળા માટે નાણાંની જરૂર પડે છે ત્યારે તેઓ આરબીઆઈ પાસેથી નાણું લે છે. જે દર પર આરબીઆઈ વેપારી બેન્કોને નાણું આપે છે તેને રેપોરેટ કહે છે.**

- Repo rate એટલે Repurchase Rate
- **ફુગાવાના સમયે સામાન્ય રીતે આરબીઆઈ રેપોરેટમાં વધારો કરે છે, જ્યારે મંદીના સમયે આરબીઆઈ રેપોરેટમાં ઘટાડો કરે છે.**

રિવર્સ રેપોરેટ

- **જ્યારે આરબીઆઈને ટૂંકાગાળા માટે નાણાંની જરૂર પડે છે ત્યારે તે વેપારી બેન્કો પાસેથી નાણું લે છે જે દર પર આરબીઆઈ વેપારી બેન્કો પાસેથી નાણું લે છે તેને રિવર્સ રેપોરેટ કહે છે.**

'સ્ટેટ ઓફ ગ્લોબલ એર 2019'

- તાજેતરમાં **અમેરિકાની બે સંસ્થા હેલ્થ ઈફેકટસ ઈન્સ્ટીટયુટ ફોર હેલ્થ મેટ્રીકસ એન્ડ ઈવેલ્યુએશન દ્વારા** વૈશ્વિક વાયુ ગુણવત્તા પર **'સ્ટેટ ઓફ ગ્લોબલ એર 2019'** રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો.
- રિપોર્ટ અનુસાર વર્ષ 2017 દરમિયાન હાર્ટ એટેક, ફેફસાનું કેન્સર, ડાયાબિટીસ જેવા રોગોના કારણે 50 લાખ લોકોના મૃત્યું થયાં, તેમાંથી 30 લાખ લોકોનાં મૃત્યુ સીધી રીતે પીએમ 2.5 કણોના કારણે થયા હતાં.
- રિપોર્ટ અનુસાર વિશ્વમાં પ્રદૂષણને લીધે થતાં **મૃત્યુનો 50% દર માત્ર ભારત અને ચીનમાં છે.**
- આ રિપોર્ટ પ્રમાણે **ભારતમાં દર વર્ષે થનારા મૃત્યુનું સૌથી મોટું કારણ પ્રદૂષણ છે.**
- આ રિપોર્ટમાં દક્ષિણ એશિયા (ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને નેપાળ)ને સૌથી પ્રદૂષિત દેશો ગણાવ્યા છે.
- **ભૂટાનમાં દક્ષિણ એશિયામાં સૌથી ઓછું પ્રદૂષણ** થાય છે.

1. નેશનલ મેરીટાઈમ ડે ક્યારે ઉજવાય છે? - 5 એપ્રિલ
2. નરેન્દ્ર મોદીને અરબ અમીરાતના ક્યા મેડલથી સન્માનીત કરવામાં આવ્યા? - ઝાયેદ મેડલ
3. હાલમાં RBIમાં કેટલો રેપોરેટ છે? - 6%
4. RBI ટુંકાગાળા માટે વેપારી બેન્કો પાસેથી નાણું લે છે તેને શું કહે છે? - રિવર્સ રેપોરેટ
5. સ્ટેટ ઓફ ગ્લોબલ એર 2019 રીપોર્ટ અનુસાર ક્યા દેશમાં સૌથી ઓછુ પ્રદુષણ થાય છે? - ભૂટાન

***6 April 2019***

ભારતીય નાટ્યવિદ્યાના ભીષ્મપિતામહ: ચં.ચી. મહેતા

- ચં.ચી. મહેતા સીસીના હુલામણા નામથી જાણીતા ચંદ્રવદન મહેતાની આજે 118મી જન્મજયંતી.
- **ચંદ્રવદનનો જન્મ વર્ષ 1901માં સુરત** ખાતે થયો હતો.
- તેઓએ **આકાશવાણી રેડિયોમાં** ફરજ બજાવી હતી.
- તેમના નાટક "આગગાડી" માટે તેમને વર્ષ 1936માં રણજીતરામ ચંદ્રકથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- ભારત સરકાર દ્વારા તેમને વર્ષ **1962માં પદ્મશ્રી પુરસ્કાર એનાયત** કરવામાં આવ્યો હતો.
- ધરા ગુર્જરી, મેના પોપટ તેમના પ્રસિધ્ધ નાટકો છે.

દ્વિતિય વિશ્વ યુધ્ધ દરમ્યાન અમેરિકાએ ઉપયોગ કરેલ એરક્રાફટના અવશેષો

- તાજેતરમાં **ભારતીય સેનાને દ્વિતિય વિશ્વ યુધ્ધ દરમ્યાન અમેરિકાની વાયુસેનાએ ઉપયોગ કરેલ એરક્રાફટના અવશેષો મળ્યા.**
- **અરુણાચલ પ્રદેશના રોઈંગ જિલ્લામાંથી** ભારતીય સેનાની 12 સદસ્યવાળી પેટ્રોલીંગ ટીમને આ અવશેષો મળ્યા.
- દ્વિતીય વિશ્વ યુધ્ધ શરૂ થતાં વિશ્વ બે જુથમાં વહેચાઈ ગયું હતું એક તરફ **ઈંગ્લેન્ડ અને ફ્રાંસની આગેવાનીવાળું "મિત્ર રાષ્ટ્રો"નું જુથ** અને બીજી તરફ **જર્મની, ઈટાલી અને જાપાન જેવા "ધરી રાષ્ટ્રો"નું** જુથ હતું.
- જાપાને હવાઈ ટાપુઓમા પર્લહાર્બર ખાતે અમેરિકન નૌકાદળ પર આક્રમણ કર્યું હતું.
- પરિણામે **અમેરિકાએ મિત્રરાષ્ટ્રો સાથે મળી જાપાનના હિરોશીમા અને નાગાસાકી પર અણુબોમ્બથી હુમલો કર્યો હતો.**
- અંતે જાપાને 11 ઓગસ્ટ 1945ના રોજ શરણાગતિ સ્વીકારી અને દ્વિતીય વિશ્વયુધ્ધનો અંત આવ્યો.
- પ્રથમ વિશ્વ યુધ્ધ-1914 થી 1918

વિપિન આનંદ - એલઆઈસી

- તાજેતરમાં **વિપિન આનંદને એલઆઈસીના મેનેજિંગ ડાયરેકટર** તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.
- અગાઉ તેઓ **એલઆઈસીના પશ્ચિમ ઝોન ડાયરેકટર** તરીકે ફરજ બજાવતા હતા.
- બાંગલાદેશ અને સિંગાપોર ખાતે એલઆઈસીની સ્થાપનામાં તેમની મહત્વપૂર્ણ ભૂમિકા છે.
- **ઓરિએન્ટલ લાઈફ કંપનીની સ્થાપના કોલકત્તા ખાતે બિપિન દાસગુપ્તા અને અન્ય લોકો દ્વારા 1818માં** કરવામાં આવી હતી.
- ઓરિએન્ટલ લાઈફ કંપની **ભારતની પ્રથમ વીમા કંપની** હતી.
- ભારતીય સંસદ દ્વારા **19 જૂન 1956ના રોજ "ભારતીય જીવન વીમા બિલ"** પસાર કરવામાં આવ્યું હતું.
- જેના હેઠળ, **ભારતનું જીવન વીમા કોર્પોરેશન 01 સપ્ટેમ્બર,**

**1956માં અસ્તિત્વમાં** આવ્યું.

- બોમ્બે મ્યુચ્યુલ લાઈફ એશ્યુરન્સ સોસાયટી દ્વારા **1870માં દેશનો પ્રથમ વીમા પ્રદાતા** હતો.
- ભારતીય જીવન વીમા નીગમ **મુખ્ય મથક : મુંબઈ**
- LICના ચેરમેન – એમ.આર. કુમાર

**ફિફા રેન્કિંગ**

- ફિફા દ્વારા તાજેતરમાં રેન્કિંગ જાહેર કરવામાં આવ્યા.
- આ રેન્કિંગ ટીમના પ્રદર્શનને ધ્યાનમાં રાખીને જાહેર કરવામાં આવ્યા છે.
- ફિફા રેન્કિંગમાં **બેલ્જિયમ ટીમ પ્રથમ સ્થાને છે. વર્લ્ડ ચેમ્પિયન ફ્રાન્સ બીજા અને બ્રાઝિલ 3જા ક્રમે** છે.
- આ રેન્કિંગમાં ભારતને બે ક્રમનો ફાયદો થયો છે. **ભારતીય ટીમ 1219 પોઈન્ટ સાથે 101માં ક્રમે આવી ગઈ છે, ભારતીય ટીમ એશિયાના રેન્કિંગમાં 18માં ક્રમે છે.**
- એશિયાની પ્રથમ ક્રમની ટીમ ઈરાન વર્લ્ડ રેન્કિંગમાં 21માં ક્રમે છે.
- ફિફા વિશ્વભરની આંતરરાષ્ટ્રીય ફૂટબોલ સ્પર્ધાનું આયોજન કરે છે.
- ફિફાની સ્થાપના વર્ષ 1904માં થઈ હતી. તેનું મુખ્યાલય સ્વિટ્ઝરલેન્ડના જ્યુરિક ખાતે આવેલ છે.

**લોરી લાઈટફૂટ - શિકાગો**

- લોરી લાઈટફુટ અમેરિકાના શિકાગો શહેરના મેયર બન્યાં છે.
- તેઓ શિકાગોના પ્રથમ અશ્વેતઅમેરિકી મહિલા મેયર છે.
- તેઓ **શિકાગોના બીજા મહિલા મેયર** છે, અગાઉ વર્ષ 1983માં જેન બાયર્ને શિકાગોના પ્રથમ મેયર બન્યા હતા.
- તેઓ અમેરિકાના ઈતિહાસમાં પ્રથમ LGBTQ મેયર છે.

1. ભારતીય નાટ્યવિદ્યાલયના ભિષ્મપિતામહ તરીકે કોણ ઓળખાય છે? - ચં.ચી. મહેતા

2. ચંદ્રવદનનો જન્મ ક્યાં થયો હતો?. - સુરત

3. ચંદ્રવદનની કૃતિ 'આગગાડી' નો સાહિત્ય પ્રકાર જણાવો? - નાટક

4. દ્વિતીય વિશ્વયુધ્ધ ક્યારે થયું હતું? - 1939 થી 1945

5. LICના મેનેજિંગ ડાયરેક્ટર તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી? - વિપિન આનંદ

6. ફિફા રેન્કિંગમાં પ્રથમ સ્થાને કઈ ટીમ રહી છે? - બેલ્જિયમ

***7 April 2019***

**વિશ્વ સ્વાસ્થ્ય દિવસ**

- દર વર્ષે **7 એપ્રિલના રોજ વિશ્વભરમાં વિશ્વ સ્વાસ્થ્ય દિવસની** ઉજવણી કરવામાં આવે છે.
- વિશ્વભરના **લોકોને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત કરવામાં અને વિવિધ દેશોની સરકારોને સ્વાસ્થ્ય સંબંધી નીતિઓ ઘડવાનું પ્રોત્સાહન આપવાના** હેતુથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- વિશ્વ **સ્વાસ્થ્ય** સંગઠન વિશ્વના દેશોની સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ પર સહયોગ કરતી સંસ્થા છે.
- વિશ્વભરની સ્વાસ્થ્ય સમસ્યાઓ પર **દુનિયાભરના દેશોના સહયોગથી 7 એપ્રિલ 1948ના રોજ સંયુક્ત રાષ્ટ્રની સ્વાસ્થ્ય એજન્સી વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન) ની** સ્થાપના થઈ હતી.
- વર્ષ 1948માં વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનની પ્રથમ વર્લ્ડ સંગઠનની પ્રથમ હેલ્થ એસેમ્બલીમાં દર વર્ષે 7 એપ્રિલના રોજ આ વિશ્વ આરોગ્ય દિન ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.
- **પ્રથમ વિશ્વ સ્વાસ્થ્ય દિવસની ઉજવણી વર્ષ 1950માં કરવામાં** આવી હતી.
- વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના **વર્તમાન ડાયરેક્ટર જનરલ "ડો. ટોડોરસ અદામમ"**
- વર્ષ 2019 થીમ – Universal Health Coverage : everyone, everywhere ("વૈશ્વિક આરોગ્ય કવરેજ : બધા માટે, બધી જગ્યાએ")
- વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનનું **મુખ્યાલય સ્વિટ્ઝર્લેન્ડના જીનીવા** ખાતે આવેલ છે.

**પ્રફુલ્લ પટેલ - ફીફાના પ્રથમ ભારતીય સભ્ય**

- **ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશનના પ્રમુખ પ્રફુલ્લ પટેલ ફીફાના પ્રથમ ભારતીય સભ્ય બન્યા.**
- ફીફાની **29મી કોન્ફરન્સ દરમ્યાન થયેલ ચૂંટણીમાં પ્રફુલ્લ પટેલે 46**માંથી 38 મત મેળવ્યા.
- તેઓ વર્ષ 2023 સુધી આ પદ પર રહેશે.
- પ્રફુલ્લ પટેલનો **જન્મ કલકત્તા** ખાતે થયો છે.
- તેઓ **મહારાષ્ટ્ર રાજ્ય તરફથી રાજ્યસભાના સભ્ય છે.**
- ફિફા વિશ્વભરની આંતરરાષ્ટ્રીય ફૂટબોલ સ્પર્ધાનું આયોજન કરે છે.
- **ફિફાની સ્થાપના વર્ષ 1904માં** થઈ હતી. તેનું **મુખ્યાલય સ્વિટ્ઝરલેન્ડના જ્યુરિક ખાતે** આવેલ છે.

**ડેવિડ માલ્પાસ – વિશ્વ બેન્ક**

- **વિશ્વ બેન્કના અધ્યક્ષ તરીકે અમેરિકાના નાણાં મંત્રાલયના ડેવિડ માલ્પાસની નિમણૂક** કરવામાં આવી.
- વિશ્વ બેન્કના કાર્યકારી બોર્ડ દ્વારા તેમની પસંદગી કરવામાં

આવી.

- તેઓ **વિશ્વ બેન્કના 13માં અધ્યક્ષ** તરીકે પાંચ વર્ષ સુધી આ પદ પર રહેશે.
- **તેઓએ જિમ યોંગ કીમનું સ્થાન** લીધું.
- **વિશ્વ બેન્કનું મુખ્યાલય વોશિંગ્ટન ડીસી** ખાતે આવેલ છે.
- **તેની સ્થાપના વર્ષ 1945**માં થઈ હતી.
- વિશ્વ બેન્કનો ઉદ્દેશ દુનિયાભરના વિવિધ દેશોની અર્થવ્યવસ્થાને એક વૈશ્વિક અર્થવ્યવસ્થામાં સામેલ કરવાનો છે.
- **હાલ 189 દેશો વિશ્વ બેન્કના સભ્ય દેશો** છે.
- **ભારતે વિશ્વ બેન્ક પાસેથી વર્ષ 1948માં પ્રથમ વખત નાણાંકીય મદદ** લીધી હતી.
- **1947માં વિશ્વ બેન્કે લોન આપવાનું શરૂ કર્યું** હતું. **પહેલી લોન ફ્રાંસને અપાઈ** હતી.

**ચેન્નઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશન**

- ચેન્નઈ રેલવે સ્ટેશનનું નામ બદલીને "**ડો. એમ.જી. રામચંદ્રન ચેન્નઈ રેલવે સ્ટેશન**" કરવામાં આવ્યું.
- તાજેતરમાં ગૃહ મંત્રાલય દ્વારા ચેન્નાઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશનનું નામ બદલવાની મંજૂરી આપવામાં આવી.
- **ડો. એમ.જી. રામચંદ્રન તામિલનાડુના પૂર્વ મુખ્યમંત્રી હતા.**
- તેઓએ ઓલ ઈન્ડિયા અન્ના દ્રવિદ મુનેત્ર કડગમ **(AIADMK) પક્ષની સ્થાપના** કરી હતી.
- વર્ષ 1988માં તેમને ભારત રત્નથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- **ચેન્નઈ તામિલનાડુ રાજ્યની રાજધાની છે.**

1. વિશ્વ સ્વાસ્થ્ય દિવસ ક્યારે મનાવાય છે?
 - 7 એપ્રિલ
2. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનનું મુખ્યાલય ક્યાં આવેલું છે?
 - સ્વિટ્ઝરલેન્ડના જીનીવા
3. તાજેતરમાં ફિફામાં પ્રથમ ભારતીય સભ્ય કોણ બન્યું?
 - પ્રફુલ પટેલ
4. વિશ્વ બેન્કના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે?
 - ડેવિડ માલ્પાસ
5. વિશ્વ બેન્કનું મુખ્યાલય ક્યાં આવેલું છે?
 - વોશિંગ્ટન ડીસી
6. ચેન્નાઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશનનું નામ જણાવો?
 - ડો. એમ.જી.રામચંદ્રન ચેન્નઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશન

***8 April 2019***

**રાષ્ટ્રીય સન્માન પ્રમાણપત્ર તથા મહર્ષિ બદ્રાયણ વ્યાસ પુરસ્કાર**

- તાજેતરમાં **ઉપરાષ્ટ્રપતિ શ્રી વેંકૈયા નાયડુએ નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ સન્માન પ્રમાણપત્ર તથા મહર્ષિ બદ્રાયણ વ્યાસ પુરસ્કાર એનાયત** કર્યા.
- આ બંને **પુરસ્કાર ભારત સરકારના કેન્દ્રિય માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા એનાયત** કરવામાં આવે છે.

**રાષ્ટ્રપતિ સન્માન પ્રમાણપત્ર**

- રાષ્ટ્રપતિ સન્માન પ્રમાણપત્રની શરૂઆત વર્ષ 1985માં થઈ હતી.
- શરૂઆતમાં આ સન્માન સંસ્કૃત, અરબી તથા ફારસી ભાષાના વિદ્વાનોને આપવામાં આવતા હતા.
- હાલ સન્માન શાસ્ત્રીય ઓડિશા, શાસ્ત્રીય કન્નડ, શાસ્ત્રીય તેલુગુ તથા શાસ્ત્રીય મલયાલમ ભાષામાં આપવામાં આવે છે.
- આ સન્માન ઉપરોક્ત ભાષાઓમાં યોગદાન બદલ **60 વર્ષથી વધુ ઉંમરના વિદ્વાનોને** આપવામાં આવે છે.

**મહર્ષિ બદ્રાયણ વ્યાસ પુરસ્કાર**

- મહર્ષિ બદ્રાયણ પુરસ્કાર સંસ્કૃત, ફારસી, અરબી, પાલી, પ્રાકૃત, શાસ્ત્રીય ઓડિશા, , શાસ્ત્રીય કન્નડ, શાસ્ત્રીય તેલુગુ તથા શાસ્ત્રીય મલયાલમ ભાષામાં વિદ્વાનોને આપવામાં આવે છે.
- આ પુરસ્કારની **શરૂઆત વર્ષ 2002**માં થઈ હતી.
- આ પુરસ્કાર 30 થી 45 વર્ષના યુવા વિદ્વાનોને આપવામાં આવે છે.

**વિક્રમ કિર્લોસ્કર – CII અધ્યક્ષ**

- તાજેતરમાં **વિક્રમ કિર્લોસ્કરને ભારતીય ઉદ્યોગ મહાસંઘના અધ્યક્ષ** તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.
- તેઓ હાલ કિર્લોસ્કર સિસ્ટમ્સ લિમિટેડના ચેરમેન અને ટોયોટા કિર્લોસ્કર મોટરના વાઈસ ચેરમેન તરીકે ફરજ બજાવે છે.
- તેઓ **ભારતી મિતલનું સ્થાન** લીધું.
- ભારતીય ઉદ્યોગ મહાસંઘ **(CONFEDERATION OF INDIAN INDUSTRY)**
- ભારતીય ઉદ્યોગ **મહાસંઘની સ્થાપના વર્ષ 1895માં** થઈ હતી. તે એક ગેર સરકારી સંગઠન છે.
- હાલ વિશ્વભરમાં તેના 65 કાર્યાલય છે.

**ESPN ઈન્ડિયા મલ્ટી – સ્પોર્ટ એવોર્ડ 2018**

- તાજેતરમાં **ESPN ઈન્ડિયા મલ્ટી સ્પોર્ટ એવોર્ડ 2018** એનાયત કરવામાં આવ્યા.
- આ **એવોર્ડ કુલ 11 શ્રેણીમાં** આપવામાં આવ્યા છે.

- ભાલાફેંકના ખેલાડી **નીરજ ચોપડાને સ્પોર્ટપર્સન ઓફ ધ યર (પુરુષ) એવોર્ડથી** સન્માનીત કરવામાં આવ્યા.
- મહિલા બેડમિન્ટન **ખેલાડી પી.વી. સિંધુને સ્પોર્ટસપર્સન ઓફ ધ યર (મહિલા) એવોર્ડથી** સન્માનીત કરવામાં આવ્યા.

| શ્રેણી | વિજેતા | રમત |
|---|---|---|
| કમબેક ઓફ ધ યર | સાઈના નેહવાલ | બેડમિન્ટન |
| કોચ ઓફ ધ યર | જસપાલ રાણા | શુટિંગ |
| ઈમેજિંગ સ્પોર્ટસ પર્સન ઓફ ધ યર | સૌરભ ચૌધરી | શુટિંગ |
| ટિમ ઓફ ધ યર | મહિલા ટિમ | ટેબલ ટેનિશ |
| મેચ ઓફ ધ યર | અમિત પંઘલ અને હસનબોય ડુસ્માટોવ | બોકસિંગ |
| દિવ્યાંગ એથલીટ ઓફ ધ યર | એકતા ભ્યાન | પેરે એથ્લેટિક્સ |
| મોમેન્ટ ઓફ ધ યર | મહિલા 4 X 400M | રિલે |
| લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ | પ્રદિપકુમાર બેનર્જી | ફૂટબોલ |

**લક્ષ્મી વિલાસ બેન્ક અને ઈન્ડિયાબૂલ્સ હાઉસિંગ ફાઈનાન્સ**

- તાજેતરમાં **લક્ષ્મી વિલાસ બેન્ક અને ઈન્ડિયાબૂલ્સ હાઉસિંગ ફાઈનાન્સના મર્જરને મંજૂરી** આપવામાં આવી.
- વર્ષ 2014માં આ મર્જરની ઘોષણા કરવામાં આવી હતી જેને ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા નામંજૂર કરવામાં આવી હતી.
- મર્જર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તે **ઈન્ડિયાબુલ્સ લક્ષ્મી વિલાસ બેન્ક તરીકે કાર્યરત** બનશે.
- **લક્ષ્મી વિલાસ બેન્કની સ્થાપના વર્ષ 1926માં થઈ હતી. તેનું મુખ્યાલય ચેન્નઈ ખાતે** આવેલ છે.
- ઈન્ડિયાબુલ્સ હાઉસીંગ ફાઈનાન્સની સ્થાપના વર્ષ 2005માં થઈ હતી. તેનું મુખ્યાલય નવી દિલ્હી ખાતે આવેલ છે.

***9 April 2019***

**દેશની સર્વશ્રેષ્ઠ શૈક્ષણિક સંસ્થાઓનું રેન્કિંગ**

- તાજેતરમાં **કેન્દ્રીય માનવ સંશાધન મંત્રાલય દ્વારા દેશની સર્વશ્રેષ્ઠ શૈક્ષણિક સંસ્થાઓનું** રેન્કિંગ જાહેર કરવામાં આવ્યું.
- આ રેન્કિંગ પ્રથમ વખત રાષ્ટ્રપતિ દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું.
- **રેન્કિંગ** સાથે મંત્રાલય દ્વારા **ARIA** એવોર્ડ વિજેતાના નામ પણ જાહેર કર્યા.
- રેન્કિંગને **NIRF (NATIONAL INSTITUTIONAL RENKING FRAMEWORK)** તરીકે ઓળખવામાં આવે છે.
- દેશની અલગ અલગ વિદ્યાશાખાઓમાં શિક્ષણ આપતી સંસ્થાઓને આ રેન્કિંગમાં સ્થાન મળ્યું છે.
- **આ રેન્કિંગમાં દેશની સર્વશ્રેષ્ઠ એન્જીનીયરીંગ મહાવિદ્યાલયો, સર્વ શ્રેષ્ઠ કોલેજો, સર્વશ્રેષ્ઠ વિશ્વવિદ્યાલયો, સર્વશ્રેષ્ઠ સ્થાપત્ય સંસ્થાઓ, સર્વશ્રેષ્ઠ કાનૂની શિક્ષણ આપતી સંસ્થાઓ અને સર્વશ્રેષ્ઠ મેડિકલ કોલેજોને સ્થાન મળ્યું છે.**
- આ રેન્કિંગમાં **સર્વશ્રેષ્ઠ એંજિનયરિંગ મહાવિદ્યાલયોમાં ઈન્ડિયન ઈન્સિટટયૂટ ઓફ ટેકનોલોજી (આઈઆઈટી) મદ્રાસ પ્રથમ સ્થાને** રહી છે.
- **આઈઆઈટી મદ્રાસ વર્ષ 1959થી તામિલનાડુના ચેન્નઈ ખાતે કાર્યરત** છે.
- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ, બેંગલુરુ અને ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી (આઈઆઈટી) દિલ્હી અનુક્રમે બીજા અને ત્રીજા નંબરે સ્થાન પર છે.
- આ રેન્કિંગમાં દેશની **સર્વશ્રેષ્ઠ કોલેજોમાં મિરાંડા હાઉસ કોલેજ** દિલ્લી પ્રથમ સ્થાને છે.
- આ રેન્કિંગમાં દેશની સર્વશ્રેષ્ઠ વિશ્વવિદ્યાલયોમાં ભારતીય વિજ્ઞાન સંસ્થાન બેંગ્લુરુ પ્રથમ સ્થાને છે.
- આ રેન્કિંગમાં દેશની **સર્વશ્રેષ્ઠ સ્થાપત્ય સંસ્થાઓમાં આઈઆઈટી ખડગપુર** પ્રથમ સ્થાને છે.
- આ રેન્કિંગમાં દેશની **સર્વશ્રેષ્ઠ કાનૂની શિક્ષણ આપતી સંસ્થાઓમાં નેશનલ લો સ્કુલ ઓફ ઈન્ડિયા યુનિવર્સિટી સંસ્થાન બેંગ્લુંરુ** પ્રથમ સ્થાને છે.
- આ રેન્કિંગમાં દેશની **સર્વશ્રેષ્ઠ મેડિકલ કોલેજોમાં અખિલ ભારતીય આર્યુવિજ્ઞાન સંસ્થાન (AIIMS) દિલ્લી** પ્રથમ સ્થાને છે.
- **ARIIA (અટલ રેન્કિંગ ઓફ ઈન્સિટટયુએશન)** અચિવમેન્ટ એવોર્ડ સરકારી ભંડોળથી ચાલતી સંસ્થામાં આઈઆઈટી મદ્રાસને પ્રથમ સ્થાન મળ્યું છે.
- ખાનગી ભંડોળથી ચાલતી સંસ્થામાં વેલ્લોર ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી તામિલનાડું પ્રથમ સ્થાને છે.
- આ રેન્કિંગમાં આઈઆઈએમ અમદાવાદ મેનેજમેન્ટ કેટેગરીમાં બીજા સ્થાને છે જે ગત વર્ષે પ્રથમ સ્થાને હતી.
- રેન્કિંગમાં લો કેટેગરીમાં ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી 9માં સ્થાને છે.
- કેન્દ્રીય માનવ સંશાધન મંત્રી – પ્રકાશ જાવડેકર

**ધનુષ તોપ ભારતીય સેનામાં સામેલ**

- **ભારતીય સેનામાં સ્વદેશીરૂપે નિર્મિત ધનુષ તોપને સામિલ** કરવામાં આવી.

Vivekanand Academy Gandhinagar

- આ તોપ **ભારતીય સેનાની જરૂરિયાત મુજબ ઓર્ડનેસ ફેકટરી બોર્ડ કોલકત્તા દ્વારા વિકસાવામાં** આવી છે.
- **જબલપુરની ગન કેરેજ ફેકટરી ખાતે ઉત્પાદિત** છ ધનુષ ગન સૈન્યને સોંપવામાં આવી હતી.
- આ **તોપ ભારતમાં ઉત્પાદિત લાંબી રેન્જની પ્રથમ તોપ** છે. ધનુષને બોફોર્સની જેમ ડિઝાઈન અને વિકસીત કરાઈ છે.
- આ આર્ટિલરી ગનમાં 81 ટકા પાર્ટસ સ્વદેશી છે.
- **ધનુષની સિસ્ટમ વર્ષ 1980માં પ્રાપ્ત બોફોર્સ પર આધારિત છે.**
- તોપની મારક ક્ષમતા 38 કિ.મી. છે. તોપ 13 સેકન્ડમાં ત્રણ ફાયર કરી શકે છે.
- કે-9 વ્રજ અને એમ-777 અલ્ટ્રા-લાઈટ હોવિત્ઝર તોપ પછી ધનુષના સૈન્યમાં સામેલ થવાથી સૈન્યની તાકાત ઘણી વધી છે.

<u>ગ્રૈહમ રીડ – ભારતીય પુરૂષ હોકી ટીમ કોચ</u>

- **ઓસ્ટ્રેલીયાના ગ્રૈહામ રીડને ભારતીય પુરૂષ હોકી ટીમના મુખ્ય કોચ તરીકે નિયુક્ત** કરવામાં આવ્યા છે.
- તેઓએ પૂર્વ કોચ હરેન્દ્ર સિંઘનું સ્થાન લીધું.
- આ અગાઉ તેઓ નેધરલેન્ડ ટીમના સહાયક કોચ તરીકે ફરજ બજાવતા હતા.
- **ગ્રૈહમ રીડ વર્ષ 1992ના બાર્સિલોના ઓલમ્પિકમાં સિલ્વર મેડલ જીતનાર ઓસ્ટ્રેલિયા ટીમના સભ્ય** હતા.
- હાલ **મનપ્રીત સિંઘ ભારતીય હોકી ટીમના કેપ્ટન છે.**

<u>બોટ રેસ – ઓકસફર્ડ અને કેમ્બ્રિજ</u>

- દુનિયાની બે સૌથી પ્રતિષ્ઠિત યુનિવર્સિટી ઓકસફર્ડ અને કેમ્બ્રિજ વચ્ચે 165મી બોટ રેસનું આયોજન થયું હતું.
- **કેમ્બ્રિજ યુનિવર્સિટીએ આ 165મી બોટ રેસ જીતી છે.**
- આ રેસનું **આયોજન લંડનની થેમ્સ નદી પર** થયું.
- દુનિયાની બે સૌથી પ્રતિષ્ઠિત યુનિવર્સિટીની વચ્ચેની આ રોઈંગ રેસ 190 વર્ષ જુની છે.
- કેમ્બ્રિજ યુનિવર્સિટી 84 વખત ચેમ્પિયન બની, જ્યારે ઓકસફર્ડ 80 વખત જીતી છે. એક રેસ ડ્રો રહી હતી.
- આ રેસનું પ્રથમ આયોજન વર્ષ 1829માં થયુ હતું, જ્યારે બીજી રેસનું આયોજન વર્ષ 1836માં થયું હતું. વર્ષ **1856 પછી તે દર વર્ષે આ રેસ યોજાય છે.**
- માત્ર પહેલાં અને બીજા વર્લ્ડ વૉર સમયે રેસ યોજાઈ ન હતી.
- આ રેસનું આખી દુનિયામાં લાઈવ ટેલીકાસ્ટ થાય છે. તેને દર વર્ષે લગભગ દોઢ કરોડ લોકો ટીવી પર જુએ છે. જ્યારે, આને જોવા માટે દોઢ લાખ લોકો થેમ્સ નદીના કિનારે જમા થાય છે.
- ઓકસફર્ડ 923 અને કેમ્બ્રિજ 810 વર્ષ જુની યુનિવર્સિટી છે.

1. NIRFનુ પુરૂ નામ જણાવો?
 - National Institutional Ranking Framework
2. NIRF અંતર્ગત ભારતની સર્વશ્રેષ્ઠ એન્જિનિયરીંગ મહાવિદ્યાલય પ્રથમ સ્થાને કઈ છે? - IIT મદ્રાસ
3. કેન્દ્રિય માનવ સંશાધન મંત્રી જણાવો? - પ્રકાશ જાવડેકર
4. ભારતમાં ઉત્પાદિત લાંબી રેન્જની પ્રથમ તોપનું નામ જણાવો? - ધનુષ
5. ભારતીય પુરૂષ હોકી ટીમનાં નવા મુખ્ય કોચ જણાવો?
 - ગ્રૈહમ રીડ
6. ઓક્સફર્ડ અને કેમ્બ્રિજ વચ્ચે 165મી બોટ રેસ વિજેતા જણાવો? - કેમ્બ્રિજ

***<u>10 April 2019</u>***

<u>CRPF શૌર્ય દિવસ – 9 એપ્રિલ</u>

- **9 એપ્રિલના રોજ કેન્દ્રિય રિઝર્વ પોલીસ દળ (CRPF)નો 54મો શૌર્ય દિવસ ઉજવવામાં આવ્યો.**
- CRPFના જવાનોએ 9 એપ્રિલ 1965ના રોજ ગુજરાતના કચ્છના રણ ખાતે પાકિસ્તાની સેનાના 34 સૈનિકોને મારી CRPFએ આક્રમણ નિષ્ફળ કર્યું હતું, જેમાં CRPFના 6 જવાનો શહીદ થયા હતા.
- આ ઘટનાને સન્માન આપવાના હેતુથી દર વર્ષે CRPF શૌર્ય દિવસ ઉજવવામાં આવે છે.
- આ અવસરે **રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ રાષ્ટ્રીય પોલીસ સ્મારક ખાતે શહીદ જવાનોને શ્રદ્ધાંજલી** આપી હતી.
- રાષ્ટ્રપતિશ્રીએ પુલાવા હુમલામાં શહીદ થયેલ જવાનોના પરિવારજનોને સન્માનીત કર્યા હતા.
- આ સાથેજ **રાષ્ટ્રપતિશ્રીએ "વીર પરિવાર એપ"** લોન્ચ કરી.
- આ એપ દેશની સેવામાં શહીદ થયેલ જવાનોના પરિવાર માટે વિકસાવવામાં આવી છે.
- આ એપથી CRPFના શહીદ જવાનોના પરિવારને મળતા પેન્સન, સરકારી લાભ કે અન્ય કલ્યાણકારી યોજનાઓની જાણકારી મેળવી શકશે.

<u>CRPF કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ</u>

- **CRPF 246 બટાલિયન ધરાવતું દેશનું સૌથી મોટું પોલીસ** દળ છે.
- તે ગૃહ **મંત્રાલય અંતર્ગત** કાર્ય કરે છે.
- CRPFની સ્થાપના **વર્ષ 1939માં ક્રાઉન પ્રતિનિધિ પોલીસ**



Vivekanand Academy Gandhinagar

**તરીકે** થઈ હતી.

- આઝાદી બાદ આ દળને **સીઆરપીએફ અધિનિયમ 1949 અંતર્ગત** કેન્દ્રિય રિઝર્વ પોલીસ દળ કરવામાં આવ્યું.

**વર્લ્ડ હોમયોપેથીક ડે**

- **દર વર્ષે 10 એપ્રિલના રોજ વિશ્વભરમાં વર્લ્ડ હોમયોપેથીક ડેની ઉજવણી કરવામાં આવે છે.**
- આ દિવસ **હોમયોપેથીક પધ્ધતિના શોધક ડૉ. સૈમુઅલ હનીમેનની જન્મ જયંતિ** પર ઉજવવામાં આવે છે.
- વર્લ્ડ હોમયોપેથીક ડેની ઉજવણીના ભાગરૂપે કેન્દ્રિય હોમયોપેથીક અનુસંધાન પરિષદ દ્વારા નવી દિલ્હી ખાતે 9 અને 10 એપ્રિલના રોજ બે દિવસીય સંમેલનનું આયોજન કરવામાં આવ્યું.
- કેન્દ્રિય હોમયોપેથીક અનુસંધાન પરિષદ કેન્દ્ર સરકારના આયુષ મંત્રાલય અંતર્ગત કાર્ય કરતું એક સંગઠન છે.
- વર્ષ 2019 થીમ – Linking education & clinical practice with research

**EVM અને VVPATના આંકડાની સરખામણી કરવા આદેશ**

- તાજેતરમાં **સર્વોચ્ચ અદાલતે ચૂંટણી પંચને EVM અને VVPATના આંકડાની સરખામણી કરવા આદેશ** આપ્યો.
- સર્વોચ્ચ અદાલતના આદેશ મુજબ **પ્રત્યેક વિધાનસભા દીઠ પાંચ પોલિંગ બૂથના EVM અને VVPATના આંકડાની સરખામણી** કરવામાં આવશે.
- અગાઉ એક વિધાનસભા દીઠ એક જ પોલિંગ બૂથના EVM અને VVPATના આંકડાઓ સરખાવવામાં આવતા હતા.
- EVM – Elctronic Voting Machines

VVPAT – Voter Verified Paper Audit Trail

- VVPAT ડિવાઈઝથી મતદાતાએ જે ઉમેદવારને મત આપ્યો છે તેનું ચૂંટણી ચિન્હ મતદાતાને કાપલી પર જોવા મળે છે.
- આ કાપલી VVPAT મશીનની અંદરથી 7 સેકન્ડ માટે જોવા મળે છે.
- **VVPATનો સૌપ્રથમ ઉપયોગ સપ્ટેમ્બર 2013માં નાગાલેન્ડના ત્વેનસાંગમાં નોકસેન વિધાનસભામાં ચૂંટણી વિસ્તારમાં** થયો હતો.
- **VVPAT** મશીન ભારત ઈલેક્ટ્રોનિકસ લિમિટેડ અને ઈલેક્ટ્રોનિક્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ દ્વારા વિકસાવવામાં આવ્યું છે.

**દેશનું પ્રથમ ISO પ્રમાણિત રેલવે સ્ટેશન - ગુવાહટી**

- ગુવાહાટી રેલવે સ્ટેશન દેશનું પ્રથમ ISO પ્રમાણિત રેલવે સ્ટેશન બન્યું.
- ગુવાહાટી રેલવે સ્ટેશનને રાષ્ટ્રીય હરિત ટ્રિબ્યુનલ દ્વારા પર્યાવરણ પ્રબંધન પ્રણાલીના દિશાનિર્દેશોના પાલન કરવા બાદલ **આ ISO 14001:2015 પ્રમાણ** પ્રદાન કરવામાં આવ્યું છે.
- ISO – International Organization for Standardization
- ISOની સ્થાપના વર્ષ 1947માં થઈ હતી.
- તેનું મુખ્ય મથક જીનીવા, સ્વિટ્ઝર્લેન્ડ ખાતે આવેલ છે.
- ગુવહાટી આસામ રાજ્યનું સૌથી મોટું શહેર છે.

**GRSE-100 યુધ્ધ જહાજનું નિર્માણ કરનાર દેશનું પ્રથમ શિપયાર્ડ**

- તાજેતરમાં ભારત સરકારની માલીકીના **GRSE શિપયાર્ડએ પોતાના દ્વારા નિર્મિત 100મુ યુધ્ધ જહાજ ભારતીય નૌસેનાને** સોંપ્યું.
- નૌસેનાને **100મુ યુધ્ધ જહાજ IN LCU-56 સોંપવાના સાથેજ GRSC 100 યુધ્ધ જહાજનું નિર્માણ કરનાર દેશનું પ્રથમ શિપયાર્ડ** બન્યું.
- આ **શિપયાર્ડ કલકતા** ખાતે આવેલ છે.
- GRSE (Garden reach Shipbuilders & Engineers Ltd)ની **સ્થાપના વર્ષ 1884માં** થઈ હતી.

1. CRPF શૌર્ય દિવસક્યારે મનાવાય છે? - 9 એપ્રિલ
2. ‘વીર પરિવાર’ એપ કોના દ્વારા લોન્ચ કરવામાં આવી?
 - રાષ્ટ્રપતિ
3. વર્લ્ડ હોમિયોપેથીક પધ્ધતિનાં શોધક જણાવો?
 - ડો. **ડૉ. સૈમુઅલ હનીમેન**
4. EVMનું પુરૂ નામ જણાવો? - Electronic Voting Machines
5. દેશનું પ્રથમ ISO પ્રમાણિત રેલ્વે સ્ટેશન ક્યુ બન્યું?
 - ગુવાહાટી
6. GRSE શિપયાર્ડ ક્યાં આવેલ છે?
 - કોલકત્તા

***11 April 2019***

**ગાંધીજીની પ્રથમ ધરપકડના 100 વર્ષ**

- દક્ષિણ આફ્રિકાથી વર્ષ 1915માં ભારત પાછા ફરેલા **ગાંધીજીની અંગ્રેજ સરકાર દ્વારા કરવામાં આવેલ ધરપકડના આજે 100 વર્ષ પૂર્ણ થયા.**
- **11 એપ્રિલ 1919ના રોજ અંગ્રેજી કાયદો તોડવાના ગુનામાં અંગ્રેજ સરકારની પોલીસ દ્વારા ગાંધીજીની ધરપકડ કરવામાં આવી હતી.**
- **હરિયાણાના પલવલ ખાતે** તેમની ધરપકડ કરવામાં આવી હતી.

**બોલ્ડ કુરુક્ષેત્ર - યુદ્ધઅભ્યાસ**

Vivekanand Academy Gandhinagar

- **ભારત અને સિંગાપુરની સેના વચ્ચે દ્વીપક્ષીય યુદ્ધ અભ્યાસની ઝાંસીના બાબીના ખાતે શરૂઆત થઈ.**
- આ યુદ્ધ અભ્યાસને "બોલ્ડ કુરૂક્ષેત્ર" નામ આપવામાં આવ્યું છે.
- **ભારતીય સેના અને સિંગાપુર સેના વચ્ચે 12મો યુદ્ધ અભ્યાસ છે.**
- બંને દેશો વચ્ચે સૈન્ય ટેકનોલોજી અને સમુદ્ર સુરક્ષા વધારવાના હેતુથી આ અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું છે.
- ભારતીય સેના અને સિંગાપુર સશસ્ત્ર દળ વચ્ચે રક્ષા સંબંધે વર્ષ 2017માં કરાર પર હસ્તાક્ષર થયા હતા.

<u>બ્લેકહોલ</u>

- માનવ ઈતિહાસમાં **પ્રથમ વખત વૈજ્ઞાનિકોને અંતરિક્ષમાં બ્લેકહોલની તસવીર** લેવામાં સફળતા મળી.
- **પૃથ્વીથી 54 મિલિયન પ્રકાશવર્ષ દૂર** આવેલા આ બ્લેકહોલની તસવીર ક્લિક કરવા વિશ્વમાં આઠ સ્થળે મહાકાય ટેલિસ્કોપ ગોઠવવામાં આવ્યા હતા.
- આ શોધ વર્ષ 2012થી શરૂ હતી. આ **શોધ ઈવેન્ટ હોરઈઝન ટેલિસ્કોપ પ્રોજેક્ટ** અંતર્ગત થઈ હતી.
- 40 અબજ કિ.મી.નો વ્યાસ ધરાવતો આ બ્લેકહોલ પૃથ્વીથી ત્રણ મિલિયન ગણો મોટો છે, જેને **વિજ્ઞાનીઓએ 'મોન્સટર' નામ** આપ્યું છે.
- આ **બ્લેકહોલ M87 આકાશગંગાના કેન્દ્રમાં છે જેને મેસિયર** 87 પણ કહેવામાં આવે છે.
- આ બ્લેકહોલ આપણા સમગ્ર સૌરમંડળથી મોટો છે, તેનું **વજન સૂર્ય કરતાં 6.5 અબજ ગણું વધારે** છે.
- બ્લેકહોલ એક ખગોળીય ક્ષેત્ર છે જે ખુબ જ શક્તિશાળી ગુરુત્વાકર્ષણ બળ ધરાવે છે.

<u>**જસ્ટિસ વિક્રમ નાથ – આંધ્રપ્રદેશ હાઈકોર્ટ**</u>

- **અલ્હાબાદ હાઈકોર્ટના વરિષ્ઠ ન્યાયાધીશ વિક્રમ નાથને આંધ્રપ્રદેશ હાઈકોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ તરીકે નિયુક્ત** કરવામાં આવ્યા.
- આંધ્રપ્રદેશ અને તેલંગાણાના **વિભાજન બાદ ડિસેમ્બર-2018માં કેન્દ્ર સરકારે બંને રાજ્યો માટે અલગ ઉચ્ચ અદાલતો અમલમાં મૂકી** હતી.
- જૂન-2014માં આંધ્રપ્રદેશના વિભાજન પછીથી તેલંગાણા રાજ્ય બન્યું તે સમયે હૈદરાબાદ હાઈકોર્ટ બંને રાજ્યો માટે એક ઉચ્ચ ન્યાયાલય તરીકે કામ કરી રહી હતી.
- **આંધ્રપ્રદેશ હાઈકોર્ટ અમરાવતી ખાતે** આવેલ છે.

<u>વિઝડન મેગેઝીન – વિરાટ કોહલી અને સ્મૃતિ મંધાના</u>

- ક્રિકેટના પ્રતિષ્ઠિત **મેગેઝિન વિઝડનની તાજેતરમાં પ્રકાશિત થયેલ આવૃત્તિમાં ભારતીય ક્રિકેટર વિરાટ કોહલીને સતત ત્રીજા વર્ષે શ્રેષ્ઠ સ્થાન** મળ્યું.
- વિઝડન મેગેઝિને **વિરાટને લીડિંગ ક્રિકેટર ઓફ ધ યર મેલ** પસંદ કર્યો છે. અગાઉ વર્ષ 2017 અને 2018માં પણ વિરાટ કોહલી જ સર્વશ્રેષ્ઠ ક્રિકેટર તરીકે પસંદ થયો હતો.
- વિઝડન મેગેઝિને **ભારતીય મહિલા ક્રિકેટ ટીમની ઓપનર <u>સ્મૃતિ મંધાનાને</u> પણ લીડિંગ ક્રિકેટર ઓફ ધ યર-ફીમેલ** પસંદ કરી છે.
- વિરાટ કોહલી વિઝડન મેગેઝિનની પાંચ સર્વશ્રેષ્ઠ ખેલાડીઓની યાદીમાં પણ સામેલ છે.
- તેમાં ઈંગ્લેન્ડના જોસ બટલર અને સૈમ કરેન, મહિલા ક્રિકેટર રોરી બન્સ અને બ્યૂમોંટનો સમાવેશ થાય છે.

**વિઝડન મેગેઝિન**

- **વિઝડન મેગેઝિન 155 વર્ષ જૂનું** છે. તેનું **પ્રકાશન વર્ષ 1864માં** શરૂ થયું હતું.
- વિઝડન મેગેઝિન અત્યાર સુધીમાં **156 આવૃત્તિ પ્રકાશિત થઈ ચૂકી** છે.
- **વર્ષ 1889થી વિઝડન ક્રિકેટર ઓફ ધ યરનો એવોર્ડ** આપે છે.
- **વર્ષ 2004માં વિઝડન લીડિંગ ક્રિકેટર ઓફ ધ યરનો એવોર્ડ** આપવાનું શરૂ કર્યું.

**વિરાટ કોહલી**

- વિરાટ કોહલીનો જન્મ 5 નવેમ્બર 1988ના રોજ દિલ્લી ખાતે થયો હતો.
- વિરાટે હાલ સુધીમાં 77 ટેસ્ટ મેચમાં 35 સદી સાથે 6613 રન બનાવ્યા છે.
- આંતરરાષ્ટ્રીય વનડે મેચમાં તેણે 41 સદી સાથે 219 મેચમાં 10385 રન બનાવ્યા છે.
- તેણે પોતાની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કારકિર્દી વર્ષ 2008માં શ્રીલંકા સામેની વનડે મેચથી શરૂ કરી હતી.

**સ્મૃતિ મંધાના**

- સ્મૃતિ મંધાનાનો જન્મ 18 જુલાઈ 1996ના રોજ મુંબઈમાં થયો હતો.
- સ્મૃતિએ 50 આંતરરાષ્ટ્રીય વનડે મેચમાં 1951 રન બનાવ્યા છે.
- તેણે પોતામી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કારકિર્દી વર્ષ 2013માં બાંગ્લાદેશ સામેની ટી-20થી કરી હતી.

Vivekanand Academy Gandhinagar

1. ગાંધીજીની ધરપકડ થઈ હતી તે પલવલ ક્યા રાજ્યમાં આવેલ છે? - હરિયાણા

2. બોલ્ડ કુરૂક્ષેત્ર યુધ્ધાભ્યાસ ક્યા બે દેશ વચ્ચે યોજાયો? - ભારત - સિંગાપુર

3. અંતરીક્ષમાં બ્લેકહોલની તસવીર ક્યા પ્રોજેક્ટ અંતર્ગત લેવામાં આવી? - ઈવેન્ટ હોરઈઝન ટેલિસ્કોપ પ્રોજેક્ટ

4. આંધ્રપ્રદેશ હાઈકોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયાધિશનું નામ જણાવો? - વિક્રમનાથ

5. આંધ્રપ્રદેશની હાઈકોર્ટ ક્યા સ્થળે આવેલી છે? - અમરાવતી

6. વિઝડન મેગેઝીન કઈ રમત સાથે સંકળાયેલુ છે? - ક્રિકેટ

7. વિઝડન મેગેઝીને ક્યા ખેલાડીને લીડિંગ ક્રિકેટર ઓફ યર મેલ તરીકે પસંદ કર્યો? - વિરાટ કોહલી

***12 April 2019***

**જ્યોતિબા ફુલે**

- **ભારતમાં શિક્ષણનું મહત્વ સમજાવનાર સમાજ સુધારક જ્યોતિબા ફુલેનો જન્મ 11 એપ્રિલ 1827ના** રોજ થયો હતો.
- **તેઓ અને તેમની પત્ની સાવિત્રિબાઈ ફુલેએ સ્ત્રી શિક્ષણની** ચળવળનો પાયો નાખ્યો.
- તેઓએ શિક્ષણ, ખેતી, જ્ઞાતિપ્રથા, સ્ત્રીઓ અને વિધવાઓના ઉત્થાન અને અસ્પૃશ્યતા નિવારણનાં ક્ષેત્રોમાં પણ તેમનું મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.
- તેમનું પ્રમુખ યોગદાન સ્ત્રીઓ અને નીચી જ્ઞાતિના મનાતા લોકોના શિક્ષણક્ષેત્રે હતું.
- પોતાની પત્નીને ભણાવ્યા પછી **1848માં તેમણે ભારતની બાલિકાઓ માટેની ભારતની પ્રથમ શાળા શરૂ કરી** હતી.
- **સાવિત્રીબાઈ ફુલે ભારતના પ્રથમ મહિલા શિક્ષિકા અને પ્રચાર્યા** પણ હતા.
- તેમણે 24 સપ્ટેમ્બર 1873ના રોજ પુના ખાતે **સત્યશોધક સમાજ નામની સંસ્થાની** સ્થાપના કરી હતી.

**ઈન્ટરનેશનલ ડે ઓફ હ્યુમન સ્પેસ ફલાઈટ**

- **દર વર્ષે 12 એપ્રિલના રોજ સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા ઈન્ટરનેશનલ ડે ઓફ હ્યુમન સ્પેસ ફલાઈટની ઉજવણી કરવામાં આવે છે.**
- આ દિવસની ઉજવણી સોવિયેત સંઘ તરફથી મોકલવામાં **આવેલ પ્રથમ માનવીય મિશનની યાદમાં કરવામાં** આવે છે.
- 12 એપ્રિલ 1961ના રોજ સોવિયેત સંઘના યુરી ગાગરીન અંતરિક્ષમાં ગયા હતા.
- યુરી ગાગરીને પોતાની અવકાશયાત્રાની શરૂઆત કઝાકિસ્તાનના બેકાનૂર અંતરિક્ષયાનમાં શરૂ કરી હતી.
- તેમણે 27000 કિ.મી. કલાકની ઝડપે પૃથ્વીના 108 ચક્કર કાપ્યા હતા.
- યુરી ગાગરીને ઓર્ડર ઓફ લેનિન અને સોવિયેત સંઘના હિરોના સન્માનથી સન્માનીત કરવામાં આવ્યા હતા.

**સ્વચ્છ ગંગા રાષ્ટ્રીય મિશન –પબ્લિક વોટર એજન્સી ઓફ ધ યર**

- સ્વચ્છ ગંગા રાષ્ટ્રીય મિશન એટલે કે **નમામિ ગંગે કાર્યક્રમને ગ્લોબલ વોટર ઈંટલીજેન્સ દ્વારા "પબ્લીક વોટર એજન્સી ઓફ ધ યર" ખિતાબ** પ્રાપ્ત થયો.
- **લંડન ખાતે યોજાયેલ ગ્લોબલ વોટર સમિટ દરમ્યાન આ ખિતાબ એનાયત** કરવામાં આવ્યો.
- આ ખિતાબ જળ સંરક્ષણ અને જળની સ્થિતિમાં સુધારો કરનાર પહેલને એનાયત કરવામાં આવે છે.
- **ગ્લોબલ વોટર સમિટ જળ ક્ષેત્રનું વૈશ્વિક સંમેલન છે.**

**સ્વચ્છ ગંગા રાષ્ટ્રીય મિશન**

- કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ **2014-15ના બજેટમાં સ્વચ્છ ગંગા રાષ્ટ્રીય મિશનની જાહેરાત** કરવામાં આવી હતી.
- આ મિશન અંતર્ગત ગંગા **નદીની સફાઈ અને તેને પ્રદૂષણથી બચાવવાના હેતુથી** શરૂ કરવામાં આવ્યું હતું.
- **સ્વચ્છ ગંગા રાષ્ટ્રીય મિશન કેન્દ્રિય જળસંસાધન, નદી વિકાસ અને ગંગા કાયાકલ્પ મંત્રાલય અંતર્ગત છે.**
- સ્વચ્છ ગંગા રાષ્ટ્રીય **મિશનની શરૂઆત જુલાઈ 2014માં** થઈ હતી.

1. ભારતની બાલિકાઓ માટે ભારતની પ્રથમ શાળા કોણે શરૂ કરી હતી? - જ્યોતિબા ફુલે

2. ભારતના પ્રથમ મહિલા શિક્ષક જણાવો? - સાવિત્રિબાઈ

3. ઈન્ટરનેશનલ ડે ઓફ હ્યુમન સ્પેસ ફલાઈટ ક્યારે ઉજવવામાં આવે છે? - 12 એપ્રિલ

4. ક્યા મિશનને 'પબ્લિક વોટર એજન્સી ઓફ ધ યર' ખિતાબ પ્રાપ્ત થયો? - સ્વચ્છ ગંગા રાષ્ટ્રીય મિશન

5. સ્વચ્છ ગંગા રાષ્ટ્રીય મિશનની શરૂઆત ક્યારે થઈ હતી? - 2014

***13 April 2019***

**જલિયાવાલ બાગ હત્યાકાંડના 100 વર્ષ**

- **13 એપ્રિલ 1919ના રોજ પંજાબમાં થયેલ જલિયાવાલા બાગ હત્યાકાંડના આજે 100 વર્ષ પૂર્ણ** થયા.
- પંજાબના અમૃતસરના લોકપ્રિય નેતા ડૉ. સત્યપાલ અને ડૉ. કિચલુની ધરપકડ બાદ તેના વિરોધના ભાગરૂપે **વૈશાખીના તહેવાર નિમિતે અમૃતસર ખાતે જલિયાવાલા બાગ ખાતે એક સભાનું આયોજન** થયું હતું.

Vivekanand Academy Gandhinagar

- **લશ્કરના સૈનિકો સાથે જલિયાવાલ બાગ ખાતે જનરલ ઓડોનિલ ડાયર ત્યાં પહોંચી નિર્દોષો પર ગોળીઓ** વર્ષાવી હતી.
- સરકારી અહેવાલ મુજબ આ ગોળીબારમાં 379 લોકોનું મૃત્યુ થયું હતું.
- જલિયાવાલા બાગ હત્યાકાંડનો બદલો લેવા માટે ઉધમસિંહે જનરલ ડાયરની 13 માર્ચ 1940ના રોજ લંડનના કૈકસટન હોલ ખાતે હત્યા કરી હતી.

<u>દેશભરના 1600 રેલવે સ્ટેશનોમાં WIFI ઝોન</u>

- દેશભરના 1600 રેલવે સ્ટેશન પર રેલટ્રેલ દ્વારા રેલવાયર **WIFI** શરૂ કરવામાં આવ્યું.
- રેલવાયર રેલટ્રેલની બ્રોડબેંડ સર્વિસ છે, જેનો ઉદ્દેશ લોકો સુધી બ્રોડબેંડ પહોંચાડવાનો છે.
- રેલટેલ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ ભારત સરકારનું એક સાર્વજનિક ઉપક્રમ છે.
- રેલટેલની સ્થાપના સપ્ટેમ્બર 2000માં ભારતીય રેલવેના ટ્રેન નિયંત્રણ કામગીરી સલામતી વ્યવસ્થાને આધુનિક બનાવવા માટે રાષ્ટ્રવ્યાપી બ્રોડબેન્ડ બનાવવાના ઉદ્દેશથી કરવામાં આવી હતી.

<u>"ઓર્ડર ઓફ સેંટ એંડ્રયૂ ધ એપોસ્ટલ" – નરેન્દ્ર મોદી</u>

- **સંયુક્ત આરબ અમીરાત બાદ રશિયાએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને દેશનું સર્વોચ્ચ નાગરિક સન્માન** આપવાનું નક્કી કર્યું.
- **ભારત અને રશિયાના સંબંધોમાં અભૂતપૂર્વ યોગદાન બદલ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને "ઓર્ડર ઓફ સેંટ એંડ્રયૂ ધ એપોસ્ટલ" સન્માન** આપવામાં આવશે.
- આ પુરસ્કાર રશિયા સાથે આંતરરાષ્ટ્રીય સંબંધોમાં મહત્વનું યોગદાન આપનાર વ્યક્તિને આપવામાં આવે છે.
- **પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી આ સન્માન મેળવનાર પ્રથમ ભારતીય છે.**
- પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને **વિશ્વભરમાં ભારતની નવી ઓળખ બનાવવા બદલ અલગ અલગ દેશ અને સંગઠનો દ્વારા સમયાંતરે સન્માનીત કરવામાં આવ્યા છે.**

<u>પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને મળેલ આંતરરાષ્ટ્રીય પુરસ્કાર</u>

**"કિંગ અબ્દુલ અજીજ સૈશ પુરસ્કાર"**

- પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને **વર્ષ 2016માં સાઉદી અરબના સર્વોચ્ચ નાગરિક સન્માન "કિંગ અબ્દુલ અજીજ સૈશ પુરસ્કાર"**થી સન્માનીત કરવામાં આવ્યા હતા.

**"આમિર આમનુલ્લાહ ખાન પુરસ્કાર"**

- પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને **વર્ષ 2016માં અફઘાનિસ્તાનના સર્વોચ્ચ નાગરિક સન્માન "આમિર આમનુલ્લાહ ખાન પુરસ્કાર"**થી સન્માનીત કરવામાં આવ્યા હતા.

**"ગ્રેંડ કોલર"**

- પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને **વર્ષ 2018માં ફિલિસ્તીનના "ગ્રેંડ કોલર" સન્માનથી** સન્માનીત કરવામાં આવ્યા હતા.
- આ સન્માન ફિલિસ્તાન દ્વારા વિદેશી મહેમાનોને આપવામાં આવતું સર્વોચ્ચ સન્માન છે.
- આ સન્માન **પ્રધાનમંત્રીશ્રીને ફિલિસ્તાનના રાષ્ટ્રપતિ મહમુદ અબ્બાસ દ્વારા** આપવામાં આવ્યું હતું.

**"ચેમ્પિયન ઓફ ધ અર્થ"**

- પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને **સપ્ટેમ્બર-2018માં સંયુક્ત રાષ્ટ્રએ સૌથી મોટું પર્યાવરણ સન્માન "ચેમ્પિયન ઓફ ધ અર્થ"થી** સન્માનીત કરવામાં આવ્યા હતા.
- નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના પ્રમુખ મેક્રોને સંયુક્ત રીતે સન્માનથી સન્માનીત કરવામાં આવ્યા હતા.

**"સિઓલ શાંતિ પુરસ્કાર"**

- પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને **ઓકટોબર-2018માં દક્ષિણ કોરીયાના "સિઓલ શાંતિ પુરસ્કાર"થી** સન્માનીત કરવામાં આવ્યા હતા.
- પ્રધાનંત્રીશ્રી નરેન્દ્ર મોદીને તેમની ચોક્કસ આર્થિક નીતિઓ, માનવ વિકાસ અને ભારતમાં લોકશાહી મજબૂત કરવા તરફના તેમના યોગદાન માટે આ પુરસ્કાર આપવામાં આવ્યું હતું.
- આ પુરસ્કાર સાથે પ્રધાનમંત્રીશ્રીને રૂ. 1.46 કરોડ નાણાં આપવામાં આવ્યા હતા.
- **સન્માનમાં મળેલ નાણાં પ્રધાનમંત્રીશ્રીએ નમામિ ગંગે મિશનમાં દાન કર્યા** હતા.
- **આ એવોર્ડ પ્રાપ્ત કરનાર તેઓ 14મા વ્યક્તિ હતા.**

**"ફિલિપ કોટલર પુરસ્કાર"**

- પ્રધાનંત્રીશ્રી નરેન્દ્ર મોદીને **જાન્યુઆરી-2018માં નવી દિલ્હી ખાતે પ્રથમ ફિલિપ કોટલર પ્રેસિડેંસિયલ એવોર્ડથી** સન્માનીત કરવામાં આવ્યા હતા.
- આ એવોર્ડ પીપલ્સ, પ્રોફિટ અને પ્લેનેટ ત્રણ આધારબિંદુ પર આપવામાં આવે છે.
- ફિલિપ કોટલર નોર્થવેસ્ટરન યુનિવર્સિટી, કેલોંગ સ્કૂલ ઓફ મેનેજમેન્ટના માર્કેટીંગ પ્રોફેસર છે.
- તેમના સન્માનમાં દર વર્ષે આ પુરસ્કાર દેશના સૌથી લોકપ્રિય નેતાને આપવામાં આવે છે.

"ઝાયેદ મેડલ"

- ❖ પ્રધાનંત્રીશ્રી નરેન્દ્ર મોદીને **સંયુક્ત અરબ અમીરાતના ઝાયેદ મેડલ**થી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- ❖ આ સન્માન તેમને ભારત અને સંયુક્ત અરબ અમીરાતના સંબંધોને મજબૂત કરવાના યોગદાન બદલ સન્માનીત કરવામાં આવ્યા હતા.
- ❖ ઝાયેદ મેડલ સંયુક્ત અરબ અમીરાત રાજાઓ, રાષ્ટ્રપતિઓ અને રાષ્ટ્રપ્રમુખો (વડાપ્રધાન)ને આપવામાં આવતું સર્વોચ્ચ સન્માન છે.
- ❖ અગાઉ આ સન્માન રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદીમિર પુતીન, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ, મહારાણી એલિઝાબેથ દ્વીતીય પ્રદાન કરવામાં આવી ચૂક્યું છે.

**એલિસ જી. વૈધન –"ફ્રીડમ ઓફ ધ સીટી ઓફ લંડન"**

- ❖ **જનરલ ઈંશ્યોરેંસ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના ચેરમેન અને મેનેજિંગ ડાયરેકટર એલિસ જી. વૈધનને "ફ્રીડમ ઓફ ધ સિટી ઓફ લંડન" પુરસ્કાર** એનાયત કરવામાં આવ્યો.
- ❖ તેમને આ સન્માન ભારત અને યુનાઈટેડ કિંગડમના દ્વિપક્ષી સંબંધોને મજબૂત બનાવવાના યોગદાન બદલ આપવામાં આવ્યું.
- ❖ અગાઉ **ફેબ્રુઆરી 2019માં ભારતીય સ્ટેટ બેન્કના યુનાઈટેડ કિંગડમ પ્રમુખ સંજીવ ચઢ્ઢાને 'ફ્રીડમ ઓફ ધ સિટી ઓફ લંડન'** થી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- ❖ **'ફ્રીડમ ઓફ ધ સિટી ઓફ લંડન' સન્માન લંડન સિટી કોર્પોરેશન દ્વારા સમાજના મહત્વના સભ્ય કે સેલેબ્રિટીને** આપવામાં આવે છે.
- ❖ આ સન્માન પ્રાપ્ત કરનાર **પ્રથમ ભારતીય જવાહરલાલ નહેરૂ** છે.

1. જલિયાવાલા બાગ હત્યાકાંડ ક્યારે થયો હતો?
 - 13 એપ્રિલ 1919
2. દેશભરમાં રેલટ્રેલ દ્વારા કેટલા સ્ટેશનોમાં રેલવાયર WiFi શરૂ કરવામાં આવ્યું? - 1600
3. રશિયાનું સર્વોચ્ચ સન્માન જણાવો?
 - ઓર્ડર ઓફ સેટ એડ્ર્યુ ધ સ્પેકસ્ટલ
4. નરેન્દ્ર મોદીને ઝાયૈદ મેડલથી સન્માનીત ક્યા દેશે કર્યા હતા? - સંયુક્ત અરબ અમીરાત
5. તાજેતરમાં એલિસ જી. વેપનને ક્યા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા? - ફ્રીડમ ઓફ ધ સિટી ઓફ લંડન
6. ફ્રીડમ ઓફ ધ સિટી ઓફ લંડન પુરસ્કાર મેળવનાર પ્રથમ ભારતીય જણાવો? - જવાહરલાલ નહેરૂ

***14 April 2019***

**રામનવમી**

- ❖ હિન્દુ કેલેન્ડર મુજબ ચૈત્ર સુદ નોમનો દિવસ રામનવમી તરીકે ઉજવવામાં આવે છે.
- ❖ રામ નવમી વસંત ઋતુમાં આવતો હિન્દુ તહેવાર છે, જે ભગવાન રામનો જન્મદિન છે.
- ❖ સંવત 1837માં રામનવમીના દિવસે અયોધ્યા પાસેના છપૈયા ગામમાં ભગવાન સ્વામીનારાયણનું પ્રાગટ્ય થયું હતું.

**રાષ્ટ્રીય અગ્નિશમન દિવસ**

**સમરસતા દિવસ**

- ❖ ભારતીય **બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની 128મી જન્મ જયંતિ.**
- ❖ **ભારત સરકાર દ્વારા તેમના જન્મદિવસ નિમિત્તે સમરસતા દિવસની ઉજવણી** કરવામાં આવે છે.
- ❖ **વર્ષ 2015થી તેમનો જન્મદિવસ સંવિધાન દિવસ તરીકે પણ ઉજવવામાં** આવે છે.
- ❖ વર્ષ 2016માં ભારત સરકાર દ્વારા તેમની 125મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.
- ❖ **ભારત સરકારે વર્ષ 2015ને બાબા સાહેબના 125માં જન્મજયંતિ વર્ષ તરીકે ઉજવાયું હતું.**
- ❖ **સંયુક્ત રાષ્ટ્ર દ્વારા તેમની 125મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી તેમાં તેમને "વિશ્વના પ્રણેતા" કહી સન્માન** આપવામાં આવ્યું હતું.
- ❖ બાબા સાહેબ **પ્રથમ ભારતીય વ્યક્તિ છે જેમની જન્મજયંતિની ઉજવણી સંયુક્ત રાષ્ટ્ર દ્વારા** કરવામાં આવી હોય.
- ❖ **સંયુક્ત રાષ્ટ્ર દ્વારા અગાઉ વિશ્વના માત્ર બે મહાપુરુષોની જન્મજયંતિ ઉજવવામાં આવી છે.**
  1. **માર્ટિન લ્યુથર કિંગ**
  2. **નેલ્સન મંડેલા**
- ❖ ડૉ. બાબાસાહેબ આંબેડકરનો જન્મ 14 એપ્રિલ 1891ના રોજ મધ્યપ્રદેશના મહુમાં થયો હતો.
- ❖ પુરૂ નામ – ડૉ. ભીમરાવ રામજીભાઈ આંબેડકર

**બાબા સાહેબનું રાષ્ટ્રને યોગદાન**

- ❖ ડો. આંબેડકરનું રાષ્ટ્રમાં અમૂલ્ય યોગદાન છે, તેઓએ અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, શિક્ષણ ક્ષેત્ર આધુનિક ભારતમાં યોગદાન આપ્યું છે.
- ❖ વર્ષ 1923માં શૈક્ષણિક અને આર્થિક દ્રષ્ટિએ પછાત વર્ગો માટે

તેમણે "બહિષ્કૃત હિતકારીણી સભા"ની સ્થાપના કરી હતી.

- **વર્ષ 1927માં તેમણે જળ સંશાધનો માટેની અસ્પૃશ્યતા નાબૂદ કરવા મહારાષ્ટ્રના મહાડમાં આંદોલન કર્યું** હતું.
- **વર્ષ 1930માં નાસિક ખાતે આવેલ કાલારામ મંદિરમાં પ્રવેશ માટે તેમના નેતૃત્વમાં આંદોલન** થયું હતું.
- તેમણે સપ્ટેમ્બર 1931માં યોજાયેલ બીજી ગોળમેજી પરિષદમાં શૈક્ષણિક અને આર્થિક દ્રષ્ટિએ પછાત વર્ગો માટે અલગ મતાધિકાર અને અલગ અનામત બેઠકની માંગણી કરી હતી.
- વર્ષ 1936માં તેમણે "સ્વતંત્ર મજૂર પક્ષ"ની સ્થાપના કરી હતી.
- ડૉ. આંબેડકરે હિલ્ટન કમિશન (જેને રોયલ કમિશન ઓફ ઈન્ડિયન કરન્સી એન્ડ ફાઈનાન્સ પણ કહેવામાં આવતું હતું) ને આપેલી ગાઈડલાઈનના આધારે ભારતીય રિઝર્વ બેન્કની કલ્પના કરવામાં આવી.
- તેમણે ભારતીય બંધારણનો ડ્રાફ્ટ તૈયાર કર્યો હતો તેથી **તેઓને ભારતીય બંધારણના પિતા તરીકે ઓળખવામાં આવે** છે.
- ઓગસ્ટ 1947માં રચાયેલ વચગાળાની સરકારમાં આંબેડકર **ભારતના પ્રથમ કાયદા પ્રધાન** બન્યા હતા.
- વર્ષ 1950માં ડૉ. આંબેડકર શ્રીલંકામાં યોજાયેલા બૌદ્ધ સંમેલનમાં ગયા હતા, ત્યાંથી તેઓ રંગૂનના બૌદ્ધ સંમેલનમાં પણ ગયા.
- વર્ષ 1952માં અમેરિકાના ન્યુયોર્ક ખાતે આવેલ **કોલંબિયા યુનિવર્સિટીએ તેમને "ડોકટર એટ લો"**ની પદવી આપી હતી.
- વર્ષ 1953માં **ઓસ્માનિયા યુનિવર્સિટી દ્વારા તેમને "ડોકટર ઓફ લિટરેચર"ની પદવી** આપી હતી.
- **14 ઓકટોબર 1956ના રોજ નાગપુરમાં તેમણે પત્ની સાથે બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો** હતો.
- **વર્ષ 1990માં તેમને મરણોપરાંત "ભારત રત્ન"**થી સન્માનીત કર્યા હતા.
- તેમનું મૃત્યુ **6 ડિસેમ્બર 1956ના રોજ દિલ્લી ખાતે** થયું હતું.

**બાબા સાહેબ સાથે સંકળાયેલ સ્થળો**

1. જન્મભૂમિ મહુ, મધ્યપ્રદેશ
2. દીક્ષાભૂમિ – નાગપુર, મહારાષ્ટ્ર
3. ચૈતન્ય ભૂમિ – મુંબઈ મહારાષ્ટ્ર
4. ડૉ. આંબેડકર રાષ્ટ્રીય સ્મારક – 26 અલીપુર રોડ, દિલ્લી.
5. ડૉ. આંબેડકર સ્મારક - લંડન

"મારૂ સામાજિક તત્વજ્ઞાન ત્રણ જ શબ્દોમાં ગૂંથાયેલું છે, સ્વતંત્રતા, સમતા અને બંધુતા...."

-ડૉ. બાબાસાહેબ આંબેડકર

**ચૂંટણી બોન્ડ**

- **સુપ્રીમ કોર્ટ દ્વારા રાજકીય પક્ષોને દાન આપવા માટે બનેલા ચૂંટણી બોન્ડ પર રોક લગાવવાનો ઈન્કાર** કર્યો.
- આ સાથે જ **તમામ રાજકીય પક્ષોને આદેશ આપ્યો તેઓ 30 મે સુધીમાં ચૂંટણીપંચને સીલબંધ કવરમાં ચૂંટણી બોન્ડ અંગે માહિતી આપે.**

**ચૂંટણી બોન્ડ**

- ચૂંટણી બોન્ડ ખરીદવા દાન આપનારે કેવાયસી આપવાનું હોય છે.
- બેન્ક ચૂંટણી બોન્ડ ખરીદનારની જાણકારી ન આપી શકે. એસબીઆઈની બ્રાન્ચમાં બોન્ડ મળે છે.
- ચૂંટણી બોન્ડ ખરીદ્યાનો ઉલ્લેખ બેલેન્સ શીટમાં કરવાનો હોય છે. તેનાથી ટેક્સ રિબેટ મળે છે.
- દાન આપનાર માત્ર ચેક કે ડિજિટલ પેમેન્ટથી જ ચૂંટણી બોન્ડ ખરીદી શકે છે. પછી તે રાજકીય પક્ષને ચૂંટણી બોન્ડ આપી દે છે. પછી જે-તે પક્ષ બેન્કમાંથી તેને વટાવી લે છે.
- ચૂંટણી બોન્ડ 15 દિવસ માટે માન્ય હોય છે.
- કેન્દ્ર સરકાર વર્ષ 2016માં પોલિટિકલ ફન્ડિંગ માટે ચૂંટણી બોન્ડનો કોન્સેપ્ટ લાવી હતી.
- ચૂંટણી બોન્ડ 1 હજાર, 10 હજાર, 1 લાખ, 10 લાખ, અને 1 કરોડ રૂ. ના હોય છે.
- ચૂંટણી બોન્ડના ત્રણ પક્ષકાર
- 1. દાન આપનાર, જે વ્યક્તિ, કંપની કે સંસ્થા હોઈ શકે છે.
- 2. રાજકીય પક્ષ કે જેને દાન અપાય છે.
- 3. બેન્ક, જ્યાંથી બોન્ડ ઈસ્યૂ થાય છે.

**ખાનગી ક્ષેત્રની કંપની દ્વારા પ્રથમ અંતરિક્ષ લૉંચિંગ**

- **અમેરિકાની ખાનગી અંતરિક્ષ કંપની સ્પેસએક્સ દ્વારા તાજેતરમાં વિશ્વના સૌથી શક્તિશાળી ઓપરેશન રોકેટ "ફાલ્કન હેવી"નું પ્રથમ ખાનગી ક્ષેત્રનું સફળતા પૂર્વક લૉંચિંગ કર્યું.**
- આ રોકેટને અમેરિકાના ફ્લોરિડાના કેપ કૈનવેરલ ખાતેથી લોન્ચ કરવામાં આવ્યું.
- રોકેટ **"ફાલ્કાન હેવી" રી-યુઝેબલ રોકેટ** છે.
- આ રોકેટ મારફતે 6 ટન વજન ધરાવતા અરબસેટ-6 A ઉપગ્રહને પૃથ્વીથી 36000 કિલોમીટર ઉપર કક્ષામાં સ્થાપિત કરવામાં આવ્યો.

**સ્પેસ એકસ**

- **સ્પેસ એકસની સ્થાપના વર્ષ 2002માં એલોન મસ્ક દ્વારા** કરવામાં આવી હતી, હાલ તેઓ સ્પેસ એકસના સીઈઓ તરીકે કાર્ય કરે છે.
- આ કંપનીની સ્થાપના **અંતરિક્ષ પરિવહનને સસ્તું કરવા અને મંગળ ગ્રહ પર માનવીય જીવનની સ્થાપના કરવાના ઉદ્દેશ્યથી** કરવામાં આવી છે.
- અંતરિક્ષ પરિવહનને સસ્તું કરવા કંપની રી-યુજેબલ રોકેટનું નિર્માણ કરે છે. **(રી-યુજેબલ રોકેટ પુન:ઉપયોગી કરી શકાય તેવું રોકેટ)**

**સરસ્વતી સન્માન 2018**

- **તેલુગુ ભાષાના કવિ કે. સિવા રેડ્ડીને પ્રતિષ્ઠિત સરસ્વતી સન્માન 2018** માટે પસંદ કરવામાં આવ્યા.
- તેમને આ સન્માન **તેમના કાવ્યસંગ્રહ "પક્કાકી ઓટ્ટીગિલિતે" માટે** આપવામાં આવ્યું.

**સરસ્વતી સન્માન**

- **દર વર્ષે આ સન્માન સંવિધાનની આઠમી અનુસૂચિમાં દર્શાવેલ ભાષાઓમાં ઉત્કૃષ્ઠ સાહિત્ય કૃતિને આપવામાં આવે છે.**
- આ **સન્માન કે.કે. બિરલા ફાઉન્ડેશન દ્વારા** આપવામાં આવે છે.
- આ સન્માનની શરૂઆત **વર્ષ 1991માં** થઈ હતી.
- **પ્રથમ સરસ્વતી સન્માન હિન્દી ભાષાના સાહિત્યકાર હરિવંશરાય બચ્ચનને** એનાયત થયું હતું.
- આ સન્માનમાં વિજેતાને 15 લાખ રોકડા અને પ્રમાણપત્ર આપવામાં આવે છે.

1. હિન્દુ કેલેન્ડર મુજબ રામનવમી ક્યારે ઉજવાય છે?
 - ચૈત્ર સુદ નોમ
2. રાષ્ટ્રીય અગ્નિશામન દિવસ ક્યારે ઉજવાય છે? - 14 એપ્રિલ
3. કોના જન્મદિન નિમિતે સમરસતા દિવસ ઉજવવામાં આવે છે?
 - ડો. બાબાસાહેબ આંબેડકર
4. બાબાસાહેબનું પુરૂનામ જણાવો?
 - ડો. ભીમરાવ રામજીભાઈ આંબેડકર
5. બાબાસાહેબની જન્મભૂમિ જણાવો? - મહુ, મધ્યપ્રદેશ
6. વિશ્વના સૌથી શક્તિશાળી ઓપરેશન રોકેટ 'ફાલ્કન હેવી'નુ લોન્ચિંગ કઈ કંપની દ્વારા કરાયુ? - સ્પેસ એક્સ
7. સરસ્વતી સન્માન-2018 માટે કોને પસંદ કરવામાં આવ્યા છે?
 - કે. સિવા રેડ્ડી

***15 April 2019***

**વિશ્વના સૌથી મોટા વિમાન "સ્ટ્રેટોલોન્ચ"નું સફળ પરીક્ષણ**

- વિશ્વના સૌથી મોટા વિમાનનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું.
- **આ વિમાનનું નામ "સ્ટ્રેટોલોન્ચ" છે જેણે કેલિફોર્નિયામાં પ્રથમ ઉડાન ભરી** હતી.
- તેનું પરિક્ષણ આશરે અઢી કલાક સુધી **મોઝાવે રણની ઉપર** કરવામાં આવ્યું.
- 302 કિમી. પ્રતિ કલાકની ઝડપે ઉડતા તે 17500 ફૂટની ઊંચાઈ સુધી ગયું.
- "સ્ટ્રેટોલોન્ચ"માં બે વિમાનની મુખ્ય બોડીને જોડવામાં આવી છે.
- આ વિમાનમાં **બોઈંગ 747ના છ એન્જિનનો ઉપયોગ** કરવામાં આવ્યો છે.
- "સ્ટ્રેટોલોન્ચ" બે કોકપિટ ધરાવતું વિમાન છે.
- "સ્ટ્રેટોલોન્ચ" ત્રણ સેટેલાઈટ ધરાવતા રોકેટને લઈ ઊડી તેનું લોન્ચિંગ પણ કરી શકાય છે.
- "સ્ટ્રેટોલોન્ચ"ની રચના એ રીતે કરવામાં આવી છે કે બંને વિમાન વચ્ચેની જગ્યાનો ઉપયોગ સેટેલાઈટના લોન્ચિંગ પેડ તરીકે થઈ શકે.

**સ્ટેટ ઓફ વર્લ્ડ પોપ્યુલેશન 2019**

- તાજેતરમાં **સંયુક્ત રાષ્ટ્ર દ્વારા "સ્ટેટ ઓફ વર્લ્ડ પોપ્યુલેશન 2019" રિપોર્ટ** જાહેર કરવામાં આવ્યો.
- **સંયુક્ત રાષ્ટ્રના પોપ્યુલેશન ફંડ દ્વારા જાહેર થયેલ આ રિપોર્ટ મુજબ ભારતનો વસતિ વૃદ્ધિ દર ચીન કરતા બમણો છે.**
- વર્ષ 2010થી **2019 દરમ્યાન ભારતની વસતિ દર વર્ષે સરેરાશ 1.3% વધી રહી છે.**
- આ રિપોર્ટ મુજબ વર્ષ **2019માં ભારતની વસતિ લગભગ 136 કરોડ** પહોંચી છે.
- વર્ષ **2019માં ચીનની વસતિ લગભગ 142 કરોડ** પહોંચી છે.
- આ રિપોર્ટ **મુજબ ભારતના નાગરિકોનું સરેરાશ આયુષ્ય વર્ષ 2019માં 69 વર્ષ** થયું છે.
- વર્ષ 2019માં મહિલા પ્રજનન દર 2.3% થયો છે જે 1969માં 5.6% અને વરસ 1994માં 3.7% હતો.

**સયુંક્ત રાષ્ટ્ર**

- સ્થાપના – 24 ઓકટોબર 1945
- સભ્ય દેશો – 193 (સ્થાપના સમયે 51 સભ્યો)
- સત્તાવાર ભાષા – અરેબિક, ચાઈનીઝ, અંગ્રેજી, ફ્રેન્ચ, રશિયન, સ્પેનિશ

- મુખ્ય મથક – ન્યુયોર્ક

**ભારતમાં વસ્તી ગણતરી**

- ભારતમાં સૌપ્રથમ વસતિ ગણતરી 1871માં જમશેદજી તાતા દ્વારા કરવામાં આવી હતી.
- ભારતમાં વ્યવસ્થિત વસતિ ગણતરી વર્ષ 1891માં થઈ હતી.
- વર્ષ 1891 બાદ દર વર્ષે વસતિ ગણતરી કરવામાં આવે છે.
- સ્વતંત્રતા પછીનું પ્રથમ વસતિ ગણતરી પત્રક વર્ષ 1951માં તૈયાર થયું હતું.

**નઝમા અખ્તર – ઝમિયા મિલિયા ઈસ્લામિયા વિશ્વવિદ્યાલય**

- તાજેતરમાં રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ દ્વારા નઝમા અખ્તરને ઝામિયા મિલિયા ઈસ્લામિયા વિશ્વ વિદ્યાલયના વાઈસ ચાંસેલર તરીકે નિયુક્ત થનાર પ્રથમ મહિલા છે.

**ઝામિયા મિલિયા ઈસ્લામિયા વિશ્વવિદ્યાલય**

- ઝામિયા મિલિયા ઈસ્લામિયા વિશ્વ વિદ્યાલય નવી દિલ્લી ખાતે આવેલ સાર્વજનિક વિશ્વ વિદ્યાલય છે.
- ડૉ. ઝાકિર હુસૈન ઝામિયા મિલિયા ઈસ્લામિયા વિશ્વ વિદ્યાલયના પ્રથમ ચાંસેલર હતા.
- ઝામિયા મિલિયા ઈસ્લામિયાને ભારતીય સંસદ દ્વારા વર્ષ 1988માં કેન્દ્રિય વિશ્વવિદ્યાલય બનાવવામાં આવી હતી.
- મણિપુરના રાજ્યપાલ નઝમાં હેપતુલ્લા હાલ આ વિશ્વવિદ્યાલયના ચાંસેલર છે.

**દીપા મલિક – સર એડમંડ હેલેરી ફેલોશિપ**

- રિયો પેરાઓલમ્પિકમાં સિલ્વર મેડલ વિજેતા **દીપા મલિકને સર એડમંડ હેલેરી ફેલોશિપ 2019** માટે પસંદ કરવામાં આવ્યા.
- આ ફેલોશીપ **ન્યુઝીલેન્ડના પ્રધાનમંત્રી દ્વારા** આપવામાં આવે છે.
- દીપા મલિક **ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેના રમત, સાંસ્કૃતિક અને દ્વિપક્ષીય મામલાઓ પર કાર્ય** કરશે.
- **દીપા મલિકે વર્ષ 2016માં રિયો પેરાઓલમ્પિકમાં શોટ પુટ ઈવેન્ટમાં સિલ્વર** મેડલ જીત્યો હતો.
- **દીપા મલિકનો જન્મ 30 સપ્ટેમ્બર 1970ના રોજ હરિયાણામાં** થયો હતો.
- સર એડમંડ હેલેરી ફેલોશિપની શરૂઆત વર્ષ 2008માં કરવામાં આવી હતી.
- સર એડમંડ હેલેરી ફેલોશિપનો મુખ્ય ઉદ્દેશ ભારત અને ન્યુઝીલેન્ડના સંબંધો મજબૂત કરવાનો છે.

**સર એડમંડ હેલેરી**

- સર એડમંડ હેલેરી ન્યુઝીલેન્ડના પર્વતારોહી છે.
- તેમણે વર્ષ 1953માં નેપાળના શેરપા તેનજિંગ સાથે મળી સર્વપ્રથમ વખત માઉન્ટ એવરેસ્ટ સર કર્યો હતો.
- વર્ષ 1985થી 1988 સુધી તેઓએ ભારત, નેપાળ અને બાંગ્લાદેશના ઉચ્ચાયુક્ત તરીકે કાર્ય કર્યું હતું.

**મલાવી દેશ ખાતે ભારત એગ્રિકલ્ચર ઈન્સ્ટિટયૂટની સ્થાપના**

- આફ્રિકાના મલાવી દેશ ખાતે ભારત એગ્રિકલ્ચર ઈન્સ્ટિટયૂટની સ્થાપના કરશે.
- આ ઈન્સ્ટિટયૂટ “”Inida Africa Institute of agriculture and rural development” નામે સ્થાપવામાં આવશે.
- આ ઈન્સ્ટિટયૂટની સ્થાપના માટે ભારતે **NABCONS (national bank for agriculture and rural development)** સાથે કરાર કર્યા છે.

***16 April 2019***

**ઝીણાભાઈ રત્નજી દેસાઈ – જન્મ જયંતિ**

- મૂર્ધન્ય સાહિત્યકાર **ઝીણાભાઈ રત્નજી દેસાઈની આજે 116મી જન્મ જયંતિ.**
- તેમનો **જન્મ 16 એપ્રિલ 1903ના રોજ વલસાડ જિલ્લાના ચિખલી** ખાતે થયો હતો.
- તેઓ **સ્નેહરશ્મિના ઉપનામથી** જાણીતા છે.
- તેમણે વર્ષ 1942માં હિન્દ છોડો આંદોલનના ભાગરૂપે જેલવાસ ભોગવ્યો હતો.
- વર્ષ **1961માં તેમને તત્કાલીનરાષ્ટ્રપતિશ્રીના હસ્તે ઉત્તમ શિક્ષક એવોર્ડ** પ્રાપ્ત થયો હતો.
- વર્ષ **1972માં તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ** બન્યા હતા.
- વર્ષ **1967માં તેમને રણજીતરામ સુવર્ણચંદ્રક તેમજ વર્ષ 1985માં નર્મદ ચંદ્રક** એનાયત થયો હતો.
- આસોપાલવ, અંતરપટ, આત્મકથા, પનઘટ વગેરે તેમની જાણીતી કૃતિ છે.
- 6 જાન્યુઆરી 1991ના રોજ તેમનું અવસાન થયું હતું.

**ભારતમાં રેલવેને 166 વર્ષ પૂર્ણ**

- અંગ્રેજોના શાસન દરમિયાન **ભારતમાં વર્ષ 1853માં 16 એપ્રિલના રોજ પ્રથમ ટ્રેન બોમ્બેથી થાણે** વચ્ચે શરૂ થઈ હતી.
- **આ રેલવે લાઈન ગ્રેટ ઈન્ડિયન પેનિનસુલા રેલવે કંપની** દ્વારા પાથરવામાં આવી હતી જે કોલકતાની હતી.
- **પ્રથમ ટ્રેન યાત્રા બપોરે 3.30** વાગ્યે **બોરીબંદર (હાલનું છત્રપતિ શિવાજી ટર્મિનલ)થી** શરૂ થઈ હતી.
- **પ્રથમ ટ્રેન વરાળથી ચાલતા એન્જિન** દ્વારા ચલાવાઈ હતી.

- આઝાદીના ચાર વર્ષ પછી **વર્ષ 1951માં રેલવેનું રાષ્ટ્રીયકરણ** કરી દેવામાં આવ્યું.
- હાલમાં ભારતીય રેલવે લગભગ 14 લાખ કર્મચારીઓને રોજગાર આપતો વિભાગ છે.

**ICC વર્લ્ડ કપ – ભારતીય ટીમની ઘોષણા**

- **ભારતીય ક્રિકેટ બોર્ડ દ્વારા તાજેતરમાં આઈસીસી વર્લ્ડ કપ 2019ની ટીમ જાહેર** કરવામાં આવી.
- આ **ટીમમાં 15 સભ્યોનો સમાવેશ** થાય છે.
- **બીસીસીઆઈ તરફથી એમએસકે પ્રસાદની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય પસંદગી સમિતિએ આ ટીમની પસંદગી કરી છે.**
- આ 15 સભ્યની ટીમમાં **8 ખેલાડી એવા છે જે પ્રથમવાર વર્લ્ડ કપ** રમશે.
- ટીમમાં ગુજરાતના 3 ખેલાડી – હાર્દિક પંડયા, રવીન્દ્ર જાડેજા અને જસપ્રીત બુમરાહનો સમાવેશ કરાયો છે.
- વિરાટ કોહલીની કેપ્ટનશિપ સાથે ટીમ ઈન્ડિયા પોતાની પ્રથમ મેચ 5 જૂનના રોજ દક્ષિણ આફ્રિકા વિરુધ્ધ રમશે.
- વર્લ્ડ કપ 2019માં ભારતીય ટીમ
  - વિરાટ કોહલી (કેપ્ટન), રોહિત શર્મા, (વાઈસ કેપ્ટન) મહેન્દ્રસિંહ ધોની (વિકેટ કિપર), શિખર ધવન, કે.એલ. રાહુલ, વિજય શંકર, કેદાર જાધવ, દિનેશ કાર્તિક, હાર્દિક પંડયા, રવિન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ, યુજવેન્દ્ર ચહલ, ભુવનેશ્વર કુમાર, જસપ્રીત બૂમરાહ, મહમદ શમી

**આઈસીસી વર્લ્ડ કપ 2019**

- આઈસીસી વર્લ્ડ કપ 2019નું આયોજન ઈંગ્લેન્ડ અને વેલ્સ ખાતે 30 મે થી 14 જુલાઈ સુધી થશે.
- આ વખતે ટુર્નામેન્ટનું આયોજન રાઉન્ડ રોબિન અને નોક આઉટ ફોર્મેટમાં થશે જેમા ભાગ લેનાર બધી જ ટીમ એક એક વખત ટકરાશે.
- વર્લ્ડ કપ 2019માં કુલ 10 ટીમ ભાગ લઈ રહી છે જેમના વચ્ચે કુલ 48 વનડે મેચ યોજાશે.
- આઈસીસી વર્લ્ડ કપનું આ 12મુ આયોજન છે.

**આઈસીસી વર્લ્ડ કપ**

- આઈસીસી વર્લ્ડ કપ વનડે આંતરરાષ્ટ્રીય ક્રિકેટની એક ચેમ્પિયનશિપ છે.
- વર્લ્ડ કપનું આયોજન દર ચાર વર્ષે ઈન્ટનરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ દ્વારા કરવામાં આવે છે.
- આઈસીસી વર્લ્ડ કપ દુનિયાની ત્રીજા ક્રમની સૌથી વધુ જોવાતી રમત સ્પર્ધા છે. જેમાં પ્રથમ ક્રમે રમત ફિફા વર્લ્ડ કપ છે જ્યારે બીજા ક્રમે ઓલિમ્પિક છે.
- પ્રથમ વર્લ્ડ કપનું આયોજન વર્ષ 1975માં ઈંગ્લેન્ડમાં થયું હતું.
- પ્રથમ ત્રણ વર્લ્ડ કપનું આયોજન ઈંગ્લેન્ડમાં થયું હતું.વર્ષ 1987 બાદ તેનું આયોજન દર ચાર વર્ષે અલગ અલગ દેશમાં કરવામાં આવે છે.

**વર્લ્ડ કપમાં ભારત**

- ભારતે અત્યાર સુધી 2 વર્લ્ડ કપ ટુર્નામેન્ટમાં જીત મેળવી છે.
- ભારતે પ્રથમ વર્લ્ડ કપ વર્ષ 1983માં કપિલદેવની કેપ્ટનશિપ સાથે વેસ્ટઈન્ડિઝને હરાવી જીત્યો હતો. તેની ફાઈનલ મેચનું આયોજન ઈંગ્લેન્ડના લંડન ખાતે થયું હતુ.
- જ્યારે બીજી વખત ભારતે વર્ષ 2011માં મહેન્દ્રસિંહ ધોનીની કેપ્ટનશિપ સાથે શ્રીલંકાને હરાવી આ ટાઈટલ જીત્યું હતું. તેની ફાઈનલનું આયોજન ભારતના મુંબઈ ખાતે થયું હતું.
- ભારતમાં અત્યારસુધી બે વખત વર્લ્ડ કપનું આયોજન થયું છે.
  1. વર્ષ 1987
  2. વર્ષ 2011
- વર્ષ 2023માં યોજાનાર વર્લ્ડ કપનું આયોજન ભારતમાં કરવામાં આવશે.

**ICC – International Cricket Council**

- આઈસીસીની સ્થાપના વર્ષ 1909માં થઈ હતી. તેની સ્થાપના ઓસ્ટ્રેલીયા, ઈંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકાના પ્રતિનિધિઓ દ્વારા ઈમ્પીરીયલ ક્રિકેટ કોન્ફરેન્સ તરીકે કરવામાં આવી હતી.
- બાદમાં વર્ષ 1965માં તેનું નામ ઈન્ટરનેશનલ ક્રિકેટ કોન્ફરન્સ અને વર્ષ 1989માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ) કરવામાં આવ્યું.
- આઈસીસી વૈશ્વિક ક્રિકેટનું સંચાલન કરે છે. હાલ 105 દેશો આઈસીસીના સભ્યો છે.
- આઈસીસીના મુખ્ય કાર્યકારી અધિકારી મનુ સાહની છે. આઈસીસીના ચેરમેન શશાંક મનોહર છે. તેનું મુખ્યમથક- દુબઈ

**ભારતીય ક્રિકેટ બોર્ડ**

- ભારતીય ક્રિકેટ બોર્ડ (બીસીસીઆઈ) ભારતમાં ક્રિકેટનું નિયંત્રણ કરતી રાષ્ટ્રીય સંસ્થા છે.
- તેની સ્થાપના વર્ષ 1928માં થઈ હતી.
- બીસીસીઆઈનું મુખ્યમથક મુંબઈ ખાતે આવેલ વાનખેડે સ્ટેડિયમમાં છે.

સબ-સોનિક ક્રૂઝ મિસાઈલ 'નિર્ભય'નું સફળ પરિક્ષણ

- ભારતે **સ્વદેશી સબ-સોનિક ક્રૂઝ મિસાઈલ 'નિર્ભય'નું સફળ પરિક્ષણ** કર્યું.
- આ પરીક્ષણ **ઓડિશાના ચાંદીપુર** ખાતે કરવામાં આવ્યું.
- આ મિસાઈલથી ભારતને સંરક્ષણ ક્ષેત્રમાં વધુ મજબૂતી મળશે.
- આ મિસાઈલ **ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ) દ્વારા બનાવવામાં** આવી હતી.
- આ પરીક્ષણ મિસાઈલના બૂસ્ટ અને ક્રૂઝ ફેઝને ઓછી ઊંચાઈ પર દિશા આપવાની ક્ષમતા ચકાસવા માટે કરાયું હતું.
- મિસાઈલે ઓછી ઊંચાઈ પર પોતાની ક્ષમતાનું પ્રદર્શન કરી બધા લક્ષ્યો હાંસલ કર્યા.
- ટેસ્ટ દરમિયાન મિસાઈલ પર ઈલેક્ટ્રો ઓપ્ટિકલ ટ્રેકિંગ સિસ્ટમ, રડાર અને ગ્રાઉન્ડ ટેલિમિટ્રી સિસ્ટમથી સતત નજર રખાઈ હતી.
- નિર્ભય મિસાઈલ 300 કિ.ગ્રા. સુધીના પરમાણુઓને પોતાની સાથે લઈ જવા સક્ષમ છે.
- નિર્ભય 6 મીટર લાંબી અને 0.52 મીટર પહોળી મિસાઈલ છે.

1. ઝીણાભાઈ રતનજી દેસાઈનો જન્મ ક્યા થયો હતો?
 - ચિખલી, વલસાડ
2. ઝીણાભાઈ દેસાઈનું ઉપનામ જણાવો? - સ્નેહરશ્મિ
3. ભારતની પ્રથમ ટ્રેન ક્યા બે સ્ટેશન વચ્ચે શરૂ થઈ હતી?
 - બોમ્બે થી થાણા
4. ICC વર્લ્ડકપ-2019મા ભારતીય ટીમમાં કુલ કેટલા ગુજરાતીને સ્થાન મળ્યુ છે? - 3 (ત્રણ)
5. ભારતે પ્રથમ ક્રિકેટ વર્લ્ડકપ ક્યારે જીત્યો હતો? - 1983
6. ક્રિકેટ વર્લ્ડકપ-2023નું આયોજન ક્યાં થશે? - ભારત

***17 April 2019***

મહાવીર જંયતિ

- **જૈન ધર્મના ચોવીસમા તેમજ છેલ્લા તીર્થંકાર મહાવીર સ્વામીની જન્યજયંતિ.**
- તેમનો જન્મ **ભારતીય વૈદિક પંચાગના ઈસ. પૂર્વે 599 વિક્રમ સંવત ચૈત્ર સુદ તેરસના દિવસે** થયો હતો.
- આ દિવસને **મહાવીર જન્મ કલ્યાણક** તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તેમનો **જન્મ બિહારના વૈશાખી જિલ્લાના કુંડગ્રામમાં થયો** હતો. તેમનું **બાળપણનું નામ વર્ધમાન** હતું.
- તેમના **માતાનું નામ ત્રિશલા દેવી** હતું. તેમના **પિતાનું નામ સિધ્ધાર્થ.**
- તેમના **ભાઈનું નામ નંદીવર્ધન** હતું.
- તેમના **પત્નીનું નામ યશોદા** હતું. તેમના **પુત્રીનું નામ પ્રિયદર્શન** હતું.
- તેમના **જમાઈ જમીલ હતા તેઓ મહાવીર સ્વામીના પ્રથમ શીષ્ય હતા.**
- મહાવીર સ્વામીએ **29 વર્ષની વયે ગૃહ ત્યાગ** કર્યો હતો.
- તેમણે **12 વર્ષ સુધી તપશ્ચર્યા** કરી હતી.
- જ્ઞાન પ્રાપ્તિનું સ્થળ – **જૂંભીક ગામ ખાતે રૂજુપાલિકા નદી નજીકના સાલના વૃક્ષ નીચે** (કેવલ્ય જ્ઞાન પ્રાપ્ત)
- જ્ઞાન પ્રાપ્તી પછીના નામ
    - મહાવીર
    - કૈવ્લિન
    - જીન
    - નિર્ગન્થ
- તેમની ઉપદેશની ભાષા અર્ધમાગધી (પ્રાકૃત) હતી.
- તેમના **ધર્મગ્રંથમાં આગમ અને કલ્પસૂત્રનો** સમાવેશ થાય છે.
- તેમના મુખ્યપંથ શ્વેતાંમ્બર દિગંબર તેરાપંથી સ્થાનકવાસી (સુરેન્દ્રનગરના લીંબડીથી શરૂ થયેલ શાખા) ડેરાવાસી
- તેમણે લોકોને **પ્રથમ ઉપદેશ રાજગૃહ પાસે વિદ્દુચલ પહાડીઓમાં** આપ્યો હતો.
- તેમનું મૃત્યું ઈસ. પૂર્વે 527માં 72 વર્ષની વયે બિહારના નાલંદામાં પાવાપૂરી ખાતે થયું હતું.
- મહાવીર સ્વામીએ **જૈન ધર્મનું પાંચમું વ્રત બ્રહ્મચર્ય** આપ્યું હતું.
- તેમના કુલ સંખ્યા 11 શિષ્યો હતા તેમને ગણોધર તરીકે ઓળખવામાં આવે છે.

**જૈન ધર્મ**

- જૈન ધર્મના અધિઠાત્રા અથવા અવતારીઓ તીર્થંકર તરીકે ઓળખાય છે.
- જૈન ધર્મના બે સંપ્રદાય છે.
    1. શ્વેતાંબર
    2. દિગંબર
- જૈન ધર્મમાં કુલ 24 તીર્થંકાર થયા છે.જેમાં પ્રથમ તીર્થંકર ઋષભદેવ અને અંતિમ તીર્થંકાર મહાવીર સ્વામી.
- વિષ્ણુપૂરાણ અને ભાગવત પૂરાણમાં જૈન ધર્મના પ્રથમ તીર્થંકર ઋષભદેવનો ઉલ્લેખ છે.
- ઋગ્વેદમાં જૈન ધર્મના બે તીર્થંકાર ઋષભદેવ અને 22માં તીર્થંકાર અરિષ્ટનેમિનો ઉલ્લેખ છે.
- જૈન ધર્મની મુખ્ય સભાઓ
    1. ઈસ. પૂર્વે 298, સ્થળ પાટલીપુત્ર, શાસક ચંદ્રગુપ્ત

મૌર્ય, અધ્યક્ષ સ્થૂલીભદ્ર, કાર્ય શ્વેતાંબર અને દિગંબર સંપ્રદાયના ફાટા અને જૈન ધર્મ ગ્રંથની મૌલિક રચના.

2. ઈસ. પૂર્વે 512, સ્થળ વલ્લભી, શાસક ધ્રુવસેન પ્રથમ, અધ્યક્ષ દેવાર્ધ શ્રમાશ્રવણ, કાર્ય જૈન ધર્મ ગ્રંથને લિપિબધ્ધ કરવામાં આવ્યા.

**વર્લ્ડ હેમોફિલિયા દિવસ**

- દર વર્ષે **17 એપ્રિલના રોજ વર્લ્ડ હેમોફિલિયા દિવસ** મનાવવામાં આવે છે.
- આ દિવસ હેમોફિલિયાના દર્દીઓ અને અન્ય લોકોને હેમોફિલિયા અંગે જાગૃત કરવા મનાવવામાં આવે છે.
- આ દિવસ **વર્લ્ડ હેમોફિલિયા ફાઉન્ડેશનના સ્થાપક ફ્રેન્ક શાનબેલના જન્મદિવસ નિમિત્તે** મનાવવામાં આવે છે.
- તેમણે વર્ષ **1963માં વર્લ્ડ હેમોફિલિયા ફાઉન્ડેશનની સ્થાપના** કરી હતી.
- વર્લ્ડ હેમોફિલિયા ફાઉન્ડેશનની અનુસાર વર્ષ 2017માં વિશ્વમાં 1.96 લાખ લોકો સુધી આ રોગથી પીડિત હતા.
- હેમોફિલિયા **એક આનુવંશિક રોગ છે. જેમાં દર્દીને ઈજાનો ભાગ રૂજાતો નથી.**
- વર્ષ 2019 થીમ – Reaching out : The First Step to Care

**વેલ્લોર લોકસભા સીટનું મતદાન રદ**

- રાષ્ટ્રપતિશ્રી **રામનાથ કોવિંદે વેલ્લોર લોકસભા બેઠકનું મતદાન રદ કર્યું.**
- ભારતય ચૂંટણી પંચે રાષ્ટ્રપતિશ્રીને વેલ્લોર લોકસભા બેઠકનું મતદાન રદ કરવાની માંગ કરી હતી.
- આ બેઠક પર 18 એપ્રિલના રોજ મતદાન થવાનું હતું.
- વેલ્લોર બેઠકના DMK પક્ષના ઉમેદવાર વેયર હાઉસ પાસેથી 11.5 કરોડ રૂપિયા રોક સ્વરૂપે મળી આવતા ચૂંટણી પંચ દ્વારા મતદાન રદ કરવાની માંગ કરવામાં આવી હતી.
- વેલ્લોર બેઠક તામિલનાડુ રાજ્યમાં આવેલ છે.

**વિદેશ મંત્રાલય દ્વારા હિન્દ – પ્રશાંત ખંડની સ્થાપના**

- વિદેશ મંત્રાલય દ્વારા વિદેશ કાર્યાલયમાં હિન્દ-પ્રશાંત નામના નવા ખંડની સ્થાપના કરવામાં આવી.
- તેનો ઉદ્દેશ્ય વર્ષ 2018માં શાંગી-લા કોન્ફરન્સમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા રજૂ કરવામાં આવેલ હિન્દ પ્રશાંત નીતિને પ્રોત્સાહન આપવો છે.
- હિન્દ-પ્રશાંત ખંડના મુખ્ય સંયુક્ત સચિવ વિક્રમ દોરાસ્વામી છે.

**પુલિત્ઝર પુરસ્કાર 2019**

- ન્યુયોર્કની કોલમ્બિયા વિશ્વવિદ્યાલય ખાતે પુલિત્ઝર પુરસ્કાર બોર્ડ દ્વારા પુલિત્ઝર પુરસ્કાર 2019 વિજેતાની જાહેરાત કરવામાં આવી.
- પુલિત્ઝર પુરસ્કાર **સાહિત્ય, સંગીત, નાટક અને પત્રકાર ક્ષેત્રે યોગદાન બદલ દર વર્ષે** આપવામાં આવે છે.
- આ **પુરસ્કાર કુલ 21 કેટેગરીમાં** એનાયત થાય છે.
- આ પુરસ્કાર કોલમ્બિયા વિશ્વવિદ્યાલય દ્વારા આપવામાં આવે છે જેમાં દરેક શ્રેણીના વિજેતાને એક પ્રમાણપત્ર સાથે 1000 ડોલર રોકડ ઈનામ અપાય છે.
- આ પુરસ્કાર વર્ષ 1917થી અમેરિકાના પ્રકાશ જોસેફ પુલિત્ઝરની યાદમાં આપવામાં આવે છે.

| પુલિત્ઝર પુરસ્કાર 2019ના વિજેતા | | |
|---|---|---|
| કેટગરી | વિજેતા | કૃતિ |
| નવલકથા | રિચર્ડ પાવર્સ | ધ ઓવર સ્ટોરી |
| નાટ્ય | જેકી સિબિબલ એસ ડ્રુરી | ફેયરવ્યૂ |
| ઈતિહાસ | ડેવિડ બ્લાઈટ | ફેડરિક ડગલ્સ |
| આત્મકથા | જેકી સી સ્ટીવર્ટ | ધ ન્યૂ નિગ્રો |
| કાવ્ય | ફારેસ્ટર ગ્રેટર | બી વિદ |
| સંગીત | એલેન રીડ | PRISM |
| પત્રકારત્વ | લોકસેવા | ધ સાઉથ ફ્લોરિડા સન સેન્ટિનલ |
| | આંતરરાષ્ટ્રીય રિપોર્ટિંગ | વા લોન તથા ક્યાવ સો ઉ |

1. જૈન ધર્મના 24માં તીર્થંકરનુ નામ જણાવો? - મહાવીર સ્વામી
2. મહાવીર સ્વામીનું બાળપણનું નામ જણાવો? - વર્ધમાન
3. વલ્ડ હેમોફિલિયા દિવસ ક્યારે ઉજવાયછે? - 17 એપ્રિલ
4. વેલ્લોર બેઠક ક્યા રાજ્યમાં આવેલ છે? - તામિલનાડુ
5. હિન્દ-પ્રશાંત ખંડના મુખ્ય સંયુક્ત સચિવ જણાવો?
 - વિક્રમ દોરાસ્વામી

***18 April 2019***

**વર્લ્ડ હેરિટેજ ડે**

- દર વર્ષે **18 એપ્રિલના રોજ વર્લ્ડ હેરિટેજ ડે** મનાવવામાં આવે છે.
- આ દિવસની ઉજવણી દર વર્ષે **ઐતિહાસિક વારસાની જાળવણી, તેનું જતન અને સુરક્ષા માટે** કરવામાં આવે છે.
- **વર્ષ 1983માં "વર્લ્ડ હેરીટેજ ડે" તરીકે ઉજવવાનો પ્રસ્તાવ યુનેસ્કોની સભા દ્વારા મંજૂર** કરવામાં આવ્યો હતો.

- હેરિટેજ દિવસને "The Internaional Day for Monuments and sites" તરીકે પણ ઓળખવામાં આ છે.
- **વિશ્વમાં સૌથી વધુ વર્લ્ડ હેરિટેજ સાઈટ ઈટાલીમાં** આવેલી છે.
- **ભારતમાં કુલ 37 વર્લ્ડ હેરિટેજ સાઈટ** છે. જેમાં 29 સાંસ્કૃતિક સ્થળો, સાત પ્રાકૃતિક સ્થળો એક મિશ્રિત સાઈટ સામેલ છે.
- **ભારતમાં સૌથી વધુ હેરિટેજ સાઈટ મહારાષ્ટ્રમાં** આવેલ છે. (કુલ6)
- ભારતનો **તાજમહેલ વિશ્વની ટોપ-5 હેરિટેજ સાઈટમાં સ્થાન** ધરાવે છે.
- **ભારતની પ્રથમ હેરિટેજ સાઈટ્સ તરીકે વર્ષ 1983માં આગ્રાનો કિલ્લો અને અજંતાની ગુફા** જાહેર કરાઈ છે.
- ગુજરાતમાં ચાંપાનેર (2004), રાણકીવાવ (2014) અમદાવાદ શહેર (2017)
- **અમદાવાદ ભારતનું એકમાત્ર હેરિટેજ શહેર છે.**
- થીમ 2019- **Rural Landscapes**

***UNESCO***

- યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન.
  **(United Nations Educational, Scientific and Cultural Organization)**
- સ્થાપના - 4 નવેમ્બર 1946
- વડુમથક – પેરિસ, ફ્રાન્સ
- સભ્ય દેશો - 193
- યૂનેસ્કોનો મુખ્ય હેતુ શિક્ષણ, પ્રકૃતિ, સમાજવિજ્ઞાન, સંસ્કૃતિ તથા સંચારના માધ્યમથી આંતરરાષ્ટ્રીય શાંતિમાં વધારો કરવાનો છે.

<u>મહર્ષિ કર્વે</u>

- **ધોંડુ કેશવ કર્વેની આજે જન્મ જયંતિ**
- તેમનો જન્મ 18 એપ્રિલ 1858માં **શેરવલી મહારાષ્ટ્ર** ખાતે થયો હતો.
- 15 વર્ષની ઉંમરે તેમના લગ્ન રાધાબાઈ સાથે થયા હતા.
- બાદમાં તેઓ **પુનાની ફર્ગ્યુંશન કોલેજમાં ગણિતના અધ્યાપક તરીકે જોડાયા હતા.**
- પશ્ચિમ ભારતમાં પુન:લગ્નએ રૂઢીચુસ્ત માનસના સમયે તેમણે વિધવા આનંદીબાઈ સાથે લગ્ન કર્યા હતા.
- વર્ષ **1958માં ભારત સરકાર દ્વારા તેમને ભારત રત્નથી** સન્માનીત કરવામાં આવ્યા હતા.

<u>આલ્બર્ટ આન્સ્ટાઈન</u>

- 18 એપ્રિલ 1955ના રોજ વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિક આલ્બર્ટ આન્સ્ટાઈનનું નિધન થયું હતું.
- પદાર્થમાં રહેલા દ્રવ્યનો જથ્થો અને ઉર્જાની વચ્ચે સંબંધ બતાવનાર ભૌતિકશાસ્ત્રના સાપેક્ષતાવદનો સિદ્ધાંત $E= mc2$ તેમણે આપ્યો હતો.
- તેમને તેમના પદાર્થ વિજ્ઞાન અને ફોટોઈલેક્ટ્રિક અસરના સંશોધન માટે વર્ષ 1921માં ભૌતિકશાસ્ત્રના નોબલ પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- તેમનો જન્મ 14 માર્ચ 1879ના રોજ જર્મનીમાં થયો હતો.

<u>ભારતીય સૈનિકોને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા શાંતિ રક્ષક મેડલ</u>

- **સંયુક્ત રાષ્ટ્ર દ્વારા દક્ષિણ સુદાનમાં સેવા આપતા ભારતીય સૈનિકોને શાંતિ રક્ષક મેડલથી** સન્માનીત કરવામાં આવ્યા હતા.
- શાંતિ માટે તહેનાત **150 ભારતીય સૈનિકોને** શાંતિ રક્ષક મેડલ આપ્યો છે.
- આ સૈનિકો **સ્વાસ્થય સેવાઓ સાથે જોડાયેલા** હતા.
- આ બટાલિયનના વડા ભારતીય કર્નલ અમિત ગુપ્તા છે. કર્નલ ગુપ્તાને પણ શાંતિ રક્ષક મેડલ અપાયો છે.

<u>યુનેસ્કો / ગુઈલેર્મો કાનો પ્રેસ સ્વતંત્રતા પુરસ્કાર</u>

- **યુનેસ્કો / ગુઈલેર્મો કાનો પ્રેસ સ્વતંત્રતા પુરસ્કાર 2019 રાઈટર્સ જુથના બે રિપોર્ટરને** એનાયત કરવામાં આવ્યો.
- **રાઈટર્સ જુથના વા લોન અને ક્યાવ સો ઉને મ્યાનમારના રાખન રાજ્યમાં માનવ અધિકાર ઉલ્લંઘન અંગેના તેમના રિપોર્ટિંગ માટે આ પુરસ્કાર** એનાયત કરવામાં આવ્યો.
- તેમના દ્વારા **મ્યાનમાર**ખાતે રોહિંગ્યા મુસલમાન પર થતાં અત્યાસારનું રિપોર્ટિંગ કરવામાં આવ્યું હતું.

<u>યુનેસ્કો / ગુઈલેર્મો પ્રેસ સ્વતંત્રતા પુરસ્કાર</u>

- આ પુરસ્કાર વિપરીત પરિસ્થિતીમાં પ્રેસની સ્વતંત્રતા માટે કાર્ય કરનાર સાહસી પત્રકારોને આપવામાં આવે છે.
- પુરસ્કાર વિજેતાને 25000 ડોલરનું ઈનામ આપવામાં આવે છે.
- આ પુરસ્કાર કોલમ્બિયાના સાહસી પત્રકાર ગુઈલેર્મો કાનો ઈરાઝાની યાદમાં આપવામાં આવે છે
- આ પુરસ્કારની શરૂઆત વર્ષ 1997માં થઈ હતી ત્યારથી દર વર્ષે આ પુરસ્કાર કોઈ એક વ્યક્તિ સંસ્થા કે સંસ્થા સાથે સંકળાયેલ પત્રકારોની ટીમને આપવામાં આવે છે.

<u>ટિક ટોક એપ પર પ્રતિબંધ</u>

- તાજેતરમાં **કેન્દ્ર સરકારે ગૂગલ અને એપલ સ્ટોર પરથી "ટિક ટોક એપ્લિકેશન હટાવવાના આદેશ આપ્યા"**
- થોડા સમય અગાઉ **મદ્રાસ હાઈકોર્ટ દ્વારા "ટિક ટોક"**

**એપ્લિકેશન પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો હતો. બાદમાં સુપ્રીમ કોર્ટ દ્વારા પણ આ પ્રતિબંધને જાળવી રાખવા આદેશ આપ્યો હતો.**

- સુપ્રીમ કોર્ટના નિર્દેશ બાદ કેન્દ્ર સરકાર દ્વારા "ટિક ટોક" એપ્લિકેશન હટાવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.
- અશ્લીલતા ફેલાવવાના લીધે અને બાળકો માટે જરૂરી સુરક્ષાના અભાવે ધ્યાને લઈને આ એપ્લીકેશન પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.
- અગાઉ **વર્ષ 2018માં ઈંડોનેશિયા દ્વારા આ એપ્લીકેશન પર પ્રતિબંધ** મૂકવામાં આવ્યો હતો જે બાદમાં હટાવી લેવાયો.
- **નવેમ્બર 2018માં બાંગલાદેશ દ્વારા** આ એપ્લીકેશનને બ્લોક કરવામાં આવી હતી.
- "ટિક ટોક" એક ચાઈનીઝ એપ્લીકેશન છે, જે વર્ષ 2016માં બાઈટડાંસ નામની ચીની કંપની દ્વારા લોન્ચ કરવામાં આવી હતી.

<u>પૃથ્વીના આકારના ગ્રહની શોધ - NASA</u>

- **નાસાના** Transiting Exoplanet Survey Satellite (TESS) **મિશને પૃથ્વીના આકારના ગ્રહની શોધ કરી.**
- **HD 21749 C નામના** આ ગ્રહ પૃથ્વીના વ્યાસના 89% ધરાવે છે.
- HD 21749 C TESS દ્વારા **શોધવામાં આવેલ 10મો ગ્રહ છે.**
- આ ગ્રહ **પૃથ્વીથી 53 પ્રકાશવર્ષ દૂર** આવેલ છે.
- તે એક તારાની પરિક્રમા કરે છે જે એક પરિક્રમા પૃથ્વીના 7.8 દિવસમાં પૂર્ણ કરે છે.
- **TESS** પૃથ્વીના નજીકના તારાઓની પરિક્રમા કરનાર ગ્રહોની શોધ કરે છે.
- **TESS** મિશનનું નેતૃત્વ મેસાચુસેટસ ટેકનોલિજક સંસ્થાની કાવલી ઈન્સ્ટિટ્યુટ ફોર એસ્ટ્રોફિઝીક્સ એન્ડ સ્પેસ રિસર્ચ દ્વારા કરવામાં આવે છે.
- **TESS મિશનને નાસા દ્વારા એપ્રિલ 2018માં લોન્ચ** કરવામાં આવ્યું હતું.
- **National Aeronautics and Space Administration**
- અવકાશીય અંતર ખગોળીય એકમ **ASTRONOMICAL UNITS (AU)**માં માપવામાં આવે છે.
- **AU** એટલે પૃથ્વીના કેન્દ્ર અને સૂર્યના કેન્દ્ર વચ્ચેનું સરેરાશ અંતર.
- **1 AU = 149,598,000 km = 1.496 x $10^8$ km**
- અવકાશીય અંતર માપવા માટે બીજો એકમ પ્રકાશવર્ષ છે.
- 1 પ્રકાશવર્ષ **= 9.46 x $10^{12}$ km = 63000 AU**

1. વર્લ્ડ હેરીટેઝ ડે ક્યારે મનાવાય છે? - 18 એપ્રીલ
2. વિશ્વમાં સૌથી વધુ હેરિટેજ સાઈટ ક્યાં આવેલી છે? - ઈટાલી
3. ભારતમાં કુલ કેટલી હેરીટેજ સાઈટ આવેલી છે? - 37
4. મહર્ષિ કર્વેને ભારતરત્ન કઈ સાલમાં એનાયત થયો હતો? - 1958
5. $E=MC^2$ સુત્ર કોણે આપ્યુ હતુ? - આલ્બર્ટ આઈન્સ્ટાઈન
6. કઈ હાઈકોર્ટ દ્વારા ટિક ટોક પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો? - મદ્રાસ હાઈકોર્ટ
7. 1 પ્રકાશવર્ષ = કેટલા Km? - 9.46 x $10^{12}$ Km

***<u>19 April 2019</u>***

<u>ભારતનો પ્રથમ ઉપગ્રહ - આર્યભટ્ટ</u>

- ભારતીય અંતરિક્ષ વિજ્ઞાનના ઈતિહાસનો આજે સુવર્ણ દિવસ.
- **19 એપ્રિલ 1975ના રોજ ભારતે સ્વદેશમાં નિર્મિત પ્રથમ ઉપગ્રહ આર્યભટ્ટ લોન્ચ કર્યો** હતો.
- આર્યભટ્ટને સોવિયત સંઘના ઈન્ટર કોસ્મોસ રોકેટ દ્વારા મોકલવામાં આવ્યો હતો.
- આ ઉપગ્રહનું **નિર્માણ ઈસરો દ્વારા** કરવામાં આવ્યું હતું.
- **આ ઉપગ્રહનું નામ મહાન ખગોળશાસ્ત્રી આર્યભટ્ટની યાદમાં** રાખવામાં આવ્યું હતું.
- આ ઉપગ્રહ 11 ફેબ્રુઆરી, 1992ના રોજ પૃથ્વીના વાતાવરણમાં જ નાશ પામ્યો હતો.
- **રૂપિયા 2ની ચલણી નોટ પર આર્યભટ્ટ ઉપગ્રહની આકૃતિ દર્શાવેલ છે.**

<u>ભારત વિયતનામ નૌસેના અભ્યાસ</u>

- ભારત અને વિયતનામના નૌસેનિકો વચ્ચે તાજેતરમાં ચાર દિવસીય યુદ્ધ અભ્યાસનું આયોજન થયું.
- આ **અભ્યાસનું આયોજન વિયતનામ ખાતે આવેલ કૈમ રનહ ખાડીમાં** કરવામાં આવ્યું.
- આ અભ્યાસનો **ઉદ્દેશ બંને સેના વચ્ચે ઓપરેશન સહયોગને પ્રોત્સાહન** આપવાનો છે.
- ભારતીય નૌસેના તરફથી આ અભ્યાસમાં **આઈએનએસ કલકત્તા અને આઈએનએસ શક્તિએ** ભાગ લીધો હતો.
- આ **અભ્યાસ સમુદ્ર અને બંદર એમ બે ચરણમાં** થયો હતો.

<u>સ્ટ્રીટ ચાઈલ્ડ ક્રિકેટ વિશ્વ કપ ગુડવિલ એમ્બેસેડર – મિતાલી રાજ</u>

- ભારતીય મહિલા ક્રિકેટર **મિતાલી રાજને સ્ટ્રીટ ચાઈલ્ડ ક્રિકેટ વિશ્વ કપમાં ભારતીય ટીમના ગુડવિલ એમ્બેસેડર** તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.
- મિતાલી રાજ પૂર્વ ક્રિકેટર સૌરવ ગાંગુલી સાથે મળી સ્ટ્રીટ

ચાઈલ્ડ ક્રિકેટ વિશ્વ કપમાં ભારતીય ટીમું સમર્થન કરશે.

**સ્ટ્રીટ ચાઈલ્ડ ક્રિકેટ વિશ્વ કપ**

- સ્ટ્રીટ ચાઈલ્ડ ક્રિકેટ વિશ્વ કપનું આયોજન 2019 ICC વિશ્વ કપ પહેલા કરવામાં આવશે.
- સ્ટ્રીટ ચાઈલ્ડ ક્રિકેટ વિશ્વ કપનું પ્રથમ આયોજન છે.
- જેનો ઉદ્દેશ્ય વિશ્વભરમાં ચાઈલ્ડ ક્રિકેટના વિરોધ અને નકારાત્મક વ્યવહાર અંગે જાગરૂકતા ફેલાવવાનો છે.

**મિતાલી રાજ**

- મિતાલી રાજનો જન્મ 3 ડિસેમ્બર 1981ના રોજ જોધપુર ખાતે થયો હતો.
- મિતાલી રાજ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ રન કરનાર બેટસમેન છે.
- તે મહિલા વનડે ક્રિકેટમાં 6000થી વધુ રન કરનાર પ્રથમ ક્રિકેટર છે.
- મિતાલી રાજને વર્ષ 2003માં અર્જુન એવોર્ડ, વર્ષ 2015માં પદ્મશ્રી અને વર્ષ 2017માં યૂથ સ્પોર્ટસ આઈકોન ઓફ એક્સિલેંસ એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા છે.

**<u>શ્રીલંકાનો પ્રથમ ઉપગ્રહ રાવણ - 1</u>**

- તાજેતરમાં **શ્રીલંકાએ પોતાનો પ્રથમ ઉપગ્રહ રાવણ-1 લોન્ચ કર્યો.**
- આ ઉપગ્રહ **વર્જિનિયા ખાતે નાસાની ફલાઈટ ફેસેલીટી દ્વારા** અંતરીક્ષમાં લોન્ચ કરવામાં આવ્યો.
- આ ઉપગ્રહ 1.5 કિ.ગ્રા. વજન અને 1000 ક્યુબિક સેન્ટિમીટર આકાર ધરાવે છે.
- આ ઉપગ્રહ 1.5 અંતરિક્ષમાં રહી શ્રીલંકા અને પાડોશી દેશોના ફોટોગ્રાફસ લેશે.
- રાવણ-1ને જાપાનના કયુશુ ઈન્સ્ટીટયૂટ ઓફ ટેકનોલોજિ ખાતે અભ્યાસ કરતાં શ્રીલંકાના બે એન્જીનીયર દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે.
- રાવણ-1 પૃથ્વીથી 400 કિલોમીટર ઊંચાઈ પર પરિક્રમાં કરશે.

**<u>વર્લ્ડ પ્રેસ ફ્રિડમ ઈન્ડેક્સ - 2019</u>**

- રિપોર્ટસ વિધાઉટ બોર્ડસ દ્વારા વર્લ્ડ ફ્રિડમ ઈન્ડેક્સ 2019 જાહેર કરવામાં આવ્યો.
- વિશ્વના 180 દેશના આ રેન્કિંગમાં ભારત બે ક્રમ પાછળ ધકેલાઈ 140માં સ્થાને પહોંચ્યુ છે.
- વર્ષ 2018માં ભારત 138માં સ્થાને હતું.
- વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સ 2019ના આ રિપોર્ટ પ્રમાણે પ્રેસની આઝાદીમાં વિશ્વનો **સૌથી ઉત્તમ દેશ નોર્વે છે.**
- **ફિનલેન્ડ અને સ્વીડન આ ઈન્ડેકસમાં અનુક્રમે બીજું અને ત્રીજું સ્થાન** ધરાવે છે.
- આ ઈન્ડેક્સમાં સૌથી નીચે વિયેતનામ (176માં સ્થાને) ચીન (177માં સ્થાને) ઈરીટ્રીયા (178માં સ્થાને) દક્ષિણ કોરિયા (179માં સ્થાને) અને તુર્કમેનિસ્તાન (180 સ્થાને) છે.

**રિપોર્ટસ વિધાઉટ બોર્ડર્સ**

- રિપોર્ટસ વિધાઉટ બોર્ડર્સ એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. તેની સ્થાપના વર્ષ 1985માં રોબર્ટ મેનાર્ટ, રેમી લૌરી, જૈક મોલેનાટ અને એમીલિયન જુબિનાઉ દ્વારા કરવામાં આવી હતી.
- તેનું મુખ્યમથક ફ્રાંસની રાજધાની પેરિસ ખાતે આવેલ છે.
- આ સંસ્થા ખતરનાક ક્ષેત્રે કાર્ય કરનાર પત્રકારોને સહાય પૂરી પાડે છે.

**<u>2020માં સાઉદી અરબ ખાતે G-20 શિખર સંમેલન</u>**

- વર્ષ 2020માં સાઉદી અરબની રાજધાની રિયાધ ખાતે G-20 શિખર સંમેલનનું આયોજન થશે.
- આ પ્રથમ વખત સાઉદી અરબ ખાતે G-20 શિખર સંમેલનનું આયોજન થશે.
- ગયા વર્ષે આ સંમલેનનું આયોજન આર્જેટીનાની રાજધાની બુઈનોસ એરેસખાતે થયું હતું.

**G-20ના સભ્યદેશો**

- આર્જેન્ટીના, ઓસ્ટ્રેલિયા, બ્રાઝીલ, કેનેડા, ચાઈના, ફ્રાન્સ, જર્મની, ભારત, ઈન્ડોનેશિયા, ઈટાલી,જાપાન મેકિસકો, રશિયા, સાઉદી અરેબિયા, દક્ષિણ આફ્રિકા, દક્ષિણ કોરિયા, તૂર્કી, યુનાઈટેડ કિંગ્ડમ, યુ.એસ.એ. અને યુરોપિયન સંઘ

**G-20**

- G-20ની રચના સપ્ટેમ્બર 26, 1999ના રોજ કરવામાં આવી હતી.
- તેનું મુખ્ય લક્ષ્ય મુખ્ય મુદ્દાઓ અને વૈશ્વિક અર્થતંત્રની સમસ્યાઓ અંગે ચર્ચા કરવા માટે સભ્ય દેશોને એકત્રિત કરવાનો છે.
- 1999માં G-9 દેશોના નાણાં પ્રધાનોએ આંતરરાષ્ટ્રીય મંચ તરીકે G-20ની રચના કરી હતી.
- G-20 તેના સભ્યો માટે આંતરરાષ્ટ્રીય આર્થિક સહકાર અને કેટલાક મુદ્દાઓ પર નિર્ણય લેવાનો મુખ્ય મંચ છે.
- તેમાં 19 દેશો અને યુરોપિયન સંઘનો સમાવેશ થાય છે.
- G-20ના નેતાઓ એક વર્ષમાં એકવાર મળે છે અને મીટિંગમાં મળે છે. ભારત વર્ષ 2022માં G-20ની યજમાની કરશે.

**સાઉદી અરબ**

- ❖ સાઉદી અરબ પશ્ચિમ એશિયાનું એક ઈસ્લામિક રાષ્ટ્ર છે જેનું ક્ષેત્રફળ 21,49,690 વર્ગ કિ.મી. છે.
- ❖ સાઉદી અરબ જોર્ડન, ઈરાક, કુવૈત, કતાર, બહરિન, સંયુક્ત અરબ અમીરાત,ઓમાન અને યમન સાથે સીમા ધરાવે છે.
- ❖ સાઉદી અરબ વિશ્વની 18માં ક્રમની સૌથી મોટી અર્થ વ્યવસ્થા છે.
- ❖ સાઉદી અરબનું ચલણ – રિયાલ

1. ભારતનો પ્રથમ ઉપગ્રહ જણાવો? - આર્યભટ્ટ
2. ભારતે આર્યભટ્ટ ક્યારે લોન્ચ કર્યો હતો? - 19 એપ્રિલ, 1975
3. સ્ટ્રીટ ચાઈલ્ડ ક્રિકેટ વિશ્વકપમાં ભારતીય ટીમના ગુડવિલ એમ્બેસેડર જણાવો? - મિતાલી રાજ
4. મિતાલી રાજનો જન્મ ક્યાં થયો હતો? - જોધપુર, રાજસ્થાન
5. શ્રીલંકાના પ્રથમ ઉપગ્રહનું નામ જણાવો? - રાવણ-1
6. <u>વર્લ્ડ</u> પ્રેસ ફ્રિડમ ઈન્ડેક્સ 2019માં ભારતનો ક્રમ જણાવો? - 140
7. G-20 શિખર સંમેલન 2020માં આયોજન ક્યાં થશે? - સાઉદી અરબ
6. સાઉદી અરબની રાજધાની જણાવો? - રિયાધ

***20 April 2019***

**જૈન ધર્મના પ્રચારક ચિત્ર ભાનુજીનું નિધન**

- ❖ મૈત્રીભાવનું પવિત્ર ઝરણું ગીતના રચીયતા અને જૈન ધર્મના પ્રચારક ચિત્ર ભાનુજીનું નિધન થયુ.
- ❖ તેમનો જન્મ 26 જુલાઈ 1922ના રોજ રાજસ્થાનમાં થયો હતો.
- ❖ નાની ઉંમરે જૈન ધર્મની દીક્ષાનો અંગીકાર કર્યા બાદ 18 વર્ષ સુધી 30000 માઈલ કરતા પણ વધુ પદયાત્રા કરી અને મૌન પણ લાંબો સમય રાખ્યું હતું.
- ❖ ચિત્ર ભાનુ મહારાજ ગુરુદેવના નામે જાણીતા હતા
- ❖ જૈન ધર્મના સાધુઓને વાહનના ઉપયોગનો પ્રતિબંધ હોવા છતાં 1971માં ચિત્ર ભાનુજી વિમાનમાં બેસી અમેરિકા ગયા હતા અને અમેરિકાના લોકોને વિજ્ઞાનના આધારે જૈન ધર્મના સિધ્ધાંતો સમજાવ્યા હતા.
- ❖ તેમના માર્ગદર્શન હેઠળ અમેરિકા અને અન્ય દેશોમાં અનેક સ્થળે જૈન દેરાસરો, ઉપાશ્રયોની પ્રતિષ્ઠા, સ્થાપના કરવામાં આવી હતી.
- ❖ તેમણે મુંબઈમાં શાકાહારી સોસાયટીની સ્થાપના કરી હતી.

**બેંજામિન નેતન્યાહુ - ઈઝરાયલ**

- ❖ તાજેતરમાં ઈઝરાયલ ખાતે યોજાયેલ ચૂંટણી બાદ બેંજામીન નેતન્યાહુ પ્રધાનમંત્રી બન્યા.
- ❖ એપ્રિલ 2019માં ઈઝરાયલમાં 120 બેઠકો માટે મતદાન થયું હતું જેમાં બેંજામિન નેતન્યાહુના "લીકૂડ" પક્ષ અને સાથી પક્ષોને બહુમતી મળી.
- ❖ બેંજામિન નેતન્યાહુના હરીફ ઉમેદવાર બેન્ની ગેંટ્ઝ હતા તેઓ " બ્લૂ એન્ડ વાઈટ" પક્ષના નેતા છે.
- ❖ બેંજામિન નેતન્યાહુ ઈઝરાયલના 9માં પ્રધાનમંત્રી છે તેઓ પાંચમી વખત પ્રધાનમંત્રી બન્યા છે.
- ❖ સૌપ્રથમ વખત તેઓ 1990માં ઈઝરાયલના પ્રધાનમંત્રી બન્યા હતા.
- ❖ તેઓ સ્વતંત્ર ઈઝરાયલમાં જન્મેલા પ્રથમ પ્રધાનમંત્રી છે.
- ❖ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ઈઝરાયલ પ્રવાસ કરનાર પ્રથમ ભારતીય પ્રધાનમંત્રી છે.
- ❖ ઈઝરાયલની રાજધાની જેરૂસલેમ છે.

**ગગનદીપ કાંગ – રોયલ સોસાયટી**

- ❖ ભારતીય જૈવ વૈજ્ઞાનિક ગગનદીપ કાંગ ફેલોશિપ ઓફ ધ રોયલ સોસાયટીમાં સામેલ થનાર પ્રથમ ભારતીય મહિલા વૈજ્ઞાનિક બન્યા.
- ❖ ગગનદીપ કાંગ દક્ષિણ ભારતના વેલ્લોર કૃત્રિમ ચીકીત્સા મહાવિદ્યાલય ખાતે પ્રોફેસર છે.
- ❖ તેઓ ફરીદાબાદ ટ્રાંસલેશનલ હેલ્થ સાઈન્સ એન્ડ ટેકનોલોજિ ઈન્સ્ટિટયુટના કાર્યકારી નિર્દેશક તરીકે ફરજ બજાવે છે.
- ❖ રોયલ સોસાયટી એક વૈજ્ઞાનિક સંસ્થા છે જેની સ્થાપના વર્ષ 1660 માં થઈ હતી.
- ❖ રોયલ સોસાયટી ઓફ લંડન દ્વારા ગણિત, વિજ્ઞાન, ચીકીત્સા ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન બદલ ફેલોશિપ ઓફધ રોયલ સોસાયટી એનાયત કરવામાં આવે છે.
- ❖ ફેલોશિપ ઓફ ધ રોયલ સોસાયટીની શરૂઆત 1663માં થઈ હતી.

**જયદીપ સરકાર – દક્ષિણ આફ્રિકામાં ભારતીય ઉચ્ચાયુક્ત**

- ❖ 1987 બેચના ભારતીય વિદેશ સેવા અધિકારી જયદીપ સરકારને દક્ષિણ આફ્રિકામાં ભારતના નવા ઉચ્ચાયુક્ત નિયુક્ત કરવામાં આવ્યા.
- ❖ હાલ તેઓ ભૂટાનમાં ભારતના રાજદૂત તરીકે કાર્ય કરે છે.
- ❖ તેઓએ વર્ષ 2012 થી 2016 સુધી ઈઝરાયલના રાજદૂત તરીકે કાર્ય કર્યું છે.

**વર્લ્ડ લીવર ડે**

- ❖ દર વર્ષે 19 એપ્રિલના રોજ વર્લ્ડ લીવર ડે મનાવવામાં આવે છે.

Vivekanand Academy Gandhinagar

- લીવર (યકૃત) માનવ શરીરની પાચનક્રિયામાં મહત્વનો ભાગ ભજવે છે.
- વર્ષ 2019 થીમ – love your liver

1. જૈન ધર્મના પ્રચારક ચિત્ર ભાનુજીનો જન્મ ક્યાં થયો હતો? - રાજસ્થાન
2. ઈઝરાયલના પ્રધાનમંત્રી જણાવો? - બેંજામિન નેતન્યાહુ
3. ઈઝરાયલની રાજધાની જણાવો? - જેરૂસલેમ
4. ફેલોશિપ ઓફ ધ રોયલ સોસાયટીમાં સામેલ થનાર પ્રથમ ભારતીય મહિલા વૈજ્ઞાનિક જણાવો ? - ગગનદીપ કાંગ
5. દક્ષિણ આફ્રિકામાં ભારતના નવા ઉચ્ચાયુક્ત કોને નિયુક્ત કરવામાં આવ્યા? - જયદીપ સરકાર
6. વર્લ્ડ લીવર ડે ક્યારે મનાવાય છે.? - 19 એપ્રિલ

***21 April 2019***

**નંદશંકર મહેતા**

- ગુજરાતી ભાષાની પ્રથમ નવલકથા “કરણ ઘેલો”ના રચયતા નંદશંકર મહેતાની આજે 184મી જન્મજયંતિ.
- તેમનો જન્મ 21 એપ્રિલ 1835ના રોજ સુરત ખાતે થયો હતો.
- તેમણે સુરત ખાતે શિક્ષણ પૂર્ણ કરી તે જ શાળામાં સહાયક શિક્ષક તરીકે ફરજ બજાવી હતી.
- બાદમાં તેઓ અંકલેશ્વરના મામલતદાર, કચ્છ અને લુણાવાડામાં દીવાન અને ગોધરામાં આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટ તરીકે રહ્યા હતા.
- તેમની સેવાઓ બદલ અંગ્રેજ સરકાર દ્વારા તેમને “રાવ બહાદુર”નો ખિતાબ આપવામાં આવ્યો હતો.
- 7 જુલાઈ 1905ના રોજ તેમનું નિધન થયું હતું.

**“કરણ ઘેલો”**

- ગુજરાતના છેલ્લા રાજપૂત રાજા કરણ વાઘેલાના જીવન આધારીત આ નવલકથાની રચના વર્ષ 1866માં નંદશંકર મહેતા દ્વારા કરવામાં આવી હતી.
- વર્ષ 1886માં નવલકથા પર મુંબઈના પારસી થિયેટર ઓફ બોમ્બેએ ગુજરાતનો છેલ્લો રાજા કરણ ઘેલો નાટક રજૂ કરવામાં આવ્યું હતું.
- 1924માં શ્રીનાથ પાટણકર દ્વારા બનાવાયેલ ફિલ્મ કરણ ઘેલો પણ આ નવલકથા પર આધારિત હતી.

**સિવિલ સર્વિસ ડે**

- દર વર્ષે 21 એપ્રિલના રોજ સિવિલ સર્વિસ ડે મનાવવામાં આવે છે.
- આ દિવસની ઉજવણીના ભાગરૂપે પ્રશાસનિક સુધાર અને જન શિકાયત વિભાગ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.
- આ વખતે ચૂંટણીના લીધે આ કાર્યક્રમનું આયોજન થયું નથી.
- ભારતમાં સિવલ સર્વિસ સેવાઓની શરૂઆતમાં વોરન હેસ્ટિંગ્ઝનું મહત્વનું યોગદાન હતું
- લોર્ડ કોર્નવોલિસને “ભારતમાં સિવિલ સર્વિસના પિતા” તરીકે ઓળખવામાં આવે છે.
- 21 એપ્રિલ, 1947ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલ દ્વારા દિલ્લીના મેટકાફ હાઉસ ખાતે વહીવટી સેવાના અધિકારીઓને સંબોધિત કર્યા હતા.
- તેની યાદમાં 21 એપ્રિલના રોજ સિવલ સર્વિસ ડે મનાવવામાં આવે છે.

**વર્લ્ડ ક્રિએટીવિટી એન્ડ ઈનોવેશન ડે**

- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા દર વર્ષે 21 એપ્રિલના રોજ વર્લ્ડ ક્રિએટીવિટી એન્ડ ઈનોવેશન ડેની ઉજવણી કરવામાં આવે છે.

**આઈએનએસ ઈમ્ફાલ**

- તાજેતરમાં ભારતીય નૌસેના દ્વારા મડગાંવ ડોક શિપબિલ્ડર્સ ખાતે ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર જહાજ આઈએનએસ ઈમ્ફાલને લોન્ચ કરવામાં આવ્યું.
- લૉચિંગ સમયે નૌસેના પ્રમુખ એડમીરલ સુનીલ લાંબા હાજર રહ્યા હતા.
- આઈએનએસ ઈમ્ફાલનું નિર્માણ મેક ઈન ઈન્ડિયા પ્રોજેકટ અંતર્ગત કરવામાં આવ્યું છે.
- તેની ડિઝાઈન ભારતીય નેવીના ડિરેકટોરેટ ઓફ નેવલ ડિઝાઈન દ્વારા તૈયાર કરાઈ છે.
- પ્રોજેકટ 15બી હેઠળ નિર્મિત આ ત્રીજું જહાજ છે.
- અગાઉ વર્ષ 2015માં આઈએનએસ વિશાખાપટ્ટનમ અને વર્ષ 2016માં આઈએનએસ મોરમુગાઓનું લોન્ચિંગ કરાયું હતું.
- એક અન્ય આઈએનએસ પોરબંદરનું હાલ નિર્માણ ચાલી રહ્યું છે.
- આ જહાજમાં શ્રેષ્ઠ સર્વાઈવલ, સમુદ્ર પર નજર રાખવી, છુપાઈને પ્રહાર કરવા જેવી વિશેષતાઓ છે.
- તે બે મલ્ટિપલ રોલ હેલિકોપ્ટર સાથે લઈ જવા સક્ષમ છે.
- આ મિસાઈલ ડિસ્ટ્રોયર જહાજનું નામ મણિપૂરની રાજધાની ઈમ્ફાલ પર રાખવામાં આવ્યું છે.
- આ નામ દ્વિતીય વિશ્વ યુધ્ધની 75મી વર્ષગાંઠ નિમિતે રાખવામાં આવ્યું હતું.

**ઈમ્ફાલની વિશેષતા**

- લંબાઈ – 163 મીટર
- બીમ – 17.4 મટીર

- વજન – 3037 ટન
- વિસ્થાપન – 7300 ટન
- સ્પીડ – 30 નોટિકલ માઈલ

**વીંગ કમાન્ડર અભિનંદન–વીરચક્ર માટે ભલામણ**

- પાકિસ્તાન સાથેના હવાઈજંગમાં તેના એફ-16 યુદ્ધ વિમાનને તોડી પાડવાની વીરતાભરી કામગીરી કરનાર વીંગ કમાન્ડર અભિનંદનને વીરચક્ર આપવા વાયુદળે ભલામણ કરી છે.
- યુદ્ધ સમયે અપાનારા સન્માનમાં આ ત્રીજું શ્રેષ્ઠ સન્માન છે.
- પરમવીરચક્ર અને મહાવીરચક્ર પછી વીરચક્રનું સ્થાન છે.
- આ ઉપરાંત પાકિસ્તાનના બાલાકોટમાં એરસ્ટ્રાઈક કરનાર મિરાજ 2000 યુદ્ધ વિમાનના 12 પાઈલોટને પણ વાયુદળ મેડલ આપવાની ભલામણ કરાઈ છે.
- 26 ફેબ્રુઆરીએ ભારતીય વાયુસેના દ્વારા કરવામાં આવેલ એરસ્ટ્રાઈક બાદ પાકિસ્તાન વાયુસેના ભારતીય સૈન્ય ઠેકાણા પર હુમલાનો પ્રયાસ કર્યો હતો.
- જવાબી કાર્યવાહીમાં ભારતીય વાયુદળે પાકિસ્તાનના એક યુદ્ધ વિમાન એફ-16ને તોડી પાડ્યું હતું.
- મિગના પાઈલટ અભિનંદન વર્ધમાન પાકિસ્તાનની સેના દ્વારા પકડી લેવામાં આવ્યા હતા.
- જાંબાંઝ વિંગ કમાન્ડર અભિનંદન વર્ધમાન 1 માર્ચ 2019ના રોજ રાતે અંદાજે 58 કલાક પછી પાકિસ્તાનની પકડમાંથી છૂટીને ભારત પહોંચ્યા હતા.
- વાઘા-અટારી બોર્ડર પરથી તેમણે ભારતમાં પ્રવેશ કર્યો હતો.
- વિંગ કમાન્ડર અભિનંદન વર્ધમાન તામિલનાડુના વતની છે.

**મિરાજ 2000**

- મિરાજ ફાઈટર પ્લેન એક ફ્રાંસિસ લડાકુ વિમાન છે, જેને દર્સો નામની કંપની દ્વારા બનાવવામાં આવ્યા છે.
- આ પ્લેન 29 જૂન 1958ના રોજ ભારતીય વાયુસેનાની નંબર-7 સ્કવોડ્રનમાં સામેલ કરવામાં આવ્યા હતા.
- મિરાજ 2336 કિ.મી.ની ઝડપથી ઊડીને 68 મી.મી.ના દર મિનિટે 18 રોકેટ છોડે છે.
- મિરાજ ફાઈટર પ્લેનની લંબાઈ 47 ફૂટની છે. તેનું વજન 7500 કિલોગ્રામ છે.
- મિરાજ 125 રાઉન્ડ ગોળીઓ પ્રતિ મિનિટ ફેંકે છે.
- મિરાજ-2000 મલ્ટિરોલ, સિંગલ એન્જિન ચોથી પેઢીનું ફાઈટર વિમાન છે, દુનિયાના 9 દેશો પાસે આ ફાઈટર વિમાન છે.

**વિશ્વનો સૌથી મોટો ઈન્ડોર વોટર ફોલ - સિંગાપુર**

- સિંગાપુરના ચાંગી એરપોર્ટ સ્પેસમુકવી ખાતે વિશ્વનો સૌથી મોટો ઈન્ડોર વોટરફોલ ખુલ્લો મૂકવામાં આવ્યો છે.
- તેની ઉંચાઈ આશરે 130 ફૂટ છે.
- આ એરપોર્ટ 1.30 લાખ ચો.મીટર વિસ્તારમાં ફેલાયેલું છે.
- આ એરપોર્ટ કોમ્પ્લેક્સમાં 10 માળ છે તેમાંથી 5 માળ જમીનની નીચે અને પાંચ જમીનની ઉપર છે.
- ચાંગી એરપોર્ટ વિશ્વનું 7મું સૌથી વ્યસ્ત એરપોર્ટ છે.

1. ગુજરાતી ભાષાની પ્રથમ નવલકથા જણાવો? - કરણઘેલો
2. નંદશંકર મહેતાનો જન્મ ક્યાં થયો હતો? - સુરત
3. ‘કરણ ઘેલો’ નવલકથાના રચયિતા જણાવો? - નંદશંકર મહેતા
4. સિવિલ સર્વિસ ડે ક્યારે મનાવાય છે? - 21 એપ્રિલ
5. ભારતમાં સિવિલ સર્વિસના પિતા તરીકે કોને ઓળખવામાં આવે છે.? - લોર્ડ કોર્નવોલિસ
6. વર્લ્ડ ક્રિએટીવિટી એન્ડ ઈનોવેશન ડે ક્યારે મનાવાય છે? - 21 એપ્રિલ
7. વિંગ કમાન્ડર અભિનંદન ક્યાંના વતની છે? - તામિલનાડુ
7. વિશ્વનો સૌથી મોટો ઈન્ડોર વોટર ફોલ ક્યાં ખુલ્લો મૂકાયો? - સિંગાપુર

***22 April 2019***

**વિશ્વ પૃથ્વી દિવસ**

- દર વર્ષે વિશ્વભરમાં 22 એપ્રિલના રોજ વિશ્વ પૃથ્વી દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસની ઉજવણી પર્યાવરણીય સુરક્ષાના ઉપાયો અને પર્યાવરણ અંગે લોકોને જાગરૂક્ત કરવાના હેતુથી કરવામાં આવે છે.
- પ્રથમ વખત વર્ષ 1970માં વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્ષ 2009માં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આ દિવસ મનાવવાની જાહેરાત કરવામાં આવી હતી.
- વર્ષ -2019 થીમ PROTECT OUR SPECIES

**આઈએનએસ કોલકત્તા અને આઈએનએસ શક્તિ – આંતરરાષ્ટ્રીય ફ્લિટ રિવ્યુ**

- આંતરરાષ્ટ્રીય ફ્લિટ રિવ્યુ 2019માં ભાગ લેવા ભારતીય નૌસેનાના બે જહાજ આઈએનએસ કોલક્તા અને આઈએનએસ શક્તિ ચીન પહોંચ્યા.
- આ ફ્લિટ રિવ્યુનું આયોજન ચીનના કિંગદાઓમાં કરવામાં આવ્યુ છે.
- આ આયોજન ચીનની નૌસેના (People’s liberation army navy)ની 70મી વર્ષગાંઠ નિમિતે 23 એપ્રિલના રોજ થશે.
- આંતરરાષ્ટ્રીય ફ્લિટ રિવ્યુ 2019 એક નૌસેનાના જહાજો

એરક્રાફટ અને સબમરીન માટેની એક પરેડ છે.

- ❖ આંતરરાષ્ટ્રીય ફ્લિટ રિવ્યુ 2019માં ભારત, રશિયા, થાઈલેન્ડ, વિયેતનામ સહિતના દેશોની નૌસેના ભાગ લઈ રહી છે.
- ❖ વિશ્વના દેશો તેમાં ભાગ લઈ પોતાના દેશની નૌશક્તિનું પ્રદર્શન કરે છે.
- ❖ અગાઉ વર્ષ 2016માં ભારત દ્વારા આંતરરાષ્ટ્રીય ફ્લિટ રિવ્યુનું આયોજન કરવામાં આવ્યું હતું.
- ❖ આઈએનએસ કોલક્તા મિસાઈલ નાશક શીપ છે જેનું નિર્માણ મઝાગોન ડોક યાર્ડ ખાતે થયું છે. વર્ષ 2014માં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા તેને ભારતીય નૌસેનામાં સામેલ કરવામાં આવી હતી.
- ❖ આઈએનએસ શક્તિ ટેન્કર શિપ છે જેનું નિર્માણ ઈટાલી ખાતે થયું છે.
- ❖ તેને વર્ષ 2010માં ભારતીય નૌસેનામાં સામેલ કરવામાં આવી હતી.

**માનસિક રોગીને ફાંસી આપી શકાય નહીં – સુપ્રીમ કોર્ટ**

- ❖ સુપ્રીમ કોર્ટની સ્થાપના બ્રિટિશકાળમાં વર્ષ 1935માં ફેડરલ કોર્ટ ઓફ ઈન્ડિયા તરીકે થઈ હતી.
- ❖ બાદમાં 28 જાન્યુઆરી, 1950ના રોજ અનુચ્છેદ 124 અંતર્ગત તેને સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયા તરીકે જાહેર કરવામાં આવી.
- ❖ સુપ્રીમ કોર્ટ બંધારણના વાલી તરીકે બંધારણીય અર્થઘટનનું અને નાગરિકોના મૂળભૂત અધિકારોનું જતન કરે છે.
- ❖ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશને ભારતના મુખ્ય ન્યાયાધીશ તરીકે ઓળખવામાં આવે છે.
- ❖ મોટો – યતો ધર્મસ્તતો જય:
- ❖ ભારતના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ – હરિલાલ કણિયા
- ❖ ભારતના વર્તમાન મુખ્ય ન્યાયાધીશ – રંજન ગોગોઈ

**મહારાષ્ટ્રમાં દેશનું પ્રથમ ઈંટરેક્ટિવ બર્ડ પાર્ક**

- ❖ તાજેતરમાં મહારાષ્ટ્રના મુંબઈ ખાતે આવેલ એસ્સેલ વર્લ્ડ ખાતે દેશનું પ્રથમ ઈંટરેક્ટિવ બર્ડ પાર્ક (સ્વતંત્ર પક્ષી વિહાર) શરૂ કરવામાં આવ્યું.
- ❖ આ બર્ડ પાર્કમાં મુલાકાતીઓ પક્ષીઓને સ્પર્શી તેની માહિતી મેળવી શકશે.
- ❖ આ બર્ડ પાર્કમાં આફ્રિકન ગ્રે પેરટ, બ્લુ ગોલ્ડ મૌકાઓ, કોકતેલ જેવા પક્ષીઓને રાખવામાં આવ્યા છે.
- ❖ આ બર્ડ પાર્કમાં 60 વધુ પ્રજાતિઓના પક્ષીઓ રાખવામાં આવ્યા છે.

**"ખૂની વૈશાખી"**

- ❖ જલિયાવાલા બાગ નરસંહર પર 100 વર્ષ જૂના પુસ્તકનું અંગ્રેજી અનુવાદ થયેલ પુસ્તક સંયુક્ત અરબ અમીરાતના અબુધાબી ખાતે લોન્ચ કરવામાં આવ્યું.
- ❖ આ પુસ્તકનું અનુવાદ સંયુક્ત આરબ અમીરાત ખાતે ભારતના રાજદૂત નવદીપસિંહ સુરી દ્વારા કરવામાં આવ્યું છે.
- ❖ "ખૂની વૈશાખી" પુસ્તકની રચના ક્રાંતિકારી કવિ નાનક સિંહ દ્વારા કરવામાં આવી હતી.
- ❖ આ પુસ્તકમાં અમૃતસરમાં થયેલ જલિયાવાલા બાગ નરસંહારનું વર્ણન કરવામાં આવેલ છે.

**જલિયાવાલા બાગ નરસંહર**

- ❖ 13 એપ્રિલ 1919ના રોજ પંજાબમાં થયેલ જલિયાવાલા બાગ હત્યાકાંડનાં તાજેતરમાં 100 વર્ષ પૂર્ણ થયા છે.
- ❖ પંજાબના અમૃતસરના લોકપ્રિય નેતા ડો. સત્યપાલ અને ડો. કિચલુની ધરપકડ બાદ તેના વિરોધના ભાગરૂપે વૈશાખીના તહેવાર નિમિતે અમૃતસર ખાતે જલિયાવાલા બાગ ખાતે એક સભાનું આયોજન થયું હતું.
- ❖ લશ્કરના સૈનિકો સાથે જલિયાવાલા બાગ ખાતે જનરલ ઓડોનિલ ડાયર ત્યાં પહોંચી નિર્દોષો પર ગોળીઓ વર્ષાવી હતી.
- ❖ સરકારી અહેવાલ મુજબ આ ગોળીબારમાં 379 લોકોના મૃત્યું થયા હતા.
- ❖ જલિયાવાલા બાગ હત્યાકાંડનો બદલો લેવા માટે ઉધમસિંહે જનરલ ડાયરની 13 માર્ચ 1940ના રોજ લંડનના કૈકસટન હોલ ખાતે હત્યા કરી હતી.

1. વિશ્વ પૃથ્વી દિવસ ક્યારે મનાવાય છે? - 22 એપ્રિલ
2. ભારત દ્વારા આંતરરાષ્ટ્રીય ફ્લિટ રિવ્યુનું આયોજન ક્યારે કરવામાં આવ્યું હતું? - 2016
3. માનસિક રોગીને ફાસીં આપી શકાય નહિ આ નિર્ણય કોની અધ્યક્ષતામાં લેવામાં આવ્યો? - જસ્ટિસ એન. વી. રામન
4. દેશનું પ્રથમ ઈંટરેક્ટિવ બર્ડપાર્ક ક્યા રાજ્યમાં શરૂ થયું?
 - મહારાષ્ટ્ર
5. "ખુની વૈશાખી" પુસ્તકની રચના કોના દ્વારા કરવામાં આવી?
 - ક્રાંતિકારી કવિ નાનક સિંહ
6. જલિયાવાલા બાગ હત્યાકાંડ ક્યારે થયો હતો?
 - 13 એપ્રિલ, 1919

***23 April 2019***

**વિશ્વ પુસ્તક દિવસ**

- ❖ દર વર્ષે યુનેસ્કો દ્વારા 23 એપ્રિલના રોજ વિશ્વ પુસ્તક દિવસ

મનાવવામાં આવે છે.

- આ દિવસ લોકો અને પુસ્તક વચ્ચેના અંતરને ઘટાડવાના અને પુસ્તક પ્રત્યે લોકોની રૂચિ વધારવાના ઉદ્દેશ્યથી મનાવવામાં આવે છે.
- વિશ્વ પુસ્તક દિવસની પ્રથમ ઉજવણી વર્ષ 1995માં કરવામાં આવી હતી.
- યુનેસ્કો આ દિવસ પુસ્તકના પ્રચાર, છાપકામ અને કોપીરાઈટ પ્રત્યે જાગરૂકતા ફેલાવવાના ઉદ્દેશ્યથી મનાવવામાં આવે છે.
- યુનેસ્કો દ્વારા ગ્રીસના એથેન્સ શહેરને વર્ષ-2018માં વિશ્વ પુસ્તક રાજધાની જાહેર કરવામાં આવ્યું હતું.
- આ ટાઈટલ જીતનાર એથેન્સ વિશ્વનં 18મુ શહેર છે.
- યુનેસ્કો દ્વારા સંયુક્ત અરબ અમીરાતના શારજાહ શહેરને વર્ષ 2019માં વિશ્વ પુસ્તક રાજધાની જાહેર કરવામાં આવ્યું.
- વર્ષ-2019 થીમ – "Share a story" UNESCO
- યુનેસ્કોની સ્થાપના વર્ષ 1946માં થઈ હતી.
- તેનું મુખ્ય મથક પેરિસ ખાતે આવેલ છે.
- યુનેસ્કો દુનિયાના વિવિધ દેશો વચ્ચે શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાં પરસ્પર સહકાર વધારવાનું કાર્ય કરે છે.
- UNESCO - United Nations Educational, Scientific and Cultural Organization.

**અંગ્રેજી ભાષા દિવસ**

- દર વર્ષ 23 એપ્રિલના રોજ અંગ્રેજી ભાષા દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસ વિલિયમ શેકસપિયરની જન્મતિથી અને મૃત્યુ તિથી નિમિતે મનાવવામાં આવે છે.
- વર્ષ 2010માં સંયુક્ત રાષ્ટ્રની બધી જ અધિકૃત ભાષાઓના દિવસની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.
- સંયુક્ત રાષ્ટ્રના ભાષા દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય બહુભાષાવાદ અને સાંસ્કૃતિક વિવિધતા વધારવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્રની અન્ય અધિકૃત ભાષા માટે ઉજવણીના દિવસો
  - અરબી ભાષા દિવસ – 18 ડિસેમ્બર
  - ચીની ભાષા દિવસ – 20 એપ્રિલ
  - ફ્રાંસિસ ભાષા દિવસ – 20 એપ્રિલ
  - અંગ્રેજી ભાષા દિવસ – 23 એપ્રિલ
  - રશિયન ભાષા દિવસ – 6 જૂન

**મનીષ મહેશ્વરી ટ્વિટર ઈન્ડિયાના નવા એમડી**

- ટ્વિટર ઈન્ડિયા દ્વારા મનીષ મહેશ્વરીની એમડી તરીકે નિમણૂક કરવામાં આવી.
- અગાઉ તરણજીતસિંહ ટ્વિટર ઈન્ડિયાના એમડી તરીકે ફરજ બજાવતા હતા.
- તેઓ અગાઉ નેટવર્ક 18 ડિજિટલના સીઈઓ તરીકે ફરજ બજાવતા હતા.
- ટ્વિટરના સીઈઓ જેક ડોર્સી છે, ટ્વિટરની સ્થાપના 21 માર્ચ, 2006માં થઈ હતી.
- તેનું મુખ્યાલય સેન ફ્રાન્સિસ્કો અમેરિકા ખાતે આવેલ છે.

**પ્રધાનમંત્રી જનધન યોજના-જમા રકમ 1 લાખ કરોડ નજીક પહોંચી**

- પ્રધાનમંત્રી જનધન યોજના અંતર્ગત શરૂ કરવામાં આવેલ બેન્ક ખાતામાં જમા રકમનો આંકડો 1 લાખ કરોડ નજીક પહોંચ્યો.
- 3 એપ્રિલ સુધી જનધન યોજનામાં જમા રકમ રૂ. 97.665 કરોડ હતી.
- જનધન ખાતાની કુલ સંખ્યા 35.39 કરોડ છે. જેમા 50% ખાતેદાર મહિલા છે.
- આ યોજનાનો હેતુ દેશના દરેક પરિવાર સુધી બેન્કિંગ સુવિધા પહોંચાડવાનો હતો.
- યોજનાની સફળતાને જોતાં સરકારે 28 ઓગસ્ટ, 2018ના રોજ નવા ખાતાધારકો માટે અકસ્માત, વીમા કવર રૂ. 1 લાખથી વધારી રૂ. 2 લાખ કર્યું હતું.
- જનધન યોજનાનો હેતુ જરૂરિયાતના સમયે લોન ઉપલબ્ધ કરાવી, સરકારી યોજનાનો લાભ સીધો એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવા, નબળી અને ઓછી આવક ધરાવતા લોકોને વીમા અને પેન્શનની સેવાઓ આપવાનો છે.
- 28 ઓગસ્ટ 2014ના રોજ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આ યોજના લોન્ચ કરી હતી.

**વ્લાદિમીર જેલેંસ્કી – યુક્રેનના નવા રાષ્ટ્રપતિ**

- વ્લાદિમીર જેલેંસ્કીએ યુક્રેનમાં યોજાયેલ રાષ્ટ્રપતિ પદની ચૂંટણી જીતી.
- તેમણે વર્તમાન પ્રમુખ પેટ્રો પોરોશેંકોને 48.8 ટકા મતથી હરાવી આ જીત મેળવી.
- વ્લાદિમીર જેલેંસ્કી સ્ક્રીન રાઈટર, અભિનેતા અને કોમેડિયન છે.
- યુક્રેન પૂર્વીય યુરોપનો એક દેશ છે.
- યુક્રેન વર્ષ 1991માં સોવિયેત સંઘથી સ્વતંત્ર થયું હતું.
- યુક્રેનની રાજધાની કિવ છે.

1. વિશ્વ પુસ્તક દિવસ ક્યારે મનાવાય છે? - 23 એપ્રિલ
2. ક્યા શહેરને વર્ષ 2018માં વિશ્વ પુસ્તક રાજધાની જાહેર કરવામાં આવ્યું છે? - એથેન્સ
3. યુનેસ્કોની સ્થાપના ક્યારે થઈ હતી? - 1946
4. અંગ્રેજી ભાષા દિવસ ક્યારે મનાવાય છે? - 23 એપ્રિલ
5. ટવિટર ઈન્ડિયાના નવા એમડી જણાવો? - મનીષ મહેશ્વરી
6. પ્રધાનમંત્રી જનધન યોજના લોન્ચ ક્યારે થઈ હતી? - 28 ઓગષ્ટ, 2014
7. યુક્રેનના નવા રાષ્ટ્રપતિ જણાવો? - વ્લાદિમીર જેલેસ્કી

***24 April 2019***

**રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ**

- દર વર્ષે ભારતભરમાં 24 એપ્રિલના રોજ રાષ્ટ્રીય પંચાયતીરાજ દિવસ મનાવવામાં આવે છે.
- બંધારણના 73માં સુધારામાં પંચાયતી રાજ્યની સંસ્થાઓને માન્યતા આપવામાં આવી છે.
- ભારતમાં આ સુધારો 24 એપ્રિલ, 1993ના રોજ લાગુ પડ્યોહતો.
- 73માં બંધારણીય સુધારા 1992 અંતર્ગત બંધારણમાં 9મો ભાગ અને 11મી અનુસૂચિ સાથે 29 વિષયો ઉમેરવામાં આવ્યા હતા.
- આ અંતર્ગત અનુચ્છેદ 243 થી 243(O) ઉમેરવામાં આવ્યા હતા.
- ભારતમાં સૌ પ્રથમ રાજસ્થાનના નાગૌર જિલ્લામાં 2 ઓકટોબર, 1959ના રોજ બલવંતરાય મહેતા સમિતિની ભલામણથી જવાહલાલ નહેરુના હસ્તે પંચાયતી રાજ વ્યવસ્થાની શરૂઆત કરવામાં આવી હતી.
- સમગ્ર રાજ્યમાં પંચાયતીરાજ લાગુ કરનાર પ્રથમ રાજ્ય આંધ્ર પ્રદેશ છે.
- આ દિવસની પ્રથમ ઉજવણી વર્ષ 2010માં ભુતપૂર્વ પ્રધાનમંત્રી ડો. મનમોહનસિંહ દ્વારા કરવામાં આવી હતી.

**પંચાયતી રાજની રચના સાથે સંકળાયેલ સમિતિઓ**

- બલવંતરાય મહેતા સમિતિ (1959)
- અશોક મહેતા (1977)
- રસીકલાલ પરિખ સમિતિ (1960)
- ઝીણાભાઈ દરજી સમિતિ (1972)
- રિખવદાસ શાહ સમિતિ (1978)
- જીવીકે રાવ સમિતિ (કાર્ડ સમિતિ) (1985)
- એચએલ સિંધવી સમિતિ (1986) (પંચાયતી રાજને બંધારાણીય દરજ્જો આપવા રાજીવ ગાંધી સરકાર દ્વારા બનાવવામાં આવી હતી)
- પી.કે. યુંગન સમિતિ (1988)
- ભૂરિયા સમિતિ

**ગુજરાતમાં પંચાયતી રાજ**

- રસિકલાલ પરિખ સમિતિની ભલામણથી ગુજરાતમાં પંચાયતી રાજનો અમલ 1 એપ્રિલ 1963ના રોજ થયો હતો.
- 73માં બંધારણીય સુધારાના આધારે ગુજરાત પંચાયત અધિનિયમ 1993માં બનાવવામાં આવ્યો હતો.
- જેનો અમલ 15 એપ્રિલ, 1994થી થયો હતો.
- પંચાયતીરાજનો અમલ કરનાર ગુજરાત દેશનું 8મું રાજ્ય હતું.
- ગુજરાતમાં ત્રિસ્તરીય પંચાયતીરાજ અમલમાં છે.

**વિવિધ રાજ્યોમાં પંચાયતના સ્તર**

| | | |
|---|---|---|
| ચાર સ્તરીય પંચાયતી રાજ –પશ્ચિમ બંગાળ | | |
| **ત્રિસ્તરીય પંચાયતી રાજ** | | |
| ગુજરાત | આસામ | હરિયાણા |
| મધ્યપ્રદેશ | ઓરિસ્સા | પંજાબ |
| રાજસ્થાન | બિહાર | કર્ણાટક |
| મહારાષ્ટ્ર | તામિલનાડું | ઉત્તરપ્રદેશ |
| **દ્વીસ્તરીય પંચાયતી રાજ** | | |
| જમ્મુ કશ્મીર | ગોવા | સિક્કિમ |
| મણિપુર | દીવ-દમણ | પોંડિચેરી |
| લક્ષદ્વીપ | | |

**સચિન તેંડુલકર**

- ભારતના મહાન ક્રિકેટર સચિન તેંડુલકરનો આજે જન્મ દિવસ
- તેનો જન્મ 24 એપ્રિલ, 1973ના રોજ મુંબઈમાં થયો હતો.
- સચિન તેંડુલકરના નામે 100 આંતરરાષ્ટ્રીય સદી ફટકારવાનો રેકોર્ડ છે. જેમાં 49 સદી વનડેમાં અને 51 સદી ટેસ્ટમાં છે.
- સચિન તેંડુલકરને ભારત સરકાર દ્વારા પદ્મવિભૂષણ, રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર, ભારત રત્નથી સન્માનીત કરવામાં આવ્યા છે.
- ભારત તરફથી સચિને વર્ષ 1989માં પાકિસ્તાન સામેની ટેસ્ટ મેચથી કારકિર્દિની શરૂઆત કરી હતી, બાદમાં તેમણે તેજ વર્ષમાં ભારત તરફથી પ્રથમ વનડે પણ રમી હતી.

**ગુજરાતમાં લોકસભા ચૂંટણી 2019 માટે મતદાન**

- 23 એપ્રિલના રોજ ગુજરાતમાં લોકસભા ચૂંટણી 2019 માટે મતદાન થયું.
- લોકસભાની ચૂંટણી માટે ગુજરાતમાં 63.67 ટકા મતદાન

થયું હતું.

- ગુજરાતમાં 52 વર્ષમાં સૌથી વધુ મતદાન નોંધાયું છે. અગાઉ વર્ષ 1967માં 63.77% મતદાન નોંધાયુ હતું.
- ગુજરાતમાં સૌથી વધુ મતદાન વલસાડ ખાતે 74.09 ટકા નોંધાયું છે.
- જ્યારે સૌથી ઓછું મતદાન અમરેલીમાં 54.73 ટકા નોંધાયું છે.
- વર્ષ 2014ની લોકસભા ચૂંટણીમાં ગુજરાતમાં 63.66 ટકા મતદાન નોંધાયું હતું.
- ત્રીજા તબ્બકાના આ મતદાનમાં ગુજરાત સહિત 14 રાજ્ય અને 2 કેન્દ્ર શાસિત પ્રદેશમાં કુલ 116 બેઠક માટે મતદાન થયું હતું.

**આયુષ્માન ભારત યોજનાના લાભાર્થીની સંખ્યા 20 લાખ થઈ**

- તાજેતરમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (આયુષ્માન ભારત) અંતર્ગત લાભાર્થીની સંખ્યા 20 લાખ થઈ.
- આ યોજનાની શરૂઆત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા 23 સપ્ટેમ્બર, 2018ના રોજ લોન્ચ કરવામાં આવી હતી.
- આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં 3.70 કરોડ લોકોને ઈ-કાર્ડ અપાયા છે.

**આયુષ્માન ભારત યોજના**

- પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના કેન્દ્ર સરકારની સ્વાસ્થ્ય યોજના છે જેમાં એક પરિવારને પ્રતિવર્ષ 5 લાખ રૂપિયાનો સ્વાસ્થ્ય વીમા કવચ આપવામાં આવે છે.
- જેનો લાભ કોઈપણ  સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોમાં મેળવી શકાય છે.
- હાલ આ યોજના દેશના 32 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશના કુલ 444 જિલ્લામાં લાગુ છે.

**અસામનતા પર લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિકસમાં ચેયરની સ્થાપના**

- અસામનતા પર અધ્યન કરવા માટે લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિકસ દ્વારા અમર્ત્ય  સેન ચેયર (અધ્યન સમિતિ)ની સ્થાપના કરવાની જાહેરાત કરવામાં આવી.
- તેનો ઉદ્દેશ્ય શિક્ષણમાં સુધારો કરવો અને જન સહયોગથી સમાજ કલ્યાણ કરવાનો છે.
- અમર્ત્ય સેન લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિકસમાં અર્થશાસ્ત્રના પ્રોફેસર રહી ચૂક્યા છે.
- અમર્ત્ય સેન ભારતીય અર્થશાસ્ત્રી છે જેમનો જન્મ બંગાળમાં થયો છે.
- વર્ષ 1998માં અર્થશાસ્ત્રમાં તેમના યોગદાન બદલ તેમને નોબલ પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- ભારત સરકાર દ્વારા વર્ષ 1999 તેમને ભારત રત્નથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- અમર્ત્ય સેનને પ્રતિષ્ઠિત ઓકસફોર્ડ વિશ્વવિદ્યાલયના બોડલે મેડલ 2019થી સન્માનીત કરવામાં આવ્યા.
- લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિકસ ઈંગ્લેન્ડના લંડન ખાતે આવેલ લંડન વિશ્વવિધ્યાલયનો એક ભાગ છે જેની સ્થાપના વર્ષ 1895માં થઈ હતી.

**શ્રીલંકામાં આપાતકાલ**

- તાજેતરમાં શ્રીલંકામાં થયેલ બોમ્બ વિસ્ફોટ બાદ અપાતકાલ લાગુ કરવામાં આવ્યો.
- શ્રીલંકન રાષ્ટ્રપતિ મૈત્રીપાલા સિરિસેનાએ અડધી રાત્રીથી સમગ્ર દેશમાં કટોકટી જાહેર કરી.
- 23 એપ્રિલ, 2019ના રોજ શ્રીલંકામાં રાષ્ટ્રીય શોક મનાવવામાં આવ્યો હતો.
- શ્રીલંકાની રાજધાની શ્રીજયવર્ધનપુરાકોટ્ટે છે.

1. રાષ્ટ્રીય પંચાયતીરાજ દિવસ ક્યારે મનાવાય છે?
 - 24 એપ્રિલ
2. ભારતમાં સૌપ્રથમ ક્યા રાજયમાં પંચાયતી રાજ લાગુ પડ્યું?
 - આંધ્રપ્રદેશ
3. ગુજરાતમાં પંચાયતિરાજનો અમલ ક્યારે થયો?
 - 1 એપ્રિલ, 1963
4. ગુજરાતમાં કેટલા સ્તરીય પંચાયતીરાજ અમલમાં છે?
 - ત્રિસ્તરીય
5. ચાર સ્તરીય પંચાયતીરાજ ક્યા રાજ્યમાં અમલમાં છે?
 - પશ્ચિમ બંગાળ
6. લોકસભાની ચૂંટણી માટે ગુજરાતમાં તાજેતરમાં કેટલુ મતદાન થયું?  - 63.67%
7. આયુષ્યમાન ભારત યોજના લોન્ચ ક્યારે થઈ હતી?
 - 23 સપ્ટેમ્બર, 2018
8. શ્રીલંકાની હાલની રાજધાની જણાવો?  - શ્રીજયવર્ધનપુરાકોટ્ટે

***25 April 2019***

**વિશ્વ મેલેરિયા દિવસ**

- દર વર્ષે 25 એપ્રિલના રોજ વિશ્વભરમાં મેલેરિયા દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસ મેલેરિયા રોગ વિષે જાગરૂકતા ફેલાવવા અને તેને રોકવાના પ્રયાસો કરવાના હેતુથી ઉજવવામાં આવે છે.
- વિશ્વ મેલેરિયા દિવસ મનાવવાનો નિર્ણય વિશ્વ સ્વાસ્થય સંગઠનની સ્વાસ્થય પરિષદના 60માં અધિવેશનમાં કરવામાં

Vivekanand Academy Gandhinagar

આવ્યો હતો.

- દર વર્ષે વિશ્વભરમાં 4.35 લાખ લોકો મેલેરિયાથી મરે છે. આ માટે છેલ્લાં 30 વર્ષથી રસી લાવવાના પ્રયાસ ચાલતા હતા.
- આફ્રિકન દેશોમાં મેલેરિયાથી સૌથી વધુ મોત થાય છે. દર વર્ષે અહીં અઢી લાખ બાળકો આ બીમારીનો ભોગ બને છે.
- દર વર્ષ મેલેરિયા રોગના લીધે આફ્રિકા અને એશિયા ખંડના લાખો લોકો મૃત્યુ પામે છે.
- ડબલ્યુએચઓનું અનુમાન છે કે, દક્ષિણ પૂર્વ એશિયાના કુલ કેસમાંથી 89 ટકા કેસ ભારતના હોય છે.
- 5 વર્ષથી નીચેની વયના બાળકો માટે આ બીમારીનું જોખમ સૌથી વધુ હોય છે.
- મેલેરિયા એનાફિલ્સ નામના માદા મચ્છરના ડંખવાથી થતો રોગ છે.

**વિશ્વની પ્રથમ મેલેરિયા રસી**

- વિશ્વ મેલેરિયા દિવસ નિમિત્તે વિશ્વની પ્રથમ મેલેરિયાની રસી આફ્રિકાના મલાવી દેશમાં લોન્ચ કરવામાં આવી.
- આ રસીનું નામ મોસ્કીરિક્સ રાખવામાં આવ્યું છે.
- આ રસી 5 મહિનાથી બે વર્ષના બાળકો માટે વિકસાવાઈ છે.
- આ રસી બ્રિટિશ ફાર્માસ્યુટીકલ કંપની ગ્લાક્સોસ્મિથકલાઈન દ્વારા PATH મેલેરિયા વૈકિસન એનિશિઈટિવ સાથે મળી તૈયાર કરવામાં આવી છે.
- આ રસી લોન્ચ થવાથી મેલેરિયાથી બાળકોને બચાવવામાં ઘણી મદદ મળશે.
- આ રસી પાયલેટ ટેસ્ટ તરીકે બે વર્ષના સમયગાળામાં 1,20,000 બાળકોને આપવામાં આવશે.

**પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના**

- પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત દેશના 2.10 કરોડ ખેડૂતોના ખાતામાં 2000 રૂપિયાનો બીજો હપ્તો જમા કરવામાં આવ્યો.
- આ યોજના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા ગોરખપુરથી લોન્ચ કરવામાં આવી હતી.

**પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના**

- આ યોજના માટે રૂ. 75000 કરોડનું પેકેજ જાહેર કરવામાં આવ્યું છે.
- યોજના હેઠળ 2 હેકટર સુધીના જમીન ધરાવતા ગરીબ ખેડૂતોને તેમના ખાતામાં દર વર્ષે 6 હજાર રૂપિયા આપવામાં આવશે.
- અંતરીમ બજેટ 2019 દરમ્યાન કિસાનો માટે આ યોજનાની જાહેરાત કરવામાં આવી હતી.
- આ યોજનાનો ફાયદો નાના અને સિમાંત ખેડૂત પરિવારોને મળશે, જેમની પાસે 2 હેકટર સુધીની ખેતીની જમીન છે.
- સરકારે યોજના માટે એક વેબસાઈટ pmkisan.in લોન્ચ કરી છે.

**બજરંગને એશિયન કુસ્તી ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ**

- કોમનવેલ્થ અને એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ વિજેતા તથા વિશ્વ ચેમ્પિયનશિપમાં રજત ચંદ્રક વિજેતા બજરંગ પૂનિયાએ ચીનમાં ચાલી રહેલી એશિયાઈ કુસ્તી સ્પર્ધામાં 65 કિલો ફ્રી સ્ટાઈલ વર્ગમાં ગોલ્ડ મેડલ જીત્યો.
- બજરંગે ફાઈનલમાં કઝાકિસ્તાનના સયાતબેકને 12-7થી હાર આપી હતી.
- થોડા સમય અગાઉ તેઓ 65 કિલોગ્રામ વર્ગમાં વિશ્વના નંબર 1 ખેલાડી બન્યા હતા.
- બજરંગ પૂનિયાનો જન્મ હરિયાણાના ઝજ્જરમાં થયો છે.

**દવાઓ પરના લેબલ અંગ્રેજી ભાષા સાથે હિન્દી અને પ્રાદેશિક ભાષામાં લખવાનો આદેશ**

- તાજેતરમાં કેન્દ્રીય સ્વાસ્થ્ય તથા પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા નકલી, ઓછી ગુણવત્તાવાળી તેમજ એક્સપાયર થયેલ દવા પર પ્રતિબંધ મૂકવાના આદેશ આપ્યા.
- આ સાથે જ તમામ દવાઓ પરના લેબલ અંગ્રેજી ભાષા સાથે હિન્દી અને પ્રાદેશિક ભાષામાં લખવાના આદેશ આપ્યા.
- શરૂઆતના સમયમાં આ આદેશનું પાલન આયરન દવાઓ તેમજ પોલિયોના ટીપામાં લાગુ કરવામાં આવશે.
- દવાઓ પરના લેબલ અંગ્રેજી ભાષા સાથે હિન્દી અને પ્રાદેશિક ભાષામાં લખવાનો આદેશ સફળ રહ્યા બાદ તેને DTABની સલાહ મુજબ અન્ય દવાઓ પર લાગુ કરવામાં આવશે.
- DATB (Drug Techincal Advisory Board) દવાઓ સાથે સંકળાયેલ ટેકનિકલ બાબતો પર નિર્ણય કરતી સર્વોચ્ચ વૈધાનિક સંસ્થા છે.
- તેની સ્થાપના ડ્રગ્સ એન્ડ કોસ્મેટિકસ અધિનિયમ 1940 અંતર્ગત કરવામાં આવી છે.
- આ સંસ્થા કેન્દ્રીય સ્વાસ્થ્ય તથા પરિવાર કલ્યાણ મંત્રાલયમાં Central Drugs Standard Control Organization (CDSCO)ને આધીન કાર્ય કરે છે.

**29મો આબુધાબી આંતરરાષ્ટ્રીય પુસ્તક મેળો**

- સંયુક્ત અરબ અમીરાત ખાતે 29માં આબુધાબી આંતરરાષ્ટ્રીય પુસ્તક મેળાનું આયોજન થયું.
- આ પુસ્તક મેળામાં ભારત “ગેસ્ટ ઓફ ઓનર” છે.

- આ પુસ્તક મેળામાં ભારતના 30થી વધુ પ્રકાશનોએ ભાગ લીધો છે.
- મહાત્મા ગાંધીના જીવન તથા તેના સંઘર્ષને દર્શાવતા પુસ્તકો પણ આ મેળામાં પ્રદર્શન માટે મૂકવામાં આવ્યા છે.
- સંયુક્ત અરબ અમીરાત ખાતે ભારતના રાજદૂત નવદીપસિંહ સુરી દ્વારા અનુવાદ કરવામાં આવેલ પુસ્તક "ખૂની વૈશાખી" પણ આ મેળામાં પ્રદર્શન કરવામાં આવ્યું છે.

1. વિશ્વ મેલેરિયા દિવસ ક્યારે મનાવાય છે? - 25 એપ્રિલ
2. ક્યા મચ્છર કરડવાથી મેલેરિયા રોગ થાય છે?
 - માદા એનાફિલિસ મચ્છર
3. વિશ્વની પ્રથમ મેલેરિયાની રસી ક્યા દેશમાં લોન્ચ કરવામાં આવી? - મલાવી, આફ્રિકા
4. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાની જાહેરાત ક્યારે કરવામાં આવી? - અંતરીમ બજેટ 2019
5. બજરંગ પુનિયા કઈ રમત સાથે સંકળાયેલ છે? - કુસ્તી
6. DTABનું પૂરૂ નામ જણાવો? - Drug Technical Advisory Board
7. 29માં આંતરરાષ્ટ્રીય પુસ્તક મેળાનું આયોજન ક્યાં થયું?
 - અબુધાબી
8. 29માં આંતરરાષ્ટ્રીય પુસ્તક મેળામાં ક્યો દેશ 'ગેસ્ટ ઓફ ઓનર' છે? - ભારત
9. "ખુની વૈશાખી" પુસ્તકનું અનુવાદ કોણે કર્યું? - નવદિપસિંહ સુરી

***26 April 2019***

**ટાઈમ મેગેઝીને વિશ્વના 100 પ્રભાવશાળી લોકોની યાદી જાહેર કરી**

- ટાઈમ મેગેઝીન દ્વારા વર્ષ 2019ની વિશ્વના 100 પ્રભાવશાળી લોકોની યાદી જાહેર કરી.
- આ યાદીમાં નેતાઓ, કલાકારો, દિગ્ગજ વ્યક્તિત્વનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- આ યાદીમાં ભારતના ત્રણ લોકોને સ્થાન મળ્યું છે.
- જેમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી, ભારતમાં એલજીબીટીક્યુ સમુદાયના રાઈટ્સ એક્ટિવિસ્ટસ અને વકીલ અરુંધતિ કાટજુ અને મેનકા ગુરૂસ્વામીનો સમાવેશ થાય છે.
- આ યાદીમાં ભારતીય મૂળના અમેરિકન કોમેડિયન અને ટીવી હોસ્ટ હસન મિન્હાઝને પણ સ્થાન મળ્યું છે.
- આ સિવાય યાદીમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, પોપ ફ્રાંસિસ, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ, પાકિસ્તાનના પ્રધાનમંત્રી ઈમરાનખાન, ફેસબુકના માર્ક જુકરબર્ગનું નામ સામેલ છે.
- ટાઈમ 100માં મુકેશ અંબાણીની પ્રોફાઈલ મહિન્દ્રા ગ્રુપના ચેરમેન આનંદ મહિન્દ્રા દ્વારા લખવામાં આવી છે.
- જ્યારે અરુંધતી કાટજુ અને મેનકા ગુરૂસ્વામીની પ્રોફાઈલ અભિનેત્રી પ્રિયંકા ચોપરા દ્વારા લખવામાં આવી છે.

**ટાઈમ મેગેઝીન**

- ટાઈમ મેગેઝીન એક અમેરિકી સાપ્તાહિક છે જેનું પ્રકાશ ન્યુયોર્કથી કરવામાં આવે છે.
- ટાઈમ મેગેઝીનની શરૂઆત વર્ષ 1923માં થઈ હતી.
- ટાઈમ મેગેઝીન વિશ્વના વિવિધ ભાગોમાં અલગ અલગ આવૃત્તિ પ્રકાશિત કરે છે.
- ટાઈમ મેગેઝીનની એશિયન આવૃત્તિનું સંચાલન હોન્ગકોન્ગ ખાતેથી કરવામાં આવે છે.

**મંગળ પર ભૂકંપના આંચકા**

- નાસાના રોબોટિક લેન્ડર "ઈનસાઈટે" પહેલીવાર મંગળ પર ભૂકંપના આંચકા નોંધ્યા.
- ઈનસાઈટના ભૂકંપમાપક યંત્ર "સિસ્મિક એકસપેરિમેન્ટ ફોર ઈન્ટિરિયર સ્ટ્રકચર" દ્વારા આ ભૂકંપના સંકેતની માહિતી મેળવાઈ હતી.
- Interior Exploration using Seismic Investigations, Geodesy and Heat Transport (Insight-ઈનસાઈટ) એક રોબોટિક લેન્ડર છે.
- મંગળ ગ્રહ પરના આંતરિયાળ વિસ્તારોનો અભ્યાસ કરવા તૈયાર કરાયેલું આ રોબોટિક લેન્ડર 5 મે, 2018ના રોજ રવાના કરાયું હતું. તેણે 26 મે, 2018ના રોજ સફળતાપૂર્વક મંગળ ગ્રહ પર ઉતરાણ કર્યું હતું.
- ઈનસાઈટ રોબોટિક લેન્ડર લોકહિડ માર્ટન કંપની દ્વારા ડિઝાઈન કરાયું હતું. જેનું સંચાલન નાસાની જેટ પ્રોપુલસન લેબોરેટરી દ્વારા કરવામાં આવે છે.
- ઈનસાઈટનો હેતુ મંગળ ગ્રહ પર સિસ્મોમીટર મૂકીને ભૂકંપની ગતિવિધિ નોંધવાનો, સમગ્ર વિસ્તારનું ચોક્કસ થ્રીડી મોડલ મોકલવાનો તેમજ મંગળની સપાટી નીચેની ગરમી માપવાનો છે.
- આ માહિતીની મદદથી વિજ્ઞાનીઓ મંગળના ઉદભવ વિશે વધુ ચોક્કસ માહિતી મેળવી શકશે.

**સ્ટાર્ટઅપ બ્લિંક રેન્કિંગ**

- સ્ટાર્ટઅપ બ્લિંકએ તાજેતરમાં 100 દેશોનો સ્ટાર્ટઅપ એનવાયરમેન્ટ આધાર પર રેન્કિંગ જાહેર કર્યા.
- આ રેન્કિંગ 61000 સ્ટાર્ટઅપ, 500થી વધુ એક્સલેરેટર્સને 1400 કો-વર્કિંગ સ્પેસ ડેટા આધારે તૈયાર કરવામાં આવ્યો છે.
- આ રેન્કિંગમાં ટોપ પાંચ દેશોમાં અમેરિકા, યુનાઈટેડ કિંગડમ,

કેનેડા, ઈઝરાયલ અને ઓસ્ટ્રેલીયાને સ્થાન મળ્યું છે.

- ભારત આ રેન્કિંગમાં 17માં સ્થાને છે, ગયા વર્ષે ભારત 37માં સ્થાને હતું.
- આ રેન્કિંગમાં ચીન 27માં સ્થાને છે.

**રશિયાએ વિશ્વની સૌથી મોટી સબમરીન બનાવી**

- રશિયાએ વિશ્વની સૌથી લાંબી સબમરીન 'બેલગોરોડ'ને પોતાના નૌકાદળના કાફલામાં સામેલ કરી.
- 604 ફૂટ લાંબી બેલગોરોડમાં 6 પરમાણુ શસ્ત્રોથી સજ્જ ટોરપીડો લગાવાયા છે.
- આ ટોરપીડો 2 મેટાટન વિસ્ફોટક પોતાની સાથે લઈ જવા સક્ષમ છે.
- 2 મેટાટન વિસ્ફોટકની ક્ષમતા જાપાનના હિરોશિમામાં ફૂટેલા બોમ્બથી 130 ગણી વધુ છે.
- રશિયાની આ બેલગોરોડ સબમરીનનું સૈન્ય પરીક્ષણ આવતા વર્ષે શરૂ થશે. તેની તૈનાતી 2021માં થશે.

**ઈન્ડોનેશિયામાં રામાયણ પર વિશેષ ટપાલ ટિકિટ**

- ભારત અને ઈન્ડોનેશિયાના રાજકીય સંબંધોના સ્મૃતિચિહ્ન તરીકે ઈન્ડોનેશિયામાં રામાયણ પર વિશેષ ટપાલ ટિકિટ જાહેર કરવામાં આવી.
- ટિકિટ લોન્ચિંગના કાર્યક્રમમાં ભારતીય રાજદૂત પ્રદીપકુમાર રાવત અને ઈન્ડોનેશિયાના નાયબ વિદેશમંત્રી અબ્દુરહમાન મોહમ્મદ ફકીર હાજર રહ્યા.
- વર્ષ 2019 દરમ્યાન ભારત અને ઈન્ડોનેશિયાના રાજકીય સંબંધોના 70 વર્ષ પૂરા થઈ રહ્યા છે.
- આ ટપાલ ટિકિટ ઈન્ડોનેશિયાના શિલ્પકાર પદ્મશ્રી બાપક ન્યોમાન નુઅર્તા દ્વારા ડિઝાઈન કરવામાં આવી છે.
- આ ટિકિટમાં રામાયણનું દ્રશ્ય દર્શાવવામાં આવ્યું છે જેમાં જટાયુંને સિતા માતાના રક્ષણનું ચિત્ર છે.
- કાર્યક્રમમાં 1949થી 2019 સુધીના ભારત-ઈન્ડોનેશિયા સંબંધો સાથે જોડાયેલી ઐતિહાસિક પળોને તસવીરોના માધ્યમથી દર્શાવાઈ.
- ઈન્ડોનેશિયા વિશ્વનો સૌથી મોટો મુસ્લિમોની બહુમતીવાળો દેશો છે.

1. ટાઈમ મેગેઝીનની વિશ્વની 100 પ્રભાવશાળી લોકોની યાદીમાં કેટલા ભારતીય છે? - ત્રણ
2. ટાઈમ મેગેઝીનની શરૂઆત ક્યા વર્ષમાં થઈ? - 1923
3. નાસાએ ક્યા લેન્ડર દ્વારા મંગળ પર ભૂકંપના આંચકા નોંધ્યા? - ઈનસાઈટ
4. સ્ટાર્ટઅપ બ્લિંક રેન્કિંગ 2019માં ભારતનો ક્રમ જણાવો? - 17
5. વિશ્વની સૌથી મોટી સબમરીન 'બેલગોરોડ' ક્યા દેશે બનાવી? - રશિયા
6. ક્યા દેશમાં રામાયણ પર વિશેષ ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી? - ઈન્ડોનેશિયા

***27 April 2019***

**રવિન્દ્રનાથ ટાગોર સાહિત્ય પુરસ્કાર 2019**

- તાજેતરમાં રાણા દાસગુપ્તાને રવિન્દ્રનાથ ટાગોર સાહિત્ય પુરસ્કાર 2019 એનાયત કરવામાં આવ્યો.
- તેમને આ પુરસ્કાર તેમની વર્ષ 2010માં પ્રકાશિત થયેલ નવલકથા "સોલો" માટે આપવામાં આવ્યો.
- રવિન્દ્રનાથ ટાગોર સાહિત્ય પુરસ્કાર જીવન પરીવર્તિત કવિતા તથા પુસ્તકોને પુનર્જીવીત કરવાના હેતુથી આપવામાં આવે છે.
- આ પુરસ્કાર વિજેતાને 10000 ડોલર, ટાગોરની મુર્તિ તેમજ સાહિત્યમાં યોગદાન બદલ પ્રમાણપત્ર આપવામાં આવે છે.
- રવિન્દ્રનાથ ટાગોર પુરસ્કારની શરૂઆત વિશ્વ શાંતિને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી કરવામાં આવી હતી.
- આ પુરસ્કાર દ્વારા સંસ્કૃતિ ને સાહિત્યની સુંદરતામાં વધારો થાય છે.
- આ પુરસ્કારની શરૂઆત વર્ષ 2018માં કરવામાં આવી હતી.
- પ્રથમ રવિન્દ્રનાથ ટાગોર પુરસ્કાર "કબીરની સો કવિતા" પુસ્તકને આપવામાં આવ્યો હતો.

**રવિન્દ્રનાથ ટાગોર**

- બંગાળી કવિ, નાટ્યકાર, ચિત્રકાર, સાહિત્યકાર અને ફિલોસોફર રવિન્દ્રનાથ ટાગોરનો જન્મ 7મે 1861ના રોજ કોલકત્તામાં થયો હતો.
- તેમણે 12 વર્ષની ઉંમરે પોતાની પ્રથમ કવિતા લખી હતી.
- ભારતનું રાષ્ટ્રગાન જન ગન મન તેમની રચના છે.
- બાંગ્લાદેશનું રાષ્ટ્રગાન પણ તેમની રચના છે.
- વર્ષ 1913માં તેમના ગીતાંજલી કાવ્યસંગ્રહ માટે નોબલ પારિતોષિક (સાહિત્ય)થી સન્માનીત કરવામાં આવ્યા હતા. તેઓ એશિયાના પ્રથમ નોબલ પારિતોષિક વિજેતા છે.

**આયુષ મંત્રાલય અને CSIR વચ્ચે કરાર**

- આયુષ મંત્રાલય અને વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક અનુસધાન પરિષદ (CSIR) વચ્ચે અનુસંધાન અને શિક્ષા ક્ષેત્રે સહયોગ માટે કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.
- આ કરાર અનુસંધાન, આયુષ સાથે જોડાયેલ નિદાન ઉપકરણો, માઈક્રોબાયોમ બિલિંગ અને માનાંકીકરણ ક્ષેત્રે યોગદાન માટે કરવામાં આવ્યા છે.

Vivekanand Academy Gandhinagar

**દિનાનાથ મંગેશકર પુરસ્કાર**

- તાજેતરમાં દિનાનાથ મંગેશકર પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા.
- આ પુરસ્કાર સંગીત,નાટ્ય, કલા અને સામાજિક કાર્ય ક્ષેત્રે યોગદાન બદલ આપવામાં આવે છે.
- આ પુરસ્કારની શરૂઆત દિનાનાથ મંગેશકરની યાદમાં કરવામાં આવી હતી.
- દિનાનાથ મંગેશકર એક અભિનેતા અને સંગીતકાર હતા.
- આ પુરસ્કાર વિજેતાને 101001 રૂપિયાની રકમ આપવામાં આવે છે.

**પુરસ્કાર વિજેતા**

| કેટેગરી | વિજેતા | કાર્યક્ષેત્ર |
|---|---|---|
| લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ | સલિમખાન | સ્ક્રીપ્ટ રાઈટર અને પ્રોડ્યુસર |
| વિશેષ એવોર્ડ | મધુર ભંડારકર | ફિલ્મ મેકર |
| સંગીત અને કલા એવોર્ડ | સુચેતા ભીડે ચાપેકર | શાસ્ત્રીય નૃત્ય |
| વર્ષનું શ્રેષ્ઠ નાટક | સોયરે સકલ | મરાઠી નાટક |
| મોહન વાદ્ય પુરસ્કાર | ભદ્રકાલી પ્રોડકશન | |
| વાગલિલાસિની પુરસ્કાર | વસંત અબાજી દહકે | મરાઠી કવિ |
| આનંદમય પુરસ્કાર | પંડિત સુરેશ તલવાર | |

**ટિકટોક પરનો પ્રતિબંધ દૂર**

- પોપ્યુલર વીડિયો એપ ટિક ટોક પરનો પ્રતિબંધ હટાવવામાં આવ્યો.
- મદ્રાસ હાઈકોર્ટેની મદુરાઈ બેન્ચના આદેશ અનુસાર આ પ્રતિબંધ હટાવી દેવાયો છે.
- મદ્રાસ હાઈકોર્ટે આ એપ પર પ્રતિબંધ મૂક્યો હતો. ત્યાર પછી ગૂગલ અને એપલના સ્ટોરમાંથી આ એપ હટાવી દેવાઈ હતી. હવે એ ફરી ડાઉનલોડ કરી શકાશે.
- ટિક ટોક પ્રતિબંધ મામલે સુપ્રિમ કોર્ટે મદ્રાસ હાઈકોર્ટના ચુકાદા સામે ફરી વિચાર કરવા કહ્યું હતું.
- મદુરાઈ બેન્ચે આ પ્રતિબંધ હટાવતા કહ્યું કે આ એપ દ્વારા અશ્લીલ અને ખોટું કન્ટેન્ટ દર્શવાય છે તેનાથી બાળકોને અવળી અસર થશે.
- અગાઉ વર્ષ 2018માં ઈંડોનેશિયા દ્વારા આ એપ્લીકેશન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો જે બાદમાં હટાવી લેવાયો.
- નવેમ્બર 2018માં બાંગલાદેશ દ્વારા આ એપ્લીકેશન બ્લોક કરવામાં આવી હતી.
- "ટિક ટોક" એક ચાઈનીઝ એપ્લીકેશન છે. જે વર્ષ 2016માં બાઈટડાંસ નામની ચાઈનીઝ કંપની દ્વારા લોન્ચ કરવામાં આવી હતી.

**એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ 2019**

- તાજેતરમાં એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ 2019નું સમાપન થયું.
- એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપનું આ 23મું આયોજન કતારના દોહા ખાતે થયું હતું.
- આ ચેમ્પિયનશિપમાં ભારત ચોથા સ્થાને રહ્યું હતું.
- ચેમ્પિયનશિપમાં ભારતે 3 ગોલ્ડ, 7 સિલ્વર અને 7 બ્રોન્ઝ મેડલ જીત્યા.
- એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપનું વર્ષ 2017માં આયોજન ભારતના ભુવનેશ્વરમાં થયું હતું.

**ચેમ્પિયનશિપમાં ભારતની મુખ્યજીત**

- ગોમતી મરીમુથુ – 800 મીટર મહિલા દોડમાં ગોલ્ડ મેડલ
- તેજિંદર પાલ સિંહ – શોટપુટમાં ગોલ્ડ મેડલ
- પી.યુ. ચિત્રા – 1500 મીટર દોડમાં ગોલ્ડ મેડલ
- અજયકુમાર સરોજ – 1500 મીટર પુરૂષ દોડમાં સિલ્વર મેડલ
- દૂતિ ચંદ – 200 મીટર મહિલા દોડમાં બ્રોન્ઝ મેડલ
- પ્રાચિ, એમ.આર. પુવમ્મા, સરિતા ગાયકવાડ અને વિ.કે. વિસ્મય – મહિલા રિલે 4x400માં સિલ્વર મેડલ
- કુન્હુ, કે.એસ. જીવન, મહોમ્મદ અનસ અને આરોકીયા રાજીવ – પુરૂષ રીલે 4x400માં સિલ્વર મેડલ

1. રવિન્દ્રનાથ ટાગોર સાહિત્ય પુરસ્કાર 2018 વિજેતા જણાવો? - રાણા દાસગુપ્તા
2. પ્રથમ રવિન્દ્રનાથ ટાગોર પુરસ્કાર ક્યા પુસ્તકને એનાયત થયો હતો? - કબીરની સો કવિતા
3. દિનાનાથ મંગેશકર પુરસ્કાર વિજેતા સલિમખાનનું કાર્યક્ષેત્ર જણાવો?- સ્ક્રીપ્ટ રાઈટર અને પ્રોડ્યુસર
4. ટિક ટોક એપ ક્યા દેશ દ્વારા બનાવવામાં આવી હતી? - ચીન
5. એશિયન એથ્લેટિક ચેમ્પિયનશિપ 2019નું આયોજન ક્યાં થયું હતું? - દોહા, કતાર
6. ગોમતી મરીમુથુનું કાર્યક્ષેત્ર જણાવો? - દોડ

***28 April 2019***

**"મેરા ઈન્ડિયા" – ભારતીય મેડિકલ અનુસંધાન પરિષદ**

- તાજેતરમાં ભારતીય મેડિકલ અનુસંધાન પરિષદ દ્વારા "મેરા

ઈન્ડિયા" અભિયાન લોન્ચ કરવામાં આવ્યું.

- MERA INDIA – Malaria Elimination Research Alliance India
- આ અભિયાનનો ઉદ્દેશ્ય વર્ષ 2030 સુધીમાં ભારતને મેલેરિયા રોગથી મુક્ત કરવાનો છે.
- દર વર્ષે વિશ્વભરમાં 4.35 લાખ લોકો મેલેરિયાથી મરે છે. આ માટે છેલ્લાં 30 વર્ષથી રસી લાવવાના પ્રયાસ ચાલતા હતા
- મેલેરિયા એનોફિલ્સ નામના માદા મચ્છરના ડંખવાથી થતો રોગ છે.

**દરવીર સિંહ સુહાગ – સેશલ્સ ખાતે ભારતીય ઉચ્ચાયુક્ત**

- ભારતીય સેનાના પૂર્વ પ્રમુખ દલવીર સિંહ સુહાગને સેશલ્સ ખાતે ભારતના ઉચ્ચાયુક્ત નિયુક્ત કરવામાં આવ્યા.
- દલવીર સિંહ સુહાગે ભારતીય સેનાના 26માં પ્રમુખ તરીકે વર્ષ 2014થી 2016 સુધી સેવા આપી હતી.
- તેમનો જન્મ હરિયાણાના ઝજ્જર ખાતે થયો હતો.
- તેમને ભારતીય સેનામાં ઉત્કૃષ્ઠ યોગદાન બદલ પરમ વિશિષ્ટ સેવા મેડલ, ઉત્તમ યુધ્ધ સેવા મેડલ, અતિ વિશિષ્ટ સેવા મેડલ, વિશિષ્ટ સેવા મેડલ, લીઝન ઓફ મેરીટ જેવા સન્માન આપવામાં આવ્યા છે.
- સેશલ્સ હિન્દ મહાસાગર વચ્ચે આવેલ એક દ્વીપ દેશ છે. જેનું ક્ષેત્રફળ 459 વર્ગ કિલોમીટર છે.

**અભિષેકે શૂટિંગ વર્લ્ડ કપમાં ગોલ્ડ મેડલ જીત્યો**

- અભિષેક વર્માએ શૂટિંગ વર્લ્ડ કપમાં ગોલ્ડ મેડલ જીત્યો છે.
- અભિષેકે 10 મીટર એર પિસ્તોલમાં ગોલ્ડ મેડલ જીતવાની સાથે ભારતને ઓલિમ્પિક ક્વોટા પણ અપાવી દીધો છે.
- અભિષેકે આ વર્ષે ફેબ્રુઆરીમાં દિલ્હીમાં યોજાયેલા વર્લ્ડ કપથી ડેબ્યૂ કર્યું હતું.
- અભિષેકે ગતવર્ષે એશિયન ગેમ્સમાં બ્રોન્ઝ જીત્યો હતો.
- અભિષેક વર્લ્ડ કપમાં 10 મીટર એર પિસ્તોલમાં ગોલ્ડ જીતનાર ચોથો ભારતીય છે.

**ચીનથી આયાત થતા દૂધ ઉત્પાદન પરનો પ્રતિબંધ**

- ભારતે ચીનથી આયાત થતાં દૂધ ઉત્પાદન પરનો પ્રતિબંધ વધાર્યો.
- આ અગાઉ મૂકવામાં આવેલ પ્રતિબંધ 23 એપ્રિલ, 2019ના રોજ સમાપ્ત થયેલ હતો.
- ભારત વિશ્વનો સૌથી મોટો દૂધ ઉત્પાદનનો ઉત્પાદક અને ઉપભોક્તા દેશ છે.
- દેશના આયાત અને નિકાસ પ્રત્યેના સમગ્ર નિયમો અને તેના નિર્ણયો વિદેશી વ્યાપર નિર્દેશાલય દ્વારા લેવામાં આવે છે.
- ચીનથી આયાત કરવામાં આવતા દૂધ ઉત્પાદનોમાં મેલેમાઈન નામનું ઝેરી રસાયણ જોવા મળે છે.
- આ રસાયણને લીધે ભારતે ચીનના દૂધ ઉત્પાદન પરનો પ્રતિબંધ લગાવ્યો હતો.

**વિશ્વ બૌદ્ધિક સંપતિ દિવસ – 26 એપ્રિલ**

- દર વર્ષે 26 એપ્રિલના રોજ વિશ્વ બૌદ્ધિક સંપતિ દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાની શરૂઆત વિશ્વ બૌદ્ધિક સંપતિ સંગઠન દ્વારા વર્ષ 2000માં કરવામાં આવી હતી.
- આ દિવસ કોપીરાઈટસ, ટ્રેડમાર્ક અને ડિઝાઈનના મહત્વ વિષે લોકોને જાગરૂક્ત કરવા માટે મનાવવામાં આવે છે.
- વર્ષ 2019 થીમ – Reach for Gold – IP and Sports

**વિશ્વ બૌદ્ધિક સંપતિ સંગઠન**

- વિશ્વ બૌદ્ધિક સંપતિ સંગઠન સંયુક્ત રાષ્ટ્રની એક એજન્સી છે.
- તેની સ્થાપના વર્ષ 1967માં થઈ હતી.
- તેનુ મુખ્યમથક સ્વિત્ઝર્લેન્ડના જીનીવા ખાતે આવેલ છે.
- હાલ વિશ્વ બૌદ્ધિક સંપતિ સંગઠનમાં ભારત સહિત 188 સભ્ય દેશ છે.

1. તાજેતરમાં ભારતને મેલેરિયા મુક્ત કરવા ક્યુ અભિયાન શરૂ થયું? - મેરા ઈન્ડિયા
2. MERA INDIAનું પુરૂ નામ જણાવો?
 - Malaria Elinimation Research Alliance India
3. સેશલ્સ ખાતે ભારતીય ઉચ્ચાયુક્ત તરીકે કોની નિમણૂક થઈ?
 - દલવીરસિંહ સુહાગ
4. અભિષેક વર્મા કઈ રમત સાથે સંકળાયેલ છે? - શુટર
5. વિશ્વ બૌદ્ધિક સંપતિ દિવસ ક્યારે મનાવાય છે? - 26 એપ્રિલ

***29 April 2019***

**ઈન્ટરનેશનલ ડાન્સ ડે**

- દર વર્ષ 29 એપ્રિલના રોજ ફ્રેંચ બેલે ડાન્સર જીન જ્યોર્જીયસ નોવેરની યાદમાં ઈન્ટરનેશનલ ડાન્સ ડે મનાવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાની શરૂઆત વર્ષ 1982થી થઈ હતી.
- વર્ષ 2019 થીમ – Dance and Spirituality
- ભારત જેવા સાંસ્કૃતિક વિરાસત ધરાવતાં દેશમાં લોકનૃત્ય અને શાસ્ત્રીય નૃત્ય જેવી મજબૂત પરંપરા વિકાસ પામી છે.
- શાસ્ત્રીય નૃત્યોમાં ભારતનાટ્યમ, કથ્થક, મણિપૂરી, ઓડિસી, કુચીપુડી જેવા નૃત્યો સાથે ભાગવતમેલનાટકમ, ચાક્યાકુથુ,

કુડિયેટમ, રામનાટયમ જેવા ઓછાં પ્રચલિત નૃત્યો વિકાસ પામ્યા છે.

**ફેનિ ચક્રવાત**

- ❖ હવામાન વિભાગે દેશના દક્ષિણ રાજ્યોમાં ચક્રવાતી તોફાન ફેની માટે એલર્ટ જાહેર કર્યું છે.
- ❖ હિન્દ મહાસાગર અને બંગાળના અખાતમાંથી ઉદભવેલા દબાણને કારણે આગામી 24 કલાકમાં ભયંકર તોફાન સર્જાવાની આશંકા છે.
- ❖ બાંગ્લાદેશના સૂચનને કારણે આ તોફાનનું નામ ફેની રાખવામાં આવ્યું છે.
- ❖ આ ચક્રવાતની શરૂઆત ઈંડોનેશિયાના સુમાત્રા દ્વીપથી થઈ હતી.
- ❖ તામિલનાડુ ઉપરાંત પુડુચેરી, મન્નાર, કેરળ, આંધ્રમાં 30 થી 50 કિમીની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.
- ❖ પ્રાદેશિક હવામાન કેન્દ્રના ડાયરેકટર એસ. બાલચંદ્ર

**અર્જુન એવોર્ડ માટે ચાર ક્રિકેટરના નામની ભલામણ**

- ❖ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા અર્જુન એવોર્ડ માટે ચાર ક્રિકેટરના નામની ભલામણ કરી.
- ❖ બીસીસીઆઈએ ઝડપી બોલર મોહમ્મદ શમી, બુમરાહ સ્પિનર, રવિન્દ્ર જાડેજા અને મહિલા ક્રિકેટર પૂનમ યાદવના નામની અર્જુન એવોર્ડ માટે ભલામણ કરી છે.
- ❖ અર્જુન એવોર્ડ કેન્દ્રિય યુવા અને રમત ગમત મંત્રાલય દ્વારા આપવામાં આવતો એવોર્ડ છે.
- ❖ આ એવોર્ડ રમત ગમત ક્ષેત્રે ઉત્કૃષ્ઠ યોગદાન બદલ આપવામાં આવે છે.
- ❖ તેની શરૂઆત વર્ષ 1961માં કરવામાં આવી હતી.

**ભારતીય ક્રિકેટ બોર્ડ**

- ❖ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) ભારતમાં ક્રિકેટનું નિયંત્રણ કરતી રાષ્ટ્રીય સંસ્થા છે.
- ❖ તેની સ્થાપના વર્ષ 1928માં થઈ હતી.
- ❖ બીસીસીઆઈનું મુખ્ય મથક મુંબઈ ખાતે આવેલ વાનખેડે સ્ટેડિયમમાં છે.

**રૂપિયા 20ની નવી ચલણી નોટ**

- ❖ આરબીઆઈ દ્વારા તાજેતરમાં રૂપિયા 20ની નવી ચલણી નોટ જાહેર કરવાની ઘોષણા કરવામાં આવી. બાદમાં જૂની સીરિઝની નોટ ચાલુ રહેશે.
- ❖ આ નોટ મહાત્મા ગાંધી નવી સીરિઝની નોટ છે.
- ❖ રૂપિયા 20ની નવી નોટ પર આરબીઆઈના વર્તમાન ગવર્નર શક્તિકાન્ત દાસના હસ્તાક્ષર હશે.
- ❖ આ નવી નોટ લીલાશ પડતા પીળા રંગની છે.
- ❖ રૂપિયા 20ની આ નવી નોટના આગળના ભાગમાં મહાત્મા ગાંધીની તસવીર અને હિન્દી તેમજ અંગ્રેજી ભાષામાં રૂપિયા 20 અંકે લખેલ છે.
- ❖ જ્યારે પાછળના ભાગમાં ઈલોરાની ગુફાની તસવીર રાખવામાં આવી છે.
- ❖ આ નોટની પહોળાઈ 63મીમી અને લંબાઈ 129 મીમી છે.
- ❖ આ નવી નોટ નોટબંધી બાદ જાહેર થનારી સાતમી નોટ છે.
- ❖ આરબીઆઈએ અગાઉ 10, 50, 100 અને 500 રૂપિયાની નવી નોટ જારી કરેલ છે.
- ❖ આ સિવાય 200 અને 2000 રૂપિયાની નોટ પણ જારી કરવામાં આવી છે.

**આરબીઆઈ**

- ❖ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ની સ્થાપના 1 એપ્રિલ, 1935ના રોજ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એકટ 1934 અંતર્ગત થઈ હતી.
- ❖ આરબીઆઈની સ્થાપનામાં બાબાસાહેબ આંબેડકરની મુખ્ય ભૂમિકા હતી.
- ❖ તેમણે હિલ્ટન યંગ કમિશન સમક્ષ બેંક કઈ રીતે કાર્ય કરશે તેની રૂપરેખા રજૂ કરી હતી.
- ❖ શરૂઆતના વર્ષોમાં આરબીઆઈ ખાનગી બેંક તરીકે કાર્યરત હતી બાદમાં 1 જાન્યુઆરી, 1949ના રોજ તેનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હતું.
- ❖ આરબીઆઈ ભારતની મધ્યસ્થ બેંક છે તે દેશની તમામ બેન્કોનું સંચાલન કરે છે.
- ❖ આરબીઆઈ દેશભરમાં કુલ 22 ક્ષેત્રિય કાર્યાલય ધરાવે છે.
- ❖ આરબીઆઈનું મુખ્યમથક મુંબઈ ખાતે આવેલ છે, શરૂઆતના સમયમાં તેનું મુખ્યમથક કોલકત્તા હતું.
- ❖ આરબીઆઈના પ્રથમ ગવર્નર – સર ઓસ્બ્રોન સ્મિથ હતા
- ❖ આરબીઆઈના વર્તમાન ગવર્નર – શક્તિકાન્ત દાસ.
- ❖ તેઓ આરબીઆઈના 25માં ગવર્નરતરીકે 12 ડિસેમ્બર 2018થી આ પદ પર છે.
- ❖ આરબીઆઈની ગુજરાત શાખાનું કાર્યાલય અમદાવાદ ખાતે આવેલ છે.
- ❖ ચલણની દ્રષ્ટિએ 1, 2, 5,10 રૂપિયાના સિક્કાઓ છે અને 5, 10, 100, 500 અને 2000 નોટો ચલણમાં છે.
- ❖ રૂપિયાનું નવું ચિન્હ દેવનાગરી લિપીના ર અને લેટીન Rનું સંયોજન કરીને બનાવવામાં આવ્યું છે.

**ભારતની ચલણી નોટો**

| ચલણ | ચિત્ર |
|---|---|
| 10 રૂપિયા | કોર્ણાકનું સૂર્યમંદિર |
| 20 રૂપિયા | ઈલોરાની ગુફા |
| 50 રૂપિયા | રથ અને હમ્પી |
| 100 રૂપિયા | રાણકી વાવ |
| 200 રૂપિયા | સાંચિનો સ્તુપ |
| 500 રૂપિયા | લાલ કિલ્લો |
| 2000 રૂપિયા | મંગળયાન |

1. ઈન્ટરનેશનલ ડાન્સ ડે ક્યારે મનાવાય છે? - 29 એપ્રિલ
2. 'ફેની ચક્રવાત' નું નામ ક્યા દેશે આપ્યું છે? - બાંગ્લાદેશ
3. અર્જુન એવોર્ડ આપવાની શરૂઆત ક્યા વર્ષમાં થઈ હતી? - 1961
4. રૂપિયા 20ની નવી નોટમાં પાછળ શેનું ચિત્ર છે? - ઈલોરાની ગુફા
5. રૂપિયા 200ની નવી નોટમાં પાછળ શેનું ચિત્ર છે? - સાંચિનો સ્તુપ

***30 April 2019***

**દાદાસાહેબ ફાળકે**

- ❖ હિન્દી ફિલ્મ જગતના પિતા દાદાસાહેબ ફાળકેની આજે જન્મજયંતિ
- ❖ તેમનો જન્મ 30 એપ્રિલ, 1870ના રોજ મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના ત્ર્યંબકેશ્વર ખાતે થયો હતો.
- ❖ દાદાસાહેબ ફાળકેનું મૂળ નામ ધુંડીરાજ ગોવિંદ ફાળકે હતું.
- ❖ તેઓ ફિલ્મનો તકનીકી ભાગ શીખવા માટે જર્મની ગયા હતા.
- ❖ 21 એપ્રિલ 1913ના રોજ તેમની પ્રથમ ફિલ્મ "રાજા હરિશચન્દ્ર" રિલીઝ થઈ હતી.
- ❖ તેમણે મોહિની, ભસ્માસુર,સત્યવાન સાવિત્રી, શ્રી કૃષ્ણ જન્મ જેવી 95થી વધુ ફિલ્મો અને 26 શોર્ટ ફિલ્મો કરી.
- ❖ તેમણે હિન્દુસ્તાની ફિલ્મ કંપનીની સ્થાપના દ્વારા ફિલ્મના વ્યવસાયી સંગઠનનો પાયો પણ નાંખ્યો.
- ❖ હિન્દી ફિલ્મ ક્ષેત્ર દાદાસાહેબ પુરસ્કાર તેમના નામથી અપાય છે.

**ગ્રીન કાર લોન**

- ❖ તાજેતરમાં ભારતીય સ્ટેટ બેન્ક દ્વારા ભારતની પ્રથમ "ગ્રીન કાર લોન" લોન્ચ કરવામાં આવી.
- ❖ આ લોન આપવાનો ઉદ્દેશ્ય લોકોને વિદ્યુત વાહનની ખરીદી પર પ્રોત્સાહન આપવાનો છે.
- ❖ સ્ટેટ બેન્ક દ્વારા પ્રતિ એક લાખ રૂપિયા પર EMI 96 મહિના માટે 1468 રૂપિયા રાખવામા આવ્યો છે.

**ભારતીય સ્ટેટ બેન્ક**

- ❖ ભારતીય સ્ટેટ બેન્ક ભારતની સૌથી મોટી અને સૌથી જૂની બેન્ક છે.
- ❖ તેનું મુખ્યાલય મુંબઈ ખાતે આવેલ છે.
- ❖ વર્ષ 2018માં ફોરચ્યુન ગ્લોબલ 500 યાદીમાં ભારતીય સ્ટેટ બેન્ક 216માં સ્થાને હતી.
- ❖ ભારતીય સ્ટેટ બેન્કની સ્થાપના વર્ષ 1806માં બેન્ક ઓફ કલકત્તા તરીકે થઈ હતી.
- ❖ બાદમાં બેન્ક ઓફ કલકત્તા અને બેંક ઓફ બોમ્બેના વિલીનીકરણ બાદ આ બેન્ક ઈંપિરિયલ બેંક ઓફ ઈન્ડિયા તરીકે ઓળખાતી હતી.
- ❖ ભારતીય સ્ટેટ બેન્કનું નામકરણ વર્ષ 1955માં કરવામાં આવ્યું.

**રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર માટે ભલામણ**

- ❖ રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાએ બજરંગ પૂનિયા અને વિનેશ ફોગાટના નામની ભલામણ રાજીવ ગાધી ખેલ રત્ન પુરસ્કાર માટે કરી.
- ❖ વર્લ્ડ નંબર 1 બજરંગ પૂનિયાએ તાજેતરમાં એશિયન્સ ચેમ્પિ. માં ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- ❖ બજરંગ પૂનિયાનો જન્મ હરિયાણાના ઝજ્જરમાં થયો છે.
- ❖ થોડા સમય અગાઉ તેઓ 65 કિલોગ્રામ વર્ગમાં વિશ્વના નંબર 1 ખેલાડી બન્યા હતા.
- ❖ વિનેશ ફોગાટનો જન્મ હરિયાણાના ભિવાની જિલ્લામાં થયો છે.
- ❖ વિનેશ 2018 એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનારી પ્રથમ ખેલાડી બની હતી.
- ❖ બંને ખેલાડીઓ ઉપરાંત ફેડરેશને રાહુલ અવારે, હરપ્રીત સિંહ, દિવ્યા કાકરાન અને પૂજા ઢાંડાના નામ અર્જુન એવોર્ડ માટે મોકલ્યા છે.
- ❖ નેશનલ રાઈફલ એસો. ઓફ ઈન્ડિયાએ હીના સિદ્ધુ તથા અંકુર મિત્તલના નામ ખેલ રત્ન માટે મોકલ્યા છે.
- ❖ હીના 2013માં વર્લ્ડ કપ ફાઈનલમાં 10 મીટર એર પિસ્તોલમાં સિલ્વર અને 25 મીટર એર પિસ્તોલમાં ગોલ્ડ જીતી ચૂકી છે.

**રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર**

- ❖ રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર ભારતના પૂર્વ પ્રધાનમંત્રી રાજીવ ગાંધીની યાદમાં આપવામાં આવે છે.
- ❖ આ પુરસ્કારની શરૂઆત વર્ષ 1991-92માં થઈ હતી.
- ❖ પ્રથમ રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર વિશ્વનાથ આનંદને આપવામાં આવ્યો હતો.
- ❖ આ પુરસ્કારમાં એક પદક સાથે વિજેતાને 7.5 લાખ રૂપિયા

Vivekanand Academy Gandhinagar

આપવામાં આવે છે.

- આ પુરસ્કાર વિજેતા વ્યક્તિઓને ભારત સરકાર દ્વારા ફ્રી રેલ સેવાનો લાભ આપવામાં આવે છે.

**ભારતીય સેના અને NHCP વચ્ચે MOU**

- ભારતીય સેનાને તાજેતરમાં રાષ્ટ્રીય હાઈડ્રોઈલેક્ટ્રીક પાવર કોર્પોરેશન (NHCP) સાથે MOU કર્યા.
- આ એમઓયુ અંતર્ગત NHCP ચીન અને પાકિસ્તાન સાથેની ભારતીય સરહદ નજીક બોમ્બ અને અન્ય સૈન્ય સામગ્રી માટે જમીનની અંદર સુરંગનું નિર્માણ પાયલોટ પ્રોજેકટ તરીકે કરશે.
- આ સુરંગ 2 વર્ષના સમયગાળામાં તૈયાર કરવામાં આવશે.
- આ પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત ત્રણ સુરંગનું નિર્માણ ચીનની સરહદ પર કરવામાં આવશે જ્યારે એક સુરંગનું નિર્માણ પાકિસ્તાન સરહદ પર કરવામાં આવશે.

**ઈન્ડિયન કોસ્ટગાર્ડ વેસલ સી-441**

- તાજેતરમાં ભારતીય તટરક્ષક દળ દ્વારા સી-441 શીપનું જલાવરણ કરવામાં આવ્યું.
- આ શીપનું જલાવરણ કેરળના તિરુવનંતપુરમના વિઝિંજમ બંદર પરથી કરવામાં આવ્યું.
- તેનું નિર્માણ સ્વદેશીરૂપે લાર્સન એન્ડ ટુબ્રો દ્વારા કરવામાં આવ્યું છે.
- સી-441 શીપ સમુદ્ર દેખરેખ, શોધ અને બચાવ કાર્ય કરશે.

**ભારતે ઈરાનથી ક્રુડ ઓઈલની આયાત બંધ કરી**

- તાજેતરમાં ભારતે ઈરાનથી ક્રૂડ ઓઈલની આયાત બંધ કરવાનો નિર્ણય કર્યો.
- થોડા સમય અગાઉ અમેરિકાએ ઈરાન પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા પરની છૂટ હટાવી.
- ભારત અમેરિકા અને ચીન બાદ વિશ્વનો ત્રીજા ક્રમનો ઓઈલ ઉપભોક્તા દેશ છે.
- હાલ ભારત સૌથી વધુ ક્રૂડ ઓઈલ ઈરાકથી આયાત કરે છે.

1. દાદાસાહેબ ફાળકેનો જન્મ ક્યાં થયો હતો? - નાસિક, મહારાષ્ટ્ર
2. દાદાસાહેબ ફાળકેનું મૂળ નામ જણાવો ? - ધુંડીરાજ ગોવિંદ ફાળકે
3. ભારતની પ્રથમ ‘ગ્રીન કાર લોન’ કોના દ્વારા લોન્ચ કરવામાં આવી? - SBI
4. વિનેશ ફોગટનું કાર્યક્ષેત્ર જણાવો? - કુસ્તી
5. પ્રથમ રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર વિજેતા? - વિશ્વનાથ આનંદ
6. હાલ ભારત સૌથી વધુ ક્રુડ ઓઈલ ક્યા દેશમાંથી આયાત કરે છે? - ઈરાક

Vivekanand Academy Gandhinagar